કુમાર


આવતી
કાલનાં
નાગરિકોનું
માસિક

વર્ષ તેરમું · અંક પાંચમો

વૈશાખ · ૧૯૯૩

તંત્રી · રવિશંકર રાવળ   સંપાદક · બચુભાઈ રાવત

અંક ૧૬૧મો



જોધપુરનું એક દૃશ્ય · ફોટો: સૈયદ-પાલણપુર

મંજૂષા

પરદેશી વસ્તુઓનાં પ્રદર્શન ? હા. હિંદમાં એવાં પ્રદર્શનો ભરો, એમાંના મોટા ભાગની જે વસ્તુઓ આપણો કારીગરવર્ગ પણ સહજ શ્રમ અને અલ્પ મૂડીથી બનાવી શકે એથી તેને પરિચિત બનાવવાની આપણી મોટામાં મોટી જરૂર અને પ્રાથમિક ફરજ છે; જ્યારે તેને બદલે આપણા સાંપ્રદાયિક ઘેલાપણાએ તો 'પરદેશી' નામ સાથે જ એક અદમ્ય સૂગ આપણા માનસમાં ભરી દીધી છે. એ વૃત્તિનો મર્મ અને એના ઉગારની આખી તર્કશ્રેણી 'પરદેશી વસ્તુઓનું પ્રદર્શન'માં રજૂ થઈ હોઇ, આપણી અનેક ભ્રામક કલ્પનાઓનું એ નિરસન કરનારી જણાશે. ◫ જીવનચરિત્ર આ વખતે તુર્કીના તારણહાર આતાતુર્ક કમાલનું રજૂ થાય છે. મુસૉલિનીની ચાણાક્ય બુદ્ધિ અને નીડરતા, હિટલરનાં શિસ્ત અને કડપ, તથા સીઝરનાં દેશદાઝ અને મહત્ત્વાકાંક્ષા એના એકલામાં સમન્વિત બન્યાં છે. એ તાતાર જવાંમર્દની વતનપરસ્તી એનું આખું જીવન વાંચ્યા વિના નહિ સમજાય. ◫ વિખ્યાત ચિત્રકાર એફ. મટાનિયાએ પોતાની પીંછી અને કલમે જગતભરના ઇતિહાસપ્રસંગોને જીવતા કરતી જે એક લેખમાળા ચાલુ કરી છે તેમાંનો એક પ્રસંગ તે આ અંકમાંનો 'ચવિત્રાંબાજ ચિતારો.' ◫ 'અનારોગ્યનાં બે કારણો'માં એનાં બે કારણોનો જ માત્ર ઉહાપોહ નથી;જગતભરના રોગોનું અત્યારે સ્વીકૃત એવું એકમાત્ર વૈજ્ઞાનિક નિદાન પણ તેમાં દર્શાવવામાં આવ્યું છે; જ્યારે 'દીવાસળી'માં માનવસંસ્કૃતિના આરંભથી તે આજ દિવસ સુધીનો એનો ક્રમવિકાસ આલેખાયો છે. ◫ 'હિંદી મહાસાગરને પેલે પાર' ઊપડતા લેખક આ વખતે 'જીવનના પરોઢ'માં નવા જ રંગો આલેખે છે; જ્યારે 'મારી સફર'ના સ્વાભિમાની લેખક પ્રકૃતિનો વધુ ને વધુ સહારો મેળવતા જાય છે. ◫ 'લઘુલિપિ' આ અંક સાથે સંપૂર્ણ થાય છે. એમાં રસ લેનારાઓ માટે આગળ અભ્યાસ વિષેની નોંધ એ પ્રકરણને મથાળે આપેલી છે. ◫ બીજા યે બધા ચાલુ વિભાગો પણ અંકમાં આવી જાય છે.બાકી ત્યારે આ મંજૂષાનો એક જ ખૂણો બાકી રહ્યો ને તે 'માધુકરી'નો.પણ તેતોતમેજાતેકે'દી વળશો.

કુમાર
વૈશાખ ૧૯૯૩
અંક ૧૬૧

મુદ્રક • બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂ. ૩; છુટક નકલના ૧૦ આના. મુંબાઇના એજન્ટો • આર.આર. શેઠની કંપની, અને રી. જમનાદાસની કંપની, પ્રિન્સેસસ્ટ્રીટ; જાહેર ખબરના સોલ એજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ





ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

ઉપર : 'ઘેરી આઇ બદરી'–કુ. ઉષા ઠાકોર (મુંબાઇ); પહેલું ઈનામ

નીચે : 'સંધ્યા'-ભાઈ ચંદુલાલ શાહ (અમદાવાદ); ત્રીજું ઈનામ



મહિયારી

ચિત્રકાર • નંદલાલ વસુ

કુમાર

સુવર્ણભૂમિ!

ઇ. ૧૮૮૧ થી ૧૯૩૧ સુધીમાં આપણા દેશમાં દસ કરોડની વસતિ વધી છે. આમ, પાંત્રીસ કરોડની બનેલી આપણી વસતિનો વાર્ષિક ખોરાક નવ કરોડ ટન ગણાય; પણ તેને બદલે ઉત્પન્ન તો માત્ર છ થી સાત કરોડ ટન જ રહ્યો છે. આપણા દેશના એકત્રીસ કરોડ લોકોની વાર્ષિક આવક પચાસ રૂપિયાથી યે ઓછી છે. દસ કરોડને રોજના બે આનાથી યે ઓછી આવક છે ને ચાર કરોડ તો તદ્દન બેકાર છે.

બે ટંક પૂરું ખાવાનું યે ન પામતા હોય એવા તો અઠ્યાસી ટકા લોકો આપણા દેશમાં છે. અને છતાં યે પોણા કરોડ બાવાઓ ગૂમડાં પેઠે આપણા ઉપર જ આપણે નભાવી રહ્યા છીએ.

નિરક્ષરતાનો તો આ જાણે માનીતો દેશ છે. લાખે એક જ માણસ ઉચ્ચ શિક્ષણ મેળવી શકે છે; જનતાના બાણુ ટકા નિરક્ષર છે; અંત્યજોમાં સેંકડે માત્ર એક જ ટકો શિક્ષણ મેળવે છે.

જગતની વસતિનો સત્તર ટકા ભાગ આપણો દેશ ધરાવે છે, છતાં એની મૂડી તો જગતના પાંચ જ ટકા જેટલી છે.

વર્તમાનપત્રોનું પ્રમાણ આપણા દેશમાં એકસઠ હજારે એકનું આવે છે, જ્યારે અમેરિકામાં ૫૭૦૦એ. એની સરખામણીમાં ઊતરીએ તો આપણા દેશમાં ૩૧૫ વિશ્વવિદ્યાલયો જોઇએ, જેને બદલે માત્ર ૧૮ જ છે. ને તે યે મોટાભાગે સરકાર હસ્તક.

પચાસ લાખ લોકો તો આપણા દેશમા માત્ર ક્ષયના રોગથી પીડાય છે. ચાળીસ લાખ તાવથી મરે છે, જેમાં વીસ લાખ મૅલેરીઆનો ભોગ હોય છે. કૉલેરા, ઇન્ફ્લુએન્ઝા, રક્તપિત્ત વગેરેના દરદીઓનો કંઇ હિસાબ જ નથી. છતાં દુર્ભાગ્ય એ છે કે એ રોગીઓમાં સેંકડે એક જ ટકો વૈદકીય સારવાર મેળવવા જેવી સ્થિતિમાં છે.


ચા, કોલસા, જૂટ ને કેરોસીનનો તો આપણો બધો જ વેપાર યુરોપિયનોના હાથમાં છે. સ્ટીમર કંપનીઓમાં યે એંશી ટકા એમને હસ્તક છે અને બાકીનો પરદેશો સાથેના વેપારનો યે ઘણોખરો કબજો એમના હાથમાં છે.

બધો કાચો માલ આપણો દેશ પેદા કરી શકે છે, છતાં મોટાં યંત્રોથી માંડી રબરનાં નાનાં રમકડાં સુધીની બધી બનાવટો પરદેશથી જ આયાત થયા કરે છે.

પાશ્ચાત્ય દેશોમા અત્યારે 'સિવિલ' અને 'મિલિટરી' જીવન જુદું નથી રહ્યું, ત્યારે આપણા દેશમાં જુઓ તો હજારે નવસો નવાણુ જણ લડાઇ તો શું, પણ લશ્કરી જીવનથી યે વાકેફ નથી રહ્યા.

આપણે લડી શકીએ કે નહિ એ જુદી વાત છે, પણ આપણા પર આક્રમણ થતાં એનો સામનો કરવા પૂરતા યે સંજોગો આપણા હાથમા નથી. સર ફિલિપ ચેટવૂડના કહેલા પ્રમાણે બ્રિટિશ કાફલા આપણી કૂમકે આવે તો જ આપણું રક્ષણ થઇ શકે તેમ છે.

અને આ બધું છતાં યે, જેનો દેશજન પોતાને ભોગવવી જોઇતી આયુનો ત્રીજો ભાગ જ ભોગવી મરતો જાય છે, જેનો ખેડુત દસ અબજના દેવામાં ડૂબેલો છે ને જેનામાં રોગના જંતુઓથી માંડી પરદેશીઓના આક્રમણ સુધીની કશી વસ્તુસ્થિતિનો સામનો કરવાની તાકાત નથી એ આપણા દુર્ભાગી દેશને આપણે સુવર્ણભૂમિ ગણાવી રહ્યા છીએ!



અશોક હર્ષ

સામયિક ચિંતન

પરદેશી વસ્તુઓનું

આપણી રાષ્ટ્રભાવના જાગૃત કરવામાં પરદેશી વસ્તુઓએ જે અમૂલ્ય ફાળો આપ્યો છે તે લક્ષમાં લઇએ, તો એ વસ્તુઓની ખરીદી પાછળ હિંદે ખરચેલું અઢળક દ્રવ્ય કોઇ ઠોઠ નિશાળીઆએ આપવી પડેલી સખ્ત છતાં વાજબી ફી જેવું લાગે છે. એ વસ્તુઓએ આણેલી બેકારીનો ડંખ દરેક હિંદીને એકસરખો ચમક આપે છે; અને તેથી એ વસ્તુઓ તરફનો હિંદી માનસનો પ્રત્યાઘાત લંકાથી હિમાલય સુધીની હિંદની ધોરી નસોમાં એક અવિરત અતૂટ મોજા રૂપે વહે છે.

ખાદીનો સ્ટૉલ જોવા જતી વખતે બધા જોનારાની દૃષ્ટિ એક જ દૃશ્ય જોતી નથી હોતી. કોઇ તેમાં ઋષિજીવનનું દર્શન કરે છે, તો કોઇને એના તાણાવાણામાં રાષ્ટ્રીય એકતા સંકળાતી લાગે છે; કોઇને એમાં ગરીબની રોટીના હર્ષનો ધીમો ચિત્કાર સંભળાય છે, તો કોઇને તે એકવીસમી સદીના વ્યવસ્થિત યંત્રમય સમાજવાદ તરફ ધસતી માનવતાને મોઢેથી પકડી પાછે પગે અઢારમી સદી તરફ ધકેલવાના એક તરંગી માણસના પ્રયાસનું જર્જરિત ખંડિયેર માત્ર લાગે છે. કોઇ તેના તરફ સંતોષની લાગણીથી જુએ છે, કોઇ તેને ભક્તિની નજરે નિહાળે છે અને કોઇ પોતાને જ પામર લાગતા એ દૃશ્ય તરફ જ્ઞાતાની ખુમારીથી હસે છે. એ વખતે હિંદી એ હિંદી નથી હોતો, પણ એકાદ સિદ્ધાંતવાદી હોય છે; અને તેથી એના સિદ્ધાંત સાથે એ વસ્તુનો જે રીતે સુમેળ કે કુમેળ થતો હોય એના પરથી એની દૃષ્ટિનું કેન્દ્ર સ્થિર થાય છે.

પણ જાપાનીઝ નૉવેલ્ટી, ફ્રેંચ ટૉઇલેટ કે જર્મન કારીગરીના સ્ટોર જોતી વખતે બધા વિચાર કરી શકતા જોનારાઓના મગજમાં ચક્કરો એક જ સંવાદી ગતિએ ફરવા માંડે છે; અને એ બધાં યંત્રોમાંથી એક જ ધ્વનિ ઊઠે છે: 'દેશની લૂંટ!' એ વખતે રાષ્ટ્રીય ઉત્કર્ષ માટેના સિદ્ધાંતોમાંના બધા વિરોધ એ એકધારા પંચમ સૂરમાં લય પામી જાય છે, કેમકે વિચારની સૃષ્ટિમાં વિરોધ સંભવી શકે, પણ જીવનની જરૂરિયાતો પૂરતા તો આપણે બધા એક જ સૃષ્ટિમાં રહીએ છીએ. અને એમાં યે રોટીનો વિકટ પ્રશ્ન બધાને એકસરખો મૂંઝવી રહ્યો હોય ત્યારે એ પ્રશ્નનું સંતોષકારક સમાધાન લાવવામાં આ વસ્તુઓ નડતરરૂપ છે એટલું સાદું ભાન આપણી એ પ્રાથમિક જરૂરિયાતની દૃષ્ટિએ જ એ વસ્તુઓને જોવા આપણને પ્રેરે છે.

છતાં શા માટે આપણા એ મહામૂલા ગુરુઓ પાસેથી બધું જ્ઞાન સંપાદન કરી લેવાનું આપણને નહિ સૂઝતું હોય? શા માટે આવી મોંઘી કીમતે મળેલા અનુભવને ચાવીચાવીને રગેરગે પચાવવા જેટલી કંજુસાઇ આપણે કરી નહિ શકતા હોઇએ? શા માટે રાષ્ટ્રીય ઐક્ય જમાવવાના આ અપ્રતિમ સાધનનો સંપૂર્ણ ઉપયોગ કરવાની કલા આપણે બનતી ઉતાવળે હાથ નહિ કરતા હોઇએ?

એનું સાદું કારણ આપણું સાંપ્રદાયિક વેવલાપણું. જે સંકુચિત દૃષ્ટિએ હિંદુને પરદેશગમન કરતાં રોકી એની સૃષ્ટિને નાના વર્તુળમાં મર્યાદિત કરી દીધી છે, જે આભડછેટની બીકે હિંદી પ્રગતિની લગામને જીવતોડ તંગ રાખી છે, એવી જ કોઇ ધૂની ભ્રમિત ભાવનાએ આપણા આજના દેશસેવકમાં,—અંગારાથી દાઝેલાની કલ્પનામાં એ અંગારાની આસપાસ પથરાઇ જાય એવી કોઇ ગ્રંથીઓનું જાળું, બધી પરદેશી વસ્તુની આસપાસ ફેલાવી દીધું છે. આપણો આજનો દેશસેવક પરદેશી વસ્તુનો સ્પર્શ કરતાં અભડાય છે, એના અસ્તિત્વમાં રસ લેતાં શરમાય છે, એ સબંધી વિશેષ વિચાર કરતાં અચકાય છે. પરદેશની વસ્તુમાંની કોઇ ભેજાંફોડ કારીગરી જોતાં તે તેના પર સહૃદયતાપૂર્વક મુગ્ધ થઇ નથી શકતો; એની કલાભાવના 'પરદેશી' એ શબ્દની અદમ્ય સૂગ આગળ બહેર મારી ગઇ હોય છે. તેને ઊલટો તેનો કંટાળો આવે છે કે તેના

પ્રદર્શન

બેકારીના પ્રશ્નની એક જુદી જ બાજુ છેડતા આ લેખમાં જણાવેલા વિચારો પ્રથમ નજરે તો સ્થાપિત સ્વદેશી દૃષ્ટિબિંદુનો વિરોધ કરતા જણાશે. પણ લેખકે દેશના દારિદ્ર્ય અને બેકારી સામે ઊંડી દેશદાઝથી એ રજૂ કર્યા છે તેની ખાત્રી થયા વના નહિ રહે. આજકાલ હજારો તરુણોને આપણી શિક્ષણશાળાઓ છાનની કશી પણ વિચારણા કે ક્રિયાત્મક તાલીમ આપ્યા વિના રઝળતા છોડી છે. તેમના માટે આ વિચારો એક નવી ઉત્તેજના (tonic) થઇ પડશે. અમે ઇચ્છીએ છીએ કે આ દિશામાં વધુ છણાવટ કરનારા સરળ સ્પષ્ટ શૈલીમાં લખાએલા ટૂંકા લેખો બીજા અનુભવીઓ અને વિચારકો આપે. સ્વાનુભવી દૃષ્ટાંતોની ખાસ જરૂર છે. પ્રામાણિક વિરોધને પણ 'કુમાર'માં આદર મળશે.—**તંત્રી**

તરફ તિરસ્કાર છૂટે છે. એ વસ્તુઓ આપણી ગરીબની રહીસહી દોલત લૂંટી જાય છે એ હિસાબ બાદ કરીએ તો એ વસ્તુઓમાં માનવ હૃદયને સ્પર્શે એવું બીજું ઘણું તત્ત્વ હોય છે, અને એ દૃષ્ટિએ એના પર ઘડીભર રાચવામાં કે આફ્રીન થવામાં કાંઇ પાપ ચોંટી જતું નથી. પણ સાદાઇના આદર્શને છેલ્લામાં છેલ્લી કોટિ સુધી પહોંચાડવા મથતા એ દેશનેતાને તો પરદેશી કલકૃતિઓનું એ બધું સૌન્દર્ય વેશ્યાના પ્રલોભનની માફક અનીતિમાન અને ઉત્તેજક લાગે છે, અને તેથી તે તેને ત્યાજ્ય કે અસ્પૃશ્ય ગણે છે.

આથી બન્યું છે એવું કે દેશોન્નતિ માટેના આપણા આખા કાર્યક્રમમાં પરદેશી વસ્તુઓ સંબંધે રસભરી વિચારણા કરવા માટે ક્યાંયે સ્થાન જ રહ્યું નથી. આપણે એમાં માત્ર એટલા પૂરતો જ રસ લઇએ છીએ કે અમુક એક વર્ષમાં, અમુક જાતની, અમુક કીમતની પરદેશી વસ્તુઓ હિંદમાં આવી. આપણા દેશનેતાઓ પોતાનાં ભાષણોમાં મૂકવા માટે આવા થોડા આંકડા.—ખાસ તો કાપડ, ચા, ખાંડ, કેરોસીન, રમકડા વગેરેના—યાદ રાખી કે નોંધી લે છે. અને જાણે દુશ્મનની દોડતી મોટરનો નંબર લખી લીધો એટલે જગ જીત્યા એવા કોઇ ભાવે એ ડાયરીનું પાનું બંધ કરી 'હવે ઝખ મારે છે' એ ભાવમિશ્રિત ગુમાનથી તે એ વસ્તુઓ સામે પીઠ ફેરવે છે! અને એટલેથી જાણે દેશનેતાનો પરદેશી વસ્તુઓ સાથેનો સંબંધ પૂરો થાય છે.

અને પછી એ ડાયરીનો ઉપયોગ સ્વદેશી વસ્તુઓનાં પ્રદર્શનોની ઉદ્ઘાટનક્રિયાઓ વખતે થાય છે. હિંદ ગયે રવિવારે કેટલું આગળ વધ્યું અને આવતા રવિવાર સુધીમાં તેને કેટલું આગળ વધવાનું છે, એ વિષયની ગંભીર, અને જેને સમજવાનું છે તે ન સમજી શકે એવી કૂટ ચર્ચા વખતે એ આંકડા છૂટથી વંચાય છે. મંદિરમાં દેવદર્શન ખુલે એમ આ પ્રદર્શન ખુલે છે માણસો પોતે પહેલાં અનેક વખત છૂટીછૂટી જોઇ ચૂકેલા હોય એવી વસ્તુઓ ત્યાં એકીસાથે મળેલી જોવા ઉમટે છે. ગામડાનો ખેડુત પોતાના પગમાં શોભી રહેલા અખાડ જોડાને પ્રદર્શનના રંગીન ઘોડા પર પણ સ્થાન પામેલા જોઇને આશ્ચર્યથી 'માળું!' કહી દિગ્મૂઢ થાય છે: સવિતા બહેન પોતાના હાથે ભરાએલું વેલબુટ્ટાવાળું મખમલ પોતાના નામના લેબલ સહિત કાચવાળા કબાટમાં દાદથી મૂકાએલું જોઇ ગર્વાય છે; અને પેન્સિલ કે બ્રશ, બાણબત્તી કે સાબુ, છરી કે બટન એવી બેચાર નાચીઝ વસ્તુઓ સમગ્ર હિંદની આવતી કાલની આશા હોય એવા ગર્વભર્યે સ્થાને હસતી પ્રેક્ષકોની હિંદીપણાની ભાવનાને ધીમો રોમહર્ષ ઉપજાવી રહે છે.

અને એ પંપાળેલી કલ્પના સહિત પ્રેક્ષક ઘેર જાય છે. પ્રદર્શન જોવામાં ગાળેલા સમયે તેની કલ્પનાને જ રમાડી છે; તેને વિચાર માટે ખાસ ખોરાક કાંઇ આપ્યો નથી હોતો. તેથી માથેથી એકાદ રાતના અંધકાર પસાર થતાં એ પ્રદર્શનના દર્શનની અસર લુપ્ત થાય છે. એ પછી એ પ્રદર્શન પ્રજાની સ્મૃતિમાં કદાચ રહે તો કોઇ ઉપયોગી સંસ્થા તરીકે નહિ, પણ ભૂતકાળમાં જોએલા એક રસિક દૃશ્ય તરીકે; કેમકે એક પણ માણસના જીવનને એ પ્રદર્શન કોઇ નવી દિશા બતાવી શક્યું નથી હોતું. માલ બનાવનારાઓ એ પ્રદર્શનમાં પોતે બનાવતા હોય એ જાતના માલની કદાચ એકાદ બે જાત તો જોઇ શક્યા હોય, પણ તે તો તેઓ ધંધાદારી પ્રાઇસ લિસ્ટો પરથી પણ જોઇ શકે તેમ હોય છે. માલ વાપરનારાઓ પોતાની દૈનિક

જરૂરિયાતની વસ્તુઓને સ્વદેશીની દિશામાં વાળવાની આછી પ્રેરણા એ બળના જોર નીચે કદાચ અનુભવે; પણ માલની વપરાશને પોતાની દિશામાં આકર્ષવા માટેનું આધુનિક સાધન જાહેરાત હોવાથી અને પરદેશી વસ્તુઓની જાહેરાતો વધુ પ્રબળ હોવાથી, પાછળથી અનેક જાહેરાતોના શોરબકોરમાં આ પ્રદર્શનની તતુડી ડૂબી જાય છે. આમ, આવું સ્વદેશી વસ્તુઓનું પ્રદર્શન બંને દૃષ્ટિએ નિષ્ફળ નીવડે છેઃ માલ બનાવનારના હિતની દૃષ્ટિએ, તેમ જ માલ વાપરનારને સ્વદેશી વાપરવાનું શીખવવાની દૃષ્ટિએ. ખરી રીતે સ્વદેશી વસ્તુઓનું 'પ્રદર્શન'જ માત્ર ન હોઇ શકેઃ એનો તો સાથોસાથ 'પ્રચાર' પણ હોવો જોઇએ. અને કદાચ પ્રદર્શન હોય તો તે ક્ષણિક અસર ઉપજાવી અદૃશ્ય થાય એવું નહિ, પણ સંગ્રહસ્થાનના રૂપમાં સતત યાદ આપી શકે એવું.

પણ હવે તો, પ્રદર્શનોમાં બીજા ગમે તેટલા ફાયદા હોવા છતાં, તેણે એક અક્ષમ્ય રોગ આપણા સમાજમાં ફેલાવ્યો છે તેની નોંધ લીધા વિના નહિ ચાલે. હિંદી માનસનું ઘડતર જ કોઇ એવું થઇ ગયું છે કે જે કોઈ સામાજિક પ્રવૃત્તિમાં તે ઝંપલાવે તેમાં ધાર્મિક છટા વાળી દે. અને તેથી સ્વદેશી માટેના આપણા આગ્રહને આપણે ધાર્મિક રૂપ આપી દીધું છે. આમ, એ આખો વિષય બુદ્ધિને બદલે શ્રદ્ધાનો બની ગયો હોવાથી તેની સામે શબ્દ કાઢવો એ જંગલીપણું મનાય છે, અને તેના ગુણાવગુણની ચર્ચા નિરર્થક ગણાય છે. પરિણામ એ આવ્યું છે કે સ્વદેશી માલની કેટલીક દૂર કરી શકાય એવી અપૂર્ણતાઓને પણ આપણે વધાવી લઇએ છીએ. અને એ ક્રિયા જો એટલેથી જ અટકતી હોત તો તો કાંઈ ચિંતા ન હતી. પણ એની કાર્યકારણની સાંકળ જરા વધુ લાંબી થઇ આપણા કારીગરવર્ગની જડતાને પોષી રહી છે. પોતે બનાવેલો માલ સ્વદેશી છે માટે તે ગમે તેવો હોય તો પણ વાપરવો જ જોઇએ, એ ભ્રામક માન્યતાએ આપણા કારીગરમાં ઓગણીસમી સદીના બ્રાહ્મણની નવી આવૃત્તિ રચવી શરૂ કરી છે. પોતાને દાન આપનારને સ્વર્ગનું વિમાન મળી જવાનું છે માટે પોતાની જાતની એ કલ્પિત સ્વર્ગ કરતાં પણ વધુ કીમતી માનનાર બ્રાહ્મણની માફક, આજનો કારીગર પણ, પોતાની કારીગરીથી સ્વરાજ્ય મળી જવાનું છે એ ભ્રમમાં પોતાને હિંદના હિતનું કેન્દ્ર માની બેસે છે. અને પછી જો તેનું માનસ કાંઇ નરમ તત્ત્વોનું બન્યું હોય તો, ફૂલનો ગજરો આપી ચાર આનાની આશા રાખતા સુધરેલા ભિખારીની માફક, પોતાની સાદી કારીગરીની સારી એવી 'કદર' થાય, કે પોતાને 'ઉત્તેજન' મળે, એમ ખોટી ઓશીંગણ–આશાઓ સેવે છે. અને મગજ જરા કડક બંગાળી હોય, તો આઠ કલાકના દિવસમાં ચાર કલાક બીડી ફૂંકવામાં ગાળ્યા હોવા છતાં, લોઢા કે લાકડાનું સાદું 'ફિટિંગ' કરી આપવા પૂરતી કારીગરીની કીમત સારા એમ.એ.ના પગાર જેટલી આંકે છે! અને આ બંને વસ્તુ અસહ્ય છે તે—અસહ્ય એટલા માટે કે તે બંને જાતનાં માનસ દેશની પ્રગતિમાં જુદીજુદી રીતે આડે આવે છેઃ પહેલું કારીગરોમાં ભિક્ષુકવૃત્તિ અને બેદરકારી જન્માવે છે, અને બીજું સ્વદેશી વસ્તુઓની કીમતમાં અસાધારણ વધારો કરી દે છે.

અને આ સિવાય એક બીજી દૃષ્ટિએ પણ આવાં પ્રદર્શનો દેશની ઔદ્યોગિક પરિસ્થિતિ સુધારવાના પોતાના ધ્યેયથી ચ્યુત થાય છે. મર્યાદિત સંખ્યાની સ્વદેશી વસ્તુઓના દર્શનથી કદાચ કારીગરોમાં હરીફાઈ વધે; પણ એથી તો ટૂંકા ધંધાઓ ઉપર અજુગતું આક્રમણ થાય છે; અને પરિણામે સંકુચિત મર્યાદાના સ્વદેશી ધંધાની સંખ્યામાં ફેર પડ્યા વગર કામ કરનારાની સંખ્યા વધવાથી હિંદમાં નવીન સર્જન થવાને બદલે જૂના સર્જનનું વિવિધ રીતે માત્ર પુનરાવર્તન જ થાય છે. આથી કદાચ કામ કરનારાઓ વધે તોપણ જૂના કામમાં જ ભાગ પડતો હોવાથી એ આખી રમત હિંદની અંદર જ રમાય છે. અને તેથી એકંદરે આપણી સંપત્તિમાં કાઇ સંગીન ઉમેરો થતો નથી.

આપણે સીવણકામનો એક દાખલો લઇએ જોકે સીવણકામ એ કાંઇ સ્વદેશી વસ્તુઓનાં પ્રદર્શનોમાં સામાન્યરીતે બહુ મહત્ત્વનો ભાગ ભજવતું નથી હોતું; પરંતુ આપણે જે સત્ય સમજવાનું છે તેનું એ આબાદ ઉદાહરણ પૂરૂં પાડે છે માટે જ તે પસંદ કર્યું છે. આપણે બહેનોને સીવણકામ શીખવવાની પ્રથા હમણાં હમણાં ચાલુ કરી છે. સીવણકામ એ છાપરાના છાંયા નીચે થઇ શકતું હોવાથી, તેમજ એ કામમાં જોઇતી

બુદ્ધિ, શક્તિ વિગેરે દૃષ્ટિએ તે બહેનોને વધુમાં વધુ માફક આવે એવું હોવાથી, બહેનો જ એ કામમાં પોતાનો ઇજારો જાહેર કરે એ બધી દૃષ્ટિએ ઇચ્છવાયોગ્ય છે. અને સ્ત્રીઓને આર્થિક સ્વાતંત્ર્ય આપવા માટેની આપણી આવતી સદીની યોજનામાં એ આબાદ રીતે બંધબેસતું પણ થાય છે. આ બધી વાત સાચી છે. અને બહેનોને સીવણકામ શીખવવાની યોજનાને આ દૃષ્ટિએ જ જોવાતી હોય તો તે સામે આપણને કાંઈ વાંધો યે ન જ હોય. પણ પોતાની પ્રવૃત્તિની સર્વવ્યાપી મહત્તા સમજાવવા માટે આવી યોજનાના ઉત્પાદકો એમ માની બેસે છે કે આ કાર્યક્રમથી તેઓ હિંદનું અર્થશાસ્ત્ર સુધારી રહ્યા છે. આ છેલ્લી વાત સાદા તર્કથી ખોટી ઠરે છે. સીવણકામ આજે અત્યારે જેટલું જોઈએ તેટલું દરજી લોકો આપણને પૂરું પાડે છે. બહેનો એ કામ શીખે એથી આપણી એ કામ માટેની જરૂરિયાત વધવાની નથી. તેથી બહેનોને કામ તથા તેને અંગેની આવક જરૂર મળવાની, પણ એટલું કામ અને આવક અત્યારના દરજીના વર્ગમાંથી ઓછાં થવાનાં. પરિણામે દરજીઓનો તેના પરનો નિર્વાહ ઓછો થતાં, તેઓ ક્રમેક્રમે બેકાર પડે, અને અત્યારે 'બહેનો' બેકાર છે તેને બદલે 'ભાઈઓ' થાય! આમ, એકંદરે તો બેકારી માત્ર વર્ગબદલો જ કરવાની. ફરીથી કહું કે બહેનોને સીવણકામ શીખવવાની સામે આ જેહાદ નથી. આ ઉદાહરણનો તો આપણે અહીં માત્ર તર્કના હથિયાર તરીકે જ ઉપયોગ કર્યો છે. આપણે એ બધામાં જોવાનું એટલું જ છે કે આપણાં સ્વદેશી પ્રદર્શનોમાંની ઘણી વસ્તુઓને તર્કની આ શ્રેણી લાગુ પડી શકે તેમ હોય છે.

આથી સમજાશે કે દેશની આર્થિક ઉન્નતિનો માર્ગ દેશમાં બનતા કામને વીંખી મારવામાં નથી, પણ દેશમાં ન થતું હોય એવું કામ—જેના પર પરદેશી મજૂરી ચડતી હોય એવું કામ—દેશી કારીગરવર્ગના હાથમાં સોંપવામાં છે. અને આજે ભરાતાં સ્વદેશી વસ્તુઓનાં પ્રદર્શન આ અર્થ કદાપિ સારી શકે તેમ નથી.

આ છેલ્લો ગણાવેલો અર્થ સાધવા માટે તો 'પરદેશી વસ્તુઓનાં પ્રદર્શન'—ખાસ તો હજુ સુધી દેશમાં ન બનતી હોય, છતાં બની શકે તેવી હોય એવી વસ્તુઓનાં—પ્રદર્શન થવાં જોઈએ.

હવે, આવાં પરદેશી વસ્તુઓનાં પ્રદર્શનોની જરૂરિયાત સમજ્યા પછી, તે કેવી રીતે યોજવાં જોઈએ તે નક્કી કરવા માટે, આપણે તેનાથી કયા કયા લાભ મેળવવા માગીએ છીએ તેની સ્પષ્ટ રૂપરેખા દોરવા પ્રયાસ કરીએ.

જોકે આપણો મુખ્ય હેતુ તો બેકાર હિંદીને રોજી મેળવવાના નવા માર્ગ બતાવવાનો છે; પણ એ બેકારીની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને આ હેતુ સાથે સંકળાતાં કેટલાંક નાનાં હિતોને પણ આપણે હિસાબમાં લેવાં પડશે એટલે આ બધી પરિસ્થિતિનો સમગ્રદર્શી ખ્યાલ કરતાં, આવાં પ્રદર્શનોના પ્રસ્તારથી આપણે સાધવાના અર્થની નીચે મુજબ વર્ગણી કરી શકાય.

(૧) હિંદમાં બની શકે એવી જે વસ્તુઓ પરદેશથી આવતી હોય તે બતાવી તે તરફ કારીગરવર્ગનું ધ્યાન ખેંચવું.

(૨) એ વસ્તુઓમાં કયો કાચો માલ કામ લાગે છે તે બતાવવું.

(૩) આવી વસ્તુઓ બનાવવા માટેનો કાચો માલ હિંદમાં ક્યાંક્યાં મળે છે ને મળી શકે તે જણાવવું.

(૪) અટપટી યાંત્રિક કે રસાયણિક ક્રિયામાંથી પસાર થતી વસ્તુઓના ઉદ્યોગ સંબંધે બનતી માહિતી પૂરી પાડવી.

(૫) એ વસ્તુઓ શા ભાવે પોસાય તથા શા ભાવે ખપે છે તે બતાવવું; તેમજ હિંદમાં એ માલની કેટલી માગણી છે તે બતાવવું.

(૬) બની શકે ત્યાં મૂડી અને મજૂરીનો સંયોગ સાધવા યત્ન કરવો.

(૭) તે તે વસ્તુઓનાં વેચાણનાં ક્ષેત્રો સંબંધે પણ માહિતી આપવી, અથવા કારીગર અને વેપારીનો સંયોગ સાધી આપવો.

(૮) હિંદમાં બનતો માલ જ્યાં જ્યાં પરદેશી માલ સામે હરીફાઈમાં ઊભો રહી ન શકતો હોય ત્યાં ત્યાં એની નબળાઈનાં કારણો બતાવવાં.

(૯) આપણા કારીગરવર્ગ સમક્ષ માલની સંપૂર્ણતાનો આદર્શ રજૂ કરવો. એક જ જાતનો માલ કેવાં જુદાંજુદાં રૂપે દેખા દે છે તેનો આબેહૂબ ચિતાર આપવો.

હવે, આપણે આ બધી વિગતો વિષે કાંઈક વિસ્તારથી આવતા અંકમાં વિચાર કરીશું.

(ચાલુ) **હરિકૃષ્ણ વ્યાસ**

મુસૉલિનીની ચાણાક્યબુદ્ધિ અને નીડરતા, હિટલરનાં શિસ્ત અને કડપ તથા સીઝરની દેશદાઝ ને મહત્ત્વાકાંક્ષાના બનેલા વતનપરસ્ત જવાંમર્દની જીવનકથા

મહાયુદ્ધના વિજેતાઓમાં મોખરે એવા અંગ્રેજો ને ફ્રેન્ચોએ આખા તુર્કીને ઓહિયાં કરવાની જ્યારે જાળ રચેલી, ને સુલતાન વહીઉદ્દીને લૉઇડ જ્યૉર્જના રમકડા બની તુર્કીને પાયદસ્તે પહોંચાડવા કેડ બાંધેલી, ત્યારે એના દૂરદૂરના ખૂણામાંથી એક વતનપરસ્તે અવાજ ઉઠાવ્યો, 'તુર્કી અમારૂં છે; સુલતાનનું નહિ. ને તે અમારૂં જ રહેવા દો, નહિતર ફરી યુદ્ધમાં ઊતરવા અમે તૈયાર છીએ.' અને એણે જ તુર્કીને બચાવ્યું. માત્ર બચાવ્યું એટલું જ નહિ, તેને પુનર્જીવન આપ્યું. જગતના દેશોમાં તેની મહત્તા એણે પુનઃસ્થાપિત કરી. એકાદ બે નહિ પણ અનેક વર્ષોથી તુર્કીના પુનરુત્થાનનાં એણે સપનાં સેવેલા: અને એ સઘળાં એણે સિદ્ધ કર્યાં હોઇ, નવા તુર્કીના ઇતિહાસમાં એનું નામ સુવર્ણાક્ષરે લખાયું છે.

તુર્કીનો તારણહાર એ તાતાર જવાંમર્દ તે ગાઝી મુસ્તફા કમાલ પાશા, જેની ચિરંજીવ સેવાઓ યાદ લાવી તુર્ક પ્રજાસત્તાકે હાલમાં જ એને 'આતાતુર્ક'ના અકરામથી નવાજ્યો છે.

તાજા જ ગ્રીક સત્તા હેઠે આવેલા સાલોનિકા પ્રાંતમાં લાકડાના એક નાના સરખા વેપારીને ત્યાં ઈ. ૧૮૮૧માં એનો જન્મ. એના બાપ અલી રીઝાની ઇચ્છા એને વેપારમાં નાખવાની હતી. એની મા ઝુબેદાની ઇચ્છા એને મુલ્લાં બનાવવાની હતી. પણ મુસ્તફાને એ બંનેમાંથી એકે ઇચ્છા ન હતી. ચંઝી એફેન્ડીની શાળામાં ભણતા કોઇ છોકરાને એણે ખૂબ માર્યો ને હુજાએ એને લાકડીથી ફટકાર્યો, ત્યારથી જ એના શિક્ષણનો અંત આવ્યો. બસ. એ જ દિવસે દસ વર્ષનો એ મુસ્તફા, પોતાના બાપના એક મિત્રની લાગવગથી લશ્કરી શાળામાં જઇ નામ લખાવી આવ્યો. એની માએ એને સમજાવ્યો, એના બાપે એને ધમકાવ્યો, પણ તે એક ટળી બે ન થયો તે ન જ થયો. એના સહવિદ્યાર્થીઓએ પણ એને સમજાવવાની કોશિષ કરી જોઇ, પણ એણે તો ચોકખોજવાબ આપી દીધો: 'મારે તમારા જેવા નથી રહેવું;મારે કંઇક જુદા જ થવું છે.'

પ્રાથમિક શિક્ષણ પૂરૂં કરી, સત્તરમે વર્ષે તે મોનાસ્તીરની સીનિયર લશ્કરી શાળામાં દાખલ થયો. ત્યાં મકદુનિયાના ફતેહ નામના વિદ્યાર્થીનો ભેટો થતાં, એની પાસેથી તે ફ્રેન્ચ ભાષા શીખ્યો ને બંને સાથે બેસી વૉલ્ટેર, રૂસો તથા તુર્કીના રાષ્ટ્રકવિ કમાલની કવિતાઓ વાંચતા ક્રાંતિ ને રાષ્ટ્રીયતાનાં આંદોલનોમાં અંગોળવા લાગ્યા અને હમીદી રાજતંત્રનો નાશ કરી પોતે ક્રાન્તિને ધપાવતા હોવાનાં સ્વપ્નાં સેવવા લાગ્યા.

તુર્કીની ગાદી પર, 'લાલ શિયાળ' તરીકે ઓળખાતો અબ્દુલ હમીદ ત્યારે સુલતાન ને ખલીફા હતો. એણે તુર્કીને જેટલું પાંગળું બનાવાય એટલું બનાવી મૂકયું હતું. નવા વિચારપ્રવાહોને એ ઊગતા જ દબાવી દેતો. કોઇ પણ સુધારો આણવા સામે એ નકાર સુણાવી દેતો. આખું રાજ્ય એણે જાસુસી જાળથી છાઇ દીધેલું. ખ્રીસ્તીઓની એ કત્લ કરતો ને તુર્કોથી કેદખાનાં ભરતો. એનું તંત્ર વધુ ને વધુ સડતું જતું હતું, તુર્કી વધુ ને વધુ અંતકાળ નજીક પહોચતું હતું. ને પરદેશી સત્તાઓ તો એ શબવત્ તુર્કીને ચૂંથવા માટે ટાંપીને જ બેઠી હતી.

આટલો સખત દોર છતાં કૉન્સ્ટાન્ટીનોપલથી દૂર પડેલા મોનાસ્તીરમાં તો ક્રાન્તિવાદી વિચારો ખૂબ આયાત થયા કરતા, ને જીવનના ફૂટતા પરોઢમાં જ મુસ્તફા એ બધું પચાવતો જતો. ક્રાન્તિવાદી બધી પ્રવૃત્તિઓમાં યે એ ભાગ લેતો, છતાં પોતાના અભ્યાસમાં એણે કદી સ્ખલન થવા નહોતું દીધું. ગણિતનો તો એ ખાં લેખાતો ને એથી રીઝાઇને એક દિવસ એના શિક્ષકે એને 'કમાલ'નું નામ આપી દીધું. ત્યારથી તે આજ દિવસ સુધી એ તખલ્લુસ એના નામ સાથે જોડાએલું જ રહ્યું છે.

ત્યાંથી પછી કૉન્સ્ટાન્ટીનોપલની યુદ્ધશાળામાં જોડાતાં, પોતાની મર્દદિલીથી કમાલ વધુ આગળ આવ્યો. 'વતન' નામની એક ખાનગી ક્રાન્તિકારી સંસ્થા સ્થાપી, એક પત્ર એણે શરૂ કર્યું. સુલતાનના તંત્રથી ત્રાસી ઊઠેલા લગભગ બધા અફસરો આથી એના તરફ સહાનુભૂતિ ધરાવવા લાગ્યા.

યુરોપના માંદા માણસ જેવા ગણાતા તુર્કીનો એ તાતાર જવાંમર્દ તારણહાર છે

સને ૧૯૦૫માં એ શાળામાંથી કૅપ્ટનની પદવી મળી ગઈ એટલે તો એણે રાજકારણમાં મોકળો ભાગ લેવા માંડ્યો. ત્રાસિત અફસરોની એમાં સહાય મળતી ગઈ. 'વતન'ના સભ્યો રાતોની રાતો ચર્ચામાં વીતાવવા લાગ્યા. સુલતાન અને તેના અણઘડ અમલદારોને એ તુચ્છકારતા, મસીદો અને યતીમખાનસરાઈઓને એ ધિક્કારતા ને એકલા કુરાન પર જ નિર્ભર રહેલા કાનૂનોની પણ નફરત કરતા. ચર્ચાઓને અંતે સ્વેચ્છાચારી શાસનનો અંત લાવી લોકસંમત બંધારણીય સરકાર ઊભી કરવાના બધાએ સોગંદ ખાધા અને તુર્ક સ્ત્રીત્વને મર્દો, મુલ્લાંઓ ને પર્દાપોશીમાંથી મુક્ત કરવાનો બધાએ નિશ્ચય કર્યો.

પણ સુલતાનની જાસુસી આંખથી આ પ્રવૃત્તિ અજાણમાં ન રહી ને એના ખબર કૉન્સ્ટાન્ટીનોપલ પહોંચ્યા. લશ્કરીખાતાના ઉપરી ઇસ્માઇલ હક્કી પાશા પર એ પ્રવૃત્તિ દાબી દેવાનો હુકમ આવ્યો.

હક્કી પાશાને કમાલની શક્તિની પૂરી કદર હતી. કોઈની ટીકા કે તાબેદારી સહન ન કરનાર એ જવાનમાં એણે નવા તુર્કીની આશા જોઈ હતી. એટલે માત્ર નામની ધમકી આપી એણે તેને દમિસ્કની ઘોડેસવાર ટુકડીમાં મોકલી આપ્યો.

પણ કમાલ પર ધમકી, લાલચ કે જેલ કશાની અસર થાય એમ ન હતું. અહીં આવી તે ઊલટો બમણા જોરથી પ્રચાર કરવા લાગ્યો ને બેરૂત, જાફા ને યરૂસાલેમમાં 'વતન'ની શાખાઓ સ્થાપી. સીરિયા કૉન્સ્ટાન્ટીનોપલથી દૂર આવેલું હોઈ તેની બધી પ્રવૃત્તિ અનિયંત્રિત ચાલવા લાગી. તેનામાં હવે યુવાનીના આવેગ સાથે ગણત્રી ને સ્થિર ચિંતન પણ આવ્યાં હતાં.

કૉન્સ્ટાન્ટીનોપલ જેમ જ અહીં પણ બધા અમલદારો અસંતુષ્ટ હતા. કમાલે મકદુનિયાને પોતાની પ્રવૃત્તિના કેન્દ્ર તરીકે નક્કી કર્યું અને છૂપે વેશે સાલોનિકા ઊપડ્યો. ચાર માસ ત્યાં રહી ક્રાન્તિને તેણે પૂર વેગ આપ્યો, પણ સુલતાનના જાસુસોએ તેને ઓળખી લીધો ને તરત કૉન્સ્ટાન્ટીનોપલથી તેને પકડવાનો હુકમ છૂટ્યો. સાલોનિકાનો ગવર્નર જનરલ જમાલ 'વતન'નો સભ્ય હતો. તેણે કમાલને ચોરીછૂપીથી દમિશ્ક મોકલી આપ્યો ને કમાલ ત્યાં હોવાની



આતાતુર્ક મુસ્તફા કમાલ

મિત્રો વિનાના, કુટુંબ વગરના એ એકાકી સરમુખત્યારનું તુર્કી જ માત્ર કુટુંબ છે, અને તે જ્યાંસુધી પગભર ન થાય ત્યાંસુધી એ એને છેહ દેનાર નથી. એના કહેવા પ્રમાણે એ ત્યારે જ નિવૃત્ત થશે જ્યારે એના તુર્કીને કુરાનની યે જરૂર નહિ રહે ને કાર્લ માર્ક્સની યે નહિ.

એનામાં જે જોશ, જવાંમર્દી ને જાંનિસારી છે તે આજના કોઈ સરમુખત્યારમાં નથી

સુલતાનને ના લખી મોકલી. સીરિયાના મુરીદ લુત્ફી-ને અહમદ બેએ પણ લખ્યું કે કમાલ અહીંથી ક્યાંય ગયો નથી ને પોતાનું કામ સંપૂર્ણ વફાદારીથી બજાવે છે. પોતાનાં જાસુસોએ થાપ ખાધી હોવાનું માની, સુલતાન અબ્દુલ હમીદે પોતાનું મન મનાવ્યું અને વફાદાર (!) કમાલ સીરિયન લશ્કરમાં 'ઍડ્જ્યુટન્ટ ટુ ધ સ્ટાફ' નિમાયો.

ત્યાં થોડો વખત રહી કમાલે પોતાની બદલી સાલોનિકા કરાવી. ક્રાન્તિના એ મુખ્ય મથકે રહી તે નવી ને નવી યોજનાઓ ઘડવા લાગ્યો. બીજા અફસરો સાથે મોડી રાત સુધી તે પોતાના ઘરમાં ચર્ચાઓ ચલાવ્યે રાખતો. તેનો પિતા ત્યારે જિન્નત-નશીન થએલો, પણ તેની મા ઝુબેદા ને તેની બ્હેન મકબુલાને તેની આ પ્રવૃત્તિ ગમી નહિ. તેના કાકા ને કાકીઓ પણ તેને તેમાંથી વાળવા લાગ્યા. તુર્કી એ જ જેણે પોતાનું સર્વસ્વ ગણ્યું હતું, તેનાથી તેને માટેના આ પ્રયાસોમાં થતી આ દખલગીરી બરદાસ્ત ન થઇ શકી. બીજી બાજુ મા-બેનનાં આંસુ પણ એટલાં જ અસહ્ય હતાં. કમાલે વચલો માર્ગ લીધો. તેણે ઘર મૂકી દીધું અને વાત્સલ્ય તથા આજ્ઞાંકિતતાની સહજ લાગણીઓમાંથી અલિપ્ત રહેવા તેણે એકલ-વાયું જીવન સ્વીકાર્યું.

અહીં તેને માલૂમ પડ્યું કે પોતે સ્થાપેલ 'વતન' કરતાં યે 'ઐક્ય ને પ્રગતિ સમિતિ'એ લોકોમાં મોટો પગપેસારો કર્યો હતો. એક દિવસ એ સમિતિમાં તેને આમંત્રણ અપાયું ને સહકારની આશાએ કમાલ ત્યાં ગયો. તેણે જોયું કે બધા આંતરરાષ્ટ્રીયતાની વાતોમાં જ ગૂંચવાયા હતા. તેને એ ન ગમ્યું. તુર્ક તરીકે મગરૂબી લેનારની પહેલી ફરજ તુર્કીને મુક્ત કરવાની હતી એમ તે માનતો. તેને સિદ્ધાંતો નહોતા જોઇતા, સિદ્ધાંતમય આચરણ જોઇતું હતું. એટલે તેમાંના કોઇ તરફ તેને અનુરાગ ન ઊપજ્યો. 'કાં તો સમિતિને મારું કહ્યું કરતી કરવી જોઇએ, યા તો મારે તેનાથી છૂટું થવું જોઇએ.' એ નજરે, બધા જાણે પોતાના શિષ્યો હોય એમ તે વર્તવા લાગ્યો. સ્પષ્ટ વક્તૃત્વવાળી તેની જબાન બધાને તીખી લાગવા માંડી ને સમિતિએ એથી પોતાના કારોબારી મંડળમાં તેને પ્રવેશવા ન દીધો. સ્વાભિમાની કમાલ તુર્ત તેમાંથી રાજીનામું આપી છૂટો થયો.

સારો દેશ જ્યાં એકસરખી જ રીતે ધૂંધવાઇ રહ્યો હોય, ત્યાં આગ ક્યાંથી ફૂટશે એ કદી નક્કી ન કહી શકાય. તુર્કીમાં પણ એમ જ થયું. જેનામાટે રાહ જોવાતી હતી એ ક્રાંતિની આગ ઓચિંતી ફાટી નીકળી. દક્ષિણ મકદૂનિયામાં નિયાઝીએ માથું ઊંચક્યું અને તે સાથે જ પૂર્વમાં ઐક્ય અને પ્રગતિ સમિતિના પ્રધાન અનવરે બળવો જગાવ્યો. ઊકળી રહેલા એક પછી એક તુર્ક તેમાં ભળતા ગયા. તેમનું લશ્કર કૉન્સ્ટાન્ટીનોપલમાં દાખલ થઇ ગયું ને સુલતાન નિરૂપાય બન્યો. અનવરને વડો પ્રધાન નીમી તેણે પાર્લામેન્ટરી શાસન ફરજિયાત દાખલ કર્યું.

અનવરે કૅબિનેટ રચી પણ કમાલને તેના ઉદ્દામ વિચારોને લઇ તેમાં સ્થાન ન આપ્યું. કમાલે કંઇ ઊહાપોહ ન કર્યો. પોતે જેના પર આધાર રાખી શકે એવું ઓજાર જ્યાં સુધી હાથ ન આવે ત્યાં સુધી જૂલિયસ સીઝર જેમ રાહ જોવાનું તેણે યોગ્ય ધાર્યું. તેને પૂરતી ખાત્રી હતી કે આ લોકોથી તુર્કીનો કંઇ શુક્કરવાર વળવાનો નથી.

અનવરને તેની તીખી જબાન ને તાબેદારીનો અભાવ નાપસંદ હતાં. આથી તેણે તેને ચાલુ સૈનિક જીવનમાં ધકેલી દીધો. આ નિવૃત્તિનો લાભ લઇ, કમાલ નેપોલિયન અને મોલ્ટ્કેના યુદ્ધસાહિત્યનો અભ્યાસ કરવા લાગ્યો. જર્મનીએ એ વખતે બગદાદ રેલવે ખરીદી લીધી હતી. દેશદ્રોહી યહૂદી નાણાંશાસ્ત્રી જાવિદે એ વેચી હતી ને બીજા હક્કો યે વેચવા તે તૈયાર હતો.

એવામાં ૧૯૧૨માં તુર્કી પર વળી નવી આફત આવી. બધાં બાલ્કન રાજ્યો એકીસામટા તુર્કી વિરુદ્ધ ઊઠી પડ્યા ને કૉન્સ્ટાન્ટીનોપલ રાખી બાકી બધું હવાલે કરી દેવાનું તેમણે જણાવ્યું. કમાલના અભિપ્રાયો અનવરથી ઘણા વિરુદ્ધ એટલે તે અનવરથી દૂર જ રહેતો, પણ હવે અનવરને તેની જરૂર પડી. તે ત્યારે ટ્રિપોલીમાં ઇટાલિયનો સામે લડી રહ્યો હતો. અનવરે ઇટલીથી સુલેહ કરીને તેને મદદમાં બોલાવી લીધો. ગૅલીપોલીમાં બલ્ગેરિયનોની આગેકૂચ રોકવા કમાલે તનતોડ મહેનત લીધી ને અનવરે આડ્રિયાનોપલ બચાવ્યું; આખરે બાલ્કન રાજ્યો પાછાં પડ્યાં.

લોકોએ અનવરને ગાઝી તરીકે વધાવી લીધો.

કમાલ લેફ્ટેનન્ટ કર્નલ બનાવાયો. અનવરની હવે આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા જામી. તેણે લશ્કરની પુનર્વ્યવસ્થા કરવાનું કામ હાથ લીધું ને એ માટે તેણે જર્મન મિલિટરી મિશનની નીમણુક કરી.

પરદેશીઓના હાથમાં લશ્કર મૂકી દેવામાં જેટલી મૂર્ખાઇ હતી એટલી જ તુર્કીની હીણપત હતી, તુર્કી તરફની બેઇમાની હતી ને અનવરના હાથમાં સત્તા મૂકી નચિંત બનનારાઓની બેદર્કારી હતી. મુસ્તફા કમાલે આનો સખ્ત વિરોધ કર્યો, પણ પરિણામ એ આવ્યું કે એ ઝેર બીજા અમલદારોમાં ન પ્રસરે એટલા ખાતર અનવરે તેને સૈનિક દૂત (Military Attache) તરીકે દૂર સોફાયા મોકલાવી દીધો.

ત્યાં તો ૧૯૧૪ની સાલ આવી ને જગવિખ્યાત મહાયુદ્ધ ફાટી નીકળ્યું. અનવરે જર્મનીનો પક્ષ લીધો. દૂર બેઠેલા કમાલને આ બેવકૂફી ન ગમી, કારણ જર્મની જીતે તો તુર્કીને ચોક્કસ પોતાના ઉપગ્રહ જેવું બનાવી દેવાની વકી હતી ને હારે તો તો તુર્કી જેવી બરબાદી બીજા કોઈ દેશની નહોતી થવાની.

છતાં મહત્ત્વાકાંક્ષી કમાલે સૈનિક તરીકે તો યુદ્ધમાં જોડાવાની જ પોતાની ફરજ જોઇ. અનવરને તે માટે એણે તાર કર્યો, પણ કશો જવાબ ન મળ્યો. બીજો તાર કર્યો કે 'યુદ્ધમાં જવા જેટલી મારી લાયકાત તમને ન જણાતી હોય તો તેવું સાફસાફ જણાવો.' પણ તેનો યે કશો ઉત્તર ન આવ્યો.

૧૯૧૫ના જાન્યુઆરીની ચોથીએ સરીકામિશ ખાતે તુર્કીએ હાર ખાધી. અનવર ત્યારે કૉકેસસમાં રશિયનો સામે રોકાયો હતો. લશ્કર હકી પાશાના હાથમાં હતું. તેની નજર તરત કમાલ પર ગઇ. તેને અનવરની પસંદગી–નાપસંદગીની દરકાર ન હતી. તેને તો સુશક્ત કાર્યકર્તાઓ જોઇતા હતા. તેણે અનવરને દાવકાઇભરી કડકાઇથી લખ્યું ને આખરે અનવરે કમાલને પોતા પાસે બોલાવી લીધો.

જર્મન લશ્કરી સલાહકાર લીમાન ફૉન સૅંડાર્સ સાથે અનવર પોતાની છાવણીમાં બેઠો હતો. બીજા કેટલા યે જર્મનો ત્યાં હતા. કમાલ ત્યાં પહોંચ્યો. મિનિસ્ટ્રી ઑવ વૉરમાં આ જર્મનોની હાજરી તુર્કીના રાષ્ટ્રીયત્વને અપમાનકારક કહી કમાલ લીમાન ફૉન સૅંડાર્સને



એશિયાઇ તુર્કીમાં કમાલનો કાર્યપ્રદેશ બતાવતો નકશો

ખૂબ કડક જબાનથી છોલવા મંડી પડ્યો.

પણ સંપૂર્ણ જર્મન તોખમના સૅંડાર્સે આથી જરા યે માઠું ન લગાડ્યું. તેનો પોતાનો સ્વભાવ પણ એવો જ હતો ને એટલે કમાલ માટે ઊલટો તેનો આદર વધ્યો હતો. કાઇરો ને આથેન્સથી મળેલા ખબર મુજબ અંગ્રેજો ડાર્ડેનલ્સથી ગૅલીપોલી સર કરવા ઊતરવાના હતા ને પહેલી તકે એ મથક બચાવવાનું હતું. સૅંડાર્સે તરત ૧૯મી ટુકડીનો કબજો કમાલને સોંપ્યો ને પોતાની સાથે તેને લઇ ગયો. બધાને ધિક્કારતા કમાલે જોયું કે આ જર્મન તો તેનામાં પૂર્ણ વિશ્વાસ મૂકે છે; પોતાને કશી ફરિયાદ કરવાની તક જ નથી આપતો, એટલે પોતાની યોજનાઓ પ્રમાણે કામ કરવાનો તેને બેવડો ઉત્સાહ આવ્યો.

ઑસ્ટ્રેલિયનોની એક ટુકડી આરિબુર્નુ ખાતે આવી પહોંચી હતી. જાસુસોએ કમાલને આ સમાચારો આપ્યા અને તે સાથે જ ઉપરીઓના હુકમની રાહ જોયા વિના તેણે સૈન્યને કૂચ કરવાનો હુકમ આપી દીધો. ઑસ્ટ્રેલિયનો સામે આવી પહોંચતાં તો નેપોલિયનનો એ ઉપાસક શક્તિથી જાણે ગાંડો બન્યો. વરસતા ગોળાઓ વચ્ચે સીગારેટ ફૂંકતો એ લશ્કરને આગળ ને આગળ લેતો ગયો. ઘણી વખત તોપના ગોળા તેની છેક નજીક આવી પડતા ને ઊડેલી ધૂળથી એ આખો ઢંકાઇ જતો. એક ગોળી તેના કોટમાં વાગી ને ઘડિયાળ ફૂટી ગયું, પણ તેને કશી ઇજા ન થઇ એ વખતે એ પડત તો આખા તુર્કી લશ્કરના ટાંટિયા ભાંગી જાત. એક એની જ સ્ફૂર્તિ સૈન્યનો ઉત્સાહ ટકાવી રહી હતી. ને એ ઉત્સાહે તો તોપો ને બૅયોનેટોને યે નિષ્ક્રિય બનાવી મૂકી. ચોનક બેરથી જ અંગ્રેજોને

પાછા હઠવું પડ્યું ને ૧૯૧૫ના ડિસેમ્બરમાં તો તેઓ આરિબુર્નુ ખાલી કરી ગયા.

ડાર્ડેનલ્સનો રક્ષક—કમાલ પાયતખ્તમાં પાછો ફર્યો ત્યારે એકેએક તુર્ક મર્દ ને ઓરતે એનો અપૂર્વ સત્કાર કર્યો. હવે તે પાશા બન્યો. તેને કીર્તિ યે મળી ને માન પણ મળ્યું. રાજદ્વારીઓ હવે તેને સાંભળવા લાગ્યા; ને સાંભળનારા વધતાં અત્યાર સુધી મૂગી રહેલી કમાલની વાચાળતા યે વધી.

લશ્કરની જર્મન કબજાગીરીનો હવે તે છડેચોક વિરોધ કરવા લાગ્યોઃ 'તુર્કીનો કાબૂ તુર્કીના જ હાથમાં રહેવો જોઇએ. જર્મનો રહે તો યે નોકરો તરીકે. અનવરે આ જર્મનોની મદદથી પોતાને સરમુખત્યાર જેવો બનાવી મૂક્યો છે, પણ એને ખબર નથી કે ક્યારે તેમના હાથનું એ રમકડું બની જશે.'

પરદેશખાતાના પ્રધાને આવાં વક્તવ્યોથી કમાલને પોતાની ઑફિસમાં બોલાવ્યો અને કહ્યું, 'તમારા વિચારો જોડે બધાને જબરો મતભેદ છે ને લશ્કરનો પણ તમારા વિષેનો અભિપ્રાય ખરાબ છે.'

'તમારા કરતાં લશ્કરને હું વધુ સારી રીતે પિછાનું છું.' કહેતો કમાલ હસતો ઑફિસમાંથી ચાલ્યો ગયો. ને આજ દિવસ સુધી પણ એ ત્યારે જ હસે છે, જ્યારે કોઇ પ્રસંગ પાછળ અસાધારણ બનાવની તેને અગમચેતી થાય છે. તેનું હાસ્ય અત્યંત રહસ્યભર્યું છે.

પરદેશખાતાના પોતે કરેલા અપમાનનો બદલો અનવર લેવાનો જ એવી કમાલને પૂરતી ખાત્રી હતી. ને તેમ જ થયું. અનવરે તેને સોળમી ટુકડીના કમાન્ડર તરીકે કૉકેસસ મોકલાવી આપ્યો. અનવરના આ પગલાએ કમાલની શાખ હતી તેથી યે વધારી મૂકી.

ઍંગોરા આવતાં કમાલે જોયું કે રશિયનો નવી રેલવેઓ ને નવા રસ્તા બાંધી કૉકેસસ બાજુથી આગળ વધી રહ્યા હતા. ડાર્ડેનલ્સને બચાવતાં આ બાજુની ઉપેક્ષા થએલી ને તેમણે વાન, બિટલિસ, મૂશ ને અર્ઝરૂમ લઇ લીધાં હતાં. કમાલે તરત લશ્કરની નવેસરથી રચના કરી અને રશિયન ક્રાન્તિની શરૂઆત સુધીમાં તો બિટલિસ ને મૂશ લઇ લીધાં.

એ જ વખતે દક્ષિણમાંથી અંગ્રેજોએ આગળ વધવા માંડયું. અનવરે જર્મનો પાસેથી યાચી લઇને એક નવા જનરલ ફૉન ફૉકન હાનને ત્યાં મોકલાવ્યો. કમાલે અનવરની ઘણી સમજાવટ છતાં એ પરદેશીના હાથ નીચે કામ કરવાની ચોકખી ના પાડી દીધી. જો ફરજિયાત તેના હાથ નીચે અનવર તેને મૂકે તો આખી પ્રજા ઉશ્કેરાઇ જાય એમ હતું, એટલે શિષ્ટાચાર બતાવવા તેણે કમાલને અચોકસ મુદ્દત માટે મંદવાડની રજા આપી લશ્કરમાંથી છૂટો કર્યો.

આમ કમાલ નોકરીથી છૂટો થયો. એના ગજવામાં ત્યારે એક પા- ન હતી; પણ એના અનુયાયીઓ ને પ્રશંસકો ઘણા હતા ને સીરિયાના સરમુખત્યાર જેવો જમાલ પાશા પણ તેમનામાંનો એક હતો. જર્મન લાગવગથી પહેલેથી જ નારાજ રહેલા એ સરદારે કમાલને બે હજાર પૌંડ આપ્યા ને તે કૉન્સ્ટાન્ટીનોપલની પેલેસ હૉટેલમાં જઇ રહ્યો.

આ સડેલા તંત્રનું ભંગાણ શોચતા કમાલે થોડા સમય સુધી તો કશી જ પ્રવૃત્તિ ન કરી. તેને ખાત્રી હતી કે તુર્કીને પોતાની નબળાઇ ને મૂર્ખાઇ માટે વધુમાં વધુ ખમવું પડશે. અનવર ને તેના સલાહકાર તત્કાલ જમાલને પદભ્રષ્ટ કરવા જ જોઇએ એમ તેને લાગ્યું, પણ બહાર પડવાનું એની પાસે ત્યારે કશું સાધન ન હતું.

એ સાધન પણ ઓચિંતું જ તેને આવી મળ્યું. તુર્ક જનરલ સ્ટાફના પ્રતિનિધિ તરીકે શાહઝાદો વહીઉદ્દીન જર્મન સરહદની મુલાકાતે ઊપડવાનો હોઇ, તેની સાથે જવા માટે નાઝી પાશાએ કમાલને નિમંત્રણ આપ્યું. ઊપડવાને આગલે દિવસે જ કમાલ શાહઝાદાની મુલાકાત લઇ આવ્યો.

આંખો મીંચી રાખી, અરધા કલાકે સવાલનો જવાબ આપનાર, તુર્કીના મૂર્ખમાં મૂર્ખ પ્રતિનિધિ વહીઉદ્દીન સાથે કમાલની ટ્રેન, ૧૯૧૭ના ડિસેંબરની ૧૭મીએ જર્મન મુખ્ય મથક સ્પા પહોંચી. તેમનું સ્વાગત કરવામાં જર્મનોએ કંઇ બાકી રાખ્યું ન હતું. લુડેન્ડૉર્ફ, હિંડનબુર્ગ ને કૈઝર સુદ્ધાં સ્ટેશને હાજર રહેલા. કમાલને લાગ્યું કે એ લોકો ખાલી તેમને બનાવવાની જ પેરવીઓ કરતા નવી નવી આશાઓ આપ્યે જતા હતા; બાકી તેની આંખોએ તો પહેલેથી જ પરાજય માપી લીધો હતો, ને પાછળથી જર્મન સૈનિકોમાં ફરી એ બાબત તેણે વધુ ચોકસ કરી હતી.

હૉટેલમાં તેમને અપાએલા ઉતા કમાલ

તુર્ક સરહદ પરનું જર્મન લશ્કર ઉઠાવી લેવા માટે નાઝી પાશા ને શાહઝાદાને સમજાવી રહ્યો હતો ત્યાં તો બારણા પર ટકોરો થયો ને ખુદ કૈઝર અંદર પ્રવેશ્યો. મુસ્તફાના જણાવવા પ્રમાણે સંપૂર્ણ સર્જનની પહેલી જ નજરે તેણે છાપ પાડી. તેણે તુર્કીએ આપેલા સાથ માટે આભાર માન્યો ને જણાવ્યું કે અનવર ધાર્યા જેટલું કામ આપી શકતો નથી. કમાલની ઓળખાણ થતાં તો આનાફાર્તાના વિજયી તરીકે કૈઝરે તેને વધાવી લીધો.

જર્મન મહત્ત્વાકાંક્ષાના એ પૂતળાએ કમાલ પર ખૂબ જ અસર પાડી. તેની હાજરીથી જ તે અંજાઇ જતો. એથી જુદી જ અસર, જેની આંખો વસ્તુઓ-ની આરપાર જોઇ શકતી, જેની જીભ મોતનું પૂરૂં મૂલ્ય જાણતી એ બુઝર્ગ હિંડનબુર્ગે તેના પર કરેલી. કમાલે તેની પાસેથી જર્મન પરિસ્થિતિ જાણવા ઘણો પ્રયાસ કરેલો, પણ જ્યારે કોઇ અટપટો સવાલ તે રજૂ કરતો ત્યારે જાણે સાંભળ્યું જ ન હોય તેમ એ બુંધો રાજદ્વારી તરત ટેબલ પરથી એક સીગારેટ લઇ, 'જનાબ, એક પીશો?' કહેતો તેની સામે ધરતો ને સીગારેટના ધુમાડા સાથે સવાલ પણ ઉડાવી દેતો!

કમાલને પ્રતીતિ થઇ ગઇ કે જર્મનીએ જણાવ્યા જેટલું ભવિષ્ય આશાભર્યું ન હતું. રાજકારણી કાવા-દાવા પાછળ પોતાને તદ્દન નિષ્ક્રિય રાખી રહેલા વહીઉદ્દીનને એ માટે તેણે ઘણો ઠપકો આપ્યો અને જો એ સહાય આપે તો રાજતંત્રમાં પલટો આણવાની તેણે ખાત્રી આપી. શાહઝાદાએ તે કબૂલ રાખ્યું.

એ જ વખતે કમાલ પર ગુર્દાના દર્દનો સખ્ત હલ્લો થયો એટલે વહીઉદ્દીનને જવા દઇ તે કાર્લ્સ-બાદના દવાખાનામાં તબીબી સારવાર સારૂ રોકાયો. ત્યાં જ તેને ખબર મળી કે વહીઉદ્દીન,સુલતાન મહમદ ચોથા તરીકે ગાદીએ આવ્યો હતો.

એવા અડબંગની વરણી યોગ્ય હતી કે અયોગ્ય એ વિચારવા જેટલો યે કમાલને અવકાશ નહોતો. ૧૯૧૮ના જુલાઇમાં કૉન્સ્ટાન્ટીનોપલ પાછો આવતાં જ તે પરબારો નવા સુલતાનને મળ્યો. 'બીજા કોઇ લશ્કરી અમલદારો તમારા મતને મળતા આવે છે?' નવા સુલતાને પૂછ્યું.

'હા, ઘણા યે.' મુસ્તફાએ જવાબ આપ્યો.

'ઠીક છે; વિચાર કરીશું. ફરી મળજો.' તેણે જવાબ આપ્યો.

ને ફરી મળતી વખત સુલતાને પોતાના એડીકાંપ ઇજ્જત પાશાને બધો જ વખત પાસે બેસાડી રાખ્યો. આથી વાતચીત સાધારણ બાબતોથી આગળ વધી જ ન શકી.

કમાલે ત્રીજી વાર મુલાકાત લીધી. સુલતાને કબૂલ કર્યું કે બીજાઓના હાથમાં સત્તા હોય ત્યાં સુધી તે માત્ર પૂતળું હતો; પણ સાથે જ ઉમેર્યું કે, 'એ માટે મેં અનવર ને તઆલતની સલાહ માગી છે.'

નિરાશ મુસ્તફા પાછો ફર્યો.

'બાયલો! નામર્દ! કાવતરાબાજ! ઇસ્તંબુલનો નાપાક શહેરી!!' આવા શબ્દોએ સુલતાનને નવાજતો કમાલ હૉટેલના પોતાના ઉતારામાં દાખલ થયો. આજ એનો ભ્રમ ભાંગી ગયો હતો. થોડા જ વખત પહેલાં જે વહી-ઉદ્દીને તેની બધી યોજનાઓ સ્વીકારી લીધી હતી તે જ બદબખ્ત, આજ તુર્કીના વિનાશનો માર્ગ સુતરો બના-વવા મંડ્યો હતો. નિવૃત્ત મુસ્તફા આત્મપ્રતીતિપૂર્વક ગણગણવા લાગ્યો: 'હું—હું જ તુર્કીને ઉદ્ધારી શકીશ. બીજું કોઇ નહિ.'

ને એ નિવૃત્ત હતો તેથી શું થયું? આજન્મ નેતાને કશું અશક્ય છે જ નહિ. ભવિષ્ય જેમ વધુ ગૂઢ, વધુ અચોક્કસ, તેમ તેને પોતાના કાબૂમાં લાવ-વાની તેને શક્યતા વધુ દેખાય છે. ભાવિ તેને મન કાચી માટી છે. ચાહે તેવા તેના ઘાટ એ ઘડે!

કોઇ કલાકાર સમી કમાલની નિવૃત્તિની એ રસ-સમાધિ ઓચિંતી તૂટી ગઇ. જર્મનોનો પરાજય થયો હતો. તુર્કી હારી બેઠું હતું અંગ્રેજોની તેના પર પૂરી સત્તા જામી હતી ને અનવરની શાસક ત્રિપુટી દેશ મૂકી નાસી ગઇ હતી. સુલતાને પોતાના એડીકાંપને વડો પ્રધાન નીમી દીધો હતો ને મિત્રરાજ્યો જોડે મુદ્રોસની સંધિ કરી હતી.

પણ સીરિયા, પાલેસ્ટાઇન, અરબસ્તાન, મિસર, ઇરાક વગેરે મેળવ્યા છતાં હજુ મિત્રરાજ્યોનો ડોળો તુર્કી પરથી ખસતો ન હતો. તુર્કી જો ટકાર ન રહી શકે તો તેનું નામનિશાન પણ રહેવું મુશ્કેલ હતું. શસ્ત્રબંધીને મહિનો થઇ ગયા છતાં તેમના લશ્કરે

તેની સીમાઓ છોડી ન હતી. ઇટાલિયનો પીરામાં, ફ્રેંચો ઇસ્તંબુલ ને ગૅલૅશિયામાં ને અંગ્રેજ બારકસો હજુ ડાર્ડેનલ્સમાં પડચાં રહ્યાં હતાં. તુર્કીનાં બંદરો, લશ્કર, પોલીસ, બધું એ તપાસના હતા. તુર્ક ઓરતો-ની હસમત સુદ્ધાં લૂંટવા લાગ્યા હતા.

આ બધું જોઇ સળગી જતા કમાલે ફરી એક વાર સુલતાનની મુલાકાત લીધી. 'પરાજિત, છતાં આપણી આટલી હદ સુધીની કાયરતા? આપણે રાષ્ટ્રીય જુસ્સો યે મરી જવા દેવો છે?' તેણે બધો ઊકળાટ ઠાલવ્યો, પણ પહેલાંની મુલાકાતો જેટલી જ એની અસર થઇ.

અરધા દગાબાજ ને અરધા નિષ્પ્રાણ રાજદ્વારી-ઓથી કંઇ વળવાનું નથી એમ નક્કી કરી, કમાલ ફરી બહાર પડચો. તેની શાખ પ્રતિષ્ઠિત હતી. તુર્કીની ઇજ્જત સાચવવાની તેણે ઘોષણા કરી. દરેકે દરેક તુર્કને પણ એ જ જોઇતું હતું, ને એને પહોંચી વળવા, અત્યાર સુધી હર્માદલીથી પોતાને સાથ દેનાર આરીફ ને ફતેહની સહાય લઇ કમાલે રાષ્ટ્રવાદીઓને સંગઠિત કરવા માંડચા.

અંગ્રેજોને આ બાતમી પહોંચી કે તરત જ માલ્ટા દેશનિકાલ કરવા લાયક તુર્કોની યાદીમાં કમાલનું નામ પણ ઉમેરાઇ ગયું. તેમના હાથમાં પકડાતો માત્ર થોડા કલાક માટે જ એ બચી ગયો ને ૧૯૧૯ના મેની ૧૯મીએ તે રેફત અને આરીફ સાથે કાળાસમુદ્ર કાંઠેના સમસૂન બંદરે ઊતરી પડચો.

આરીફ તો પોતાના પક્ષમાં હતો જ. કમાલે રેફતને યે પોતાના પક્ષમાં લીધો. સમસૂનમાં પગ મૂકતી વખતે જ તેણે જિંદગીના નિશ્ચિત ધ્યેયે પળવાનું નક્કી કરી લીધું, ને તે બને તેટલું વહેલું નજીક આણવા રાષ્ટ્રવાદી તુર્કોની એક સભા તેણે અમાસિયામાં બોલાવી. અર્ઝરૂમના કમાન્ડર કાસિમ કારા બકીર ને અલી ફુઆદ પાશા ઉપરાંત બાલ્કન યુદ્ધમાં 'હમીદિયા'ના કપ્તાન તરીકે સારી મુસ્લીમ આલમમાં માનીતો બનેલો રૌફ પણ ત્યાં આવી મળ્યો. 'તુર્કીએ પોતાનો બચાવ યાચના-ઓથી નહિ પણ બૅયોનેટોથી કરવો જોઇએ.' પરિસ્થિતિ-નો ઉકેલ આણવા સિવાસ મુકામે આખા તુર્કીનું પ્રતિ-નિધિત્વ ધરાવતી કૅાંગ્રેસ ભરવાનું તેમણે નક્કી કર્યું.

કમાલ હવે બેકાર બનેલા બધા સૈનિકો પોતાની આસપાસ એકઠા કરવા લાગ્યો. બ્રિટિશ તોપોના રક્ષણ નીચે ગ્રીકો સ્મર્નામાં આગળ વધવા લાગતાં કમાલ તેમને હઠાવવા તૈયાર થયો. સુલતાનને આ ખબર પડી ને તેણે કમાલને રાજીનામું આપી દેવા લખ્યું. તે તૈયાર જ હતો. સુલતાને તેને કૅાન્સ્ટાન્ટી-નોપલ ચાલ્યા આવવા લખ્યું. 'નહિ, તુર્કી સ્વતંત્ર બનશે ત્યાં સુધી હું આનાતોલિયામાં જ રહીશ.' તેણે જવાબ લખ્યો ને સિવાસમાં ભરવાની નક્કી થએલી કૅાંગ્રેસ માટે પ્રાન્તેપ્રાન્ત વિનતિપત્રો લખી નાખ્યા:'દેશ જવા બેઠો છે, મધ્યસ્થ સરકાર પોતાની કામગીરી બજા-વવા અશક્ત છે; રાષ્ટ્રના સંકલ્પ ને શક્તિ પર જ બધો મદાર છે. સિવાસની કૅાંગ્રેસમાં તેની ખુલ્લી છણાવટ થશે. દરેક પ્રાંત પોતાના ત્રણ પ્રતિનિધિઓ મોકલી આપે.'

કૅાંગ્રેસ ભરાઇ ને કમાલ પોતાના મુદ્દા સમજાવવા ઊભો થયો,ત્યાં તો કાસિમ કારા પર તેને પકડવાનો ને કૅાંગ્રેસ વિખેરી નાખવાનો હુકમ આવી લાગ્યો. કમાલ પકડાય તો માલ્ટા દેશનિકાલ થવા કરતાં યે ફાંસી મળવાનો સંભવ વધુ હતો. ખૂબ જહેમતે કાસિમ કારાને રૌફે સમજાવ્યો કે 'સુલતાનને વફાદાર રહેવા કરતાં તુર્કીને વફાદાર રહેવાની આપણી ફરજ વિશેષ અને જરૂરી છે.'

સિવાસમાં સુલતાનીથી જુદી રાષ્ટ્રીય સરકાર સ્થાપવામાં આવી. કમાલે પોતાને તેનો પ્રમુખ નીમવા-નો ઠરાવ મૂકયો. વકીલો અને કહેવાતા શૅાખીન રાજ્ય-દ્વારીઓ, જેમને પોતાના કલ્પિત આદર્શો જ ચર્ચવાની ને આશ્વાસન પામવાની ટેવ હોય છે, તેમણે એનો વિરોધ કર્યો. કમાલે કહ્યું, 'દોસ્તો, ઇતિહાસ સાક્ષી પૂરે છે કે રાષ્ટ્રને કોઇ મહત્કાર્ય ઉઠાવતી વખતે એક ને એક નેતાની જરૂર રહે છે જ. સંકટની પળોમાં ધ્યેયને પહોંચવા ચર્ચાઓ તદ્દન નકામી નીવડે છે. કેટલાકો અમેરિકા જેવા રાજતંત્રના, તો કેટલાક ફ્રેંચ અથવા બ્રિટિશ રાજતંત્રના રાહે તુર્કીને દોરવાનું કહે છે, પણ એ તો આત્મઘાત જેવું છે. તુર્કીએ પોતાનો ઉગાર પોતામાંથી જ મેળવવો જોઇએ.'

લાગલાગટ છ કલાક બોલતા રહેલા કમાલ સામે કોઇની મજાલ ન હતી કે વિરોધ ઉઠાવી શકે. ને એના જેટલો વિશ્વસનીય નેતા યે બીજો કોણ હતો? કમાલ જ આ નવી રાષ્ટ્રીય સરકારનો પ્રમુખ નિમાયો.

(ચાલુ) **અશોક**

ચિત્રકલામાં સ્વશિક્ષણ



ચોરસો આંકીને ચિત્ર કરવાના ગયા હફતામાં બતાવેલા પ્રયોગોમાં કોઇને પણ પહેલા પ્રયાસે થોડી યે સરળતા અને સફળતા મળવાની જ. પછી જેમ જેમ હાથમાં પકડાઇ અને નજરમાં ચોકસાઇ આવતી જાય તેમતેમ એ ચોરસોનું કદ, મોટું કરતા જવું. શરૂઆતમાં એક ચિત્ર પર ઘણાં ચોરસ ખાનાં પાડવાં પડે, પણ ધીરેધીરે તેથી બમણા માપનાં ચાલી શકે. (જુઓ પાછળની આકૃતિઓ.) એક ઇંચના ખાનાંમાં ચિત્રની રેખાઓ સમાવો તેના કરતાં બે ઇંચનાં ખાનાંથી કામ લેતાં વધુ આકૃતિ સાચવી લેવી પડે જ. છેવટમાં છેવટ તમારે મહત્ત્વની રેખાઓ તૈયાર કરી, ચિત્રને બીજા કાગળ ઉપર ઉતારવાનું એટલે કે ટ્રાન્સ્ફર કરવાનું કામ કરવાનું છે. પેન્સિલની એકસરખી, સ્વચ્છ અને ચોક્કસ રેખાનું મહત્ત્વ બહુ જ છે અને તે બાબત વારંવાર ભાર મૂકીને યાદ આપવી પડશે જ; કારણ કે આરંભકો ચિત્રને પૂરું કરી નાખવાને અધીરા હોય છે. હજુ તો પાયાનું કામ બરાબર થયું ન હોય તે પહેલાં તો તેઓ શાહીથી ચિત્રને પાકું કરી નાખવા કે રંગ પૂરવાને આગળ પડે છે.

સાવ શરૂઆત કરનારા પણ, પ્રાથમિક ઉત્સાહમાં ને ઉત્સાહમાં એટલી બધી લીટીઓ એકીસાથે દોરી નાખે છે કે છેવટનું ચિત્ર કરવામાં સરળતાને બદલે ગૂંચવાડો ઊભો થઈ જાય છે. પણ આપણને તો બહુ જ થોડી અને જરૂરી લીટીઓનું જ કામ હોય છે. મુખ્ય રેખામંડળ બંધાય તેટલી થોડામાં થોડી લીટીઓ હોય તે જ સારૂં.

આ સાથેના નેપોલિયનના છેલ્લા રેખાચિત્રમાં જોશો તો જોઇએ એટલી લીટીઓથી જ આકૃતિ સાફ જણાઇ આવે છે. વળી એ લીટીઓ પણ ઘાટને અનુરૂપ દેખાવી જોઇએ. તે ચિત્ર ખાનાં પાડેલા ચિત્ર ઉપરથી ટ્રાન્સ્ફર કરવામાં (બીજા કાગળ પર ઉતારી લેવામાં) આવ્યું છે. એમાં ચિત્રની માત્ર આકૃતિ દર્શાવતી રેખાઓ રાખી ખાનાંઓ પડતાં મૂકેલાં છે.

આના જેવી સાવ ઝાંખી ભૂરી પેન્સિલની આઉટલાઈન ઉપર તમે ટાંક અને શાહીથી કામ આગળ લઈ શકો છો. એમાં સફળ ન થાઓ તો બીજી વાર ટ્રાન્સ્ફર કરો અને જરૂર પડે તો અસલ ખોખા ઉપરથી ત્રીજી વાર પણ કરો. દરેક વારના પ્રયત્નમાં તમને કંઇક નવી જ પ્રણાલી કે નવી તકલિફ અને વધુ યોજના તથા સુધારો માલૂમ પડવાનાં.

જે વિદ્યાર્થી એમ માને કે આ પ્રથમ ખોખું કરી, પછી બીજા કાગળ પર ઉતારવું એ નકામી ધાંધલ છે તે ખરેખર ભૂલ કરે છે. જો ખરેખરી પ્રગતિ સાધવી હોય તો આ જ સારામાં સારી રીત છે. ચિત્રકળામાં તમે કામનું પ્રમાણ કેટલું ઉતારો છો તે ગણવાનું નથી; પણ તમે જે કામ કરો છો તેમાં ગુણ કેટલો ઊતરે છે તે જ જોવાનું રહે છે.

કોઇ ચિત્ર અથવા ફોટોગ્રાફની નકલ નાની, મોટી કે સરખી ઉતારવા માટે શિખાઉ વિદ્યાર્થી તેના પર આવી રીતે ખાનાં પાડી ગયા હફતામાં બતાવેલી રીતે કામ શરૂ કરશે તો સાધારણ સફળતા તો મળશે જ. ચિત્રને લીટીઓથી બગડવા દેવું ન હોય તો ઉપર આછો ટ્રેસિંગ કાગળ અથવા હાલ બજારમાં સીલોફોન પેપર મળે છે તે ચોડી તે પર ખાનાં આંકવાથી ચિત્ર જેવું ને તેવું રહેશે અને ઉપરથી માપ મેળવી શકાશે.


(આગળ વિગતો માટે પાછળની આકૃતિઓ જુઓ)


સરસ ચિત્રો ઉપજાવવામાં ખરેખરા શ્રમભર્યાં પ્રયત્નની જરૂર છે એ કદી ભૂલવું નહિ, એક ચિત્ર સુધારી ફરી વાર કરો, વધારે સુધારો અને વળી ફરી કરો, અને તે તમારૂં સર્વોત્તમ કામ બને એવું કરો, તો ડઝનબંધ ખેંચી મારેલી, ઉતાવળી, અચોક્કસ નકલો કરતાં તે વધારે સ્તુતિપાત્ર બને છે. જ્યારે અસલથી જરા યે જુદું ન બતાવી શકાય એવું કરો ત્યારે જ ધન્યવાદ.

આંખ, હોઠ, કાન વગેરે દોરવામાં વધુ ચોક્કસાઇ અને બારીકીની જરૂર પડે છે. તે વખતે તેના પર પડેલા ચોરસમાં પણ અરધોઅરધ ભાગ કરવાથી વધારે ચોરસો નાખી શકાય અને ચોક્કસાઇનું ધોરણ પાળી શકાય. ઘણી વાર ચોરસના ચારે ખૂણાથી લીટીઓ દોરી ચોકડી પાડવાથી યે સરળતા મળે છે.


(પાછળ જુઓ)

ર.મ.રા.





(ઉપરઃ ડાબી બાજુ) મૂળ ચિત્રપર દોરેલાં ખાનાંઓના માપનાં ખાનાં બીજા કાગળ ઉપર આંકીને દોરેલી આકૃતિ. એની વિગતો આ પહેલાંના પાઠમાં આપેલી છે. (જમણી બાજુ) ખાનાં પાડી ચિત્ર કરવાની આવડત તેમજ તાકાત વધતી તથા સુધરતી જાય ત્યારે ખાનાંનાં માપ આ રીતે મોટાં કરી નાખવાં જેથી હાથના સ્વતંત્ર કામ માટે વધુ તક મળતી જશે. (સામે) ચોરસોમાં તયાર થએલા ચિત્ર ઉપરથી બીજા સ્વચ્છ કાગળ ઉપર જે રૂપરેખા ઉતારવાની છે તેમાં અહીં બતાવ્યા પ્રમાણે સમગ્ર ધાર બાંધનારી રેખાઓ સ્વચ્છ દોરી લેવી જોઇએ. બીજા કાગળ ઉપર લેવાને કાગળની પાછળ પોચી પેન્સિલ ઘસીને પછી કઠણ પેન્સિલ વડે ચિત્ર ઘૂંટવાથી છાપ ઊતરે છે. અથવા કોઇ મોટા કાચ પર ઉપરાઉપર એ કાગળો રાખી પાછળના પ્રકાશના આધારે ઉપરના કોરા કાગળ ઉપર પેન્સિલ ચલાવી શકાસે. આ વખતે બંને કાગળોને ખૂણા પર ટાંકણીથી ચોંટેલા રાખવા. આટલામાં તમે સફળતા મેળવી રહો એટલે નવા પાઠસારૂ તૈયાર રહો.



[૨] ઐતિહાસિક દષ્ટિપાત

દીવાસળી

સંસ્કૃત થએલા માનવે એની શોધ કરી, કે એની શોધે માનવતાને સંસ્કૃત બનાવી એ એક અણઉકેલ કોયડો છે

અગ્નિનો પ્રથમ સાક્ષાત્કાર થયા પછી માણસે તેને સંઘરવાની અને ધારે ત્યારે કામ આપવાની યુક્તિઓ શોધ્યા જ કરી છે. પુરાતન કાળમાં, જ્વાળામુખીઓમાંથી ઊડેલા ગંધકનાં ભરી રખાતાં ટાંકાંથી માંડીને આજની દીવાસળી સુધીનો એ આખોયે ક્રમવિકાસ ને તેનું શકય ભવિષ્ય આ લેખમાં બતાવાયાં છે

લેખક • પદ્મકાન્ત ૨. શાહ

માનવજીવનના સુદૂરના ઇતિહાસ તરફ એક દષ્ટિપાત નાખતાં આપણા પુરાણ-પૂર્વજોને જંગલમાં અગ્નિની શોધમાં રખડતા જોઇ શકાય છે. જીવનના ટકાવ અર્થે તેઓએ હવાની પ્રાથમિક અગત્ય સ્વીકારી હતી. ત્યાર પછી તેઓએ પાણીને સ્થાન આપ્યું હતું અને છેવટે વૃક્ષોના ફળો અને પશુ પક્ષીઓના કાચા માંસ ઉપર નિર્વાહ કરતાં તેઓને જીવનના નિભાવ અર્થે ખોરાકની પણ ઉપયોગિતા સમજાઈ હતી.

પરંતુ પેટના ખાડા પૂરાયા ત્યારે જે એક બીજી વસ્તુની ઊણપ તેમને લાગવા માંડી તે અગ્નિની. દિવસે તો સૂર્ય પાસેથી તેઓ ગરમી મેળવતા પણ રાત્રિએ ખુલ્લા જંગલમાં ઠંડીથી તેઓ કંપતા. અગ્નિદેવનો પ્રથમ સાક્ષાત્કાર એમને જંગલમાં દવ લાગતાં થએલો.

પહેલાં તો તેઓ એ દાવાનળને બાઘાની માફક ગભરાટ અને આશ્ચર્યથી જોઇ રહ્યા. પરંતુ દાવાનળ શાંત પડતાં તેને ચાલુ રાખવાનું પણ કોઇને સૂઝયું અને સૂકાં પાંદડાં, ડાંખળાં અને કરાંઠીઓ વડે તેઓએ અગ્નિને ચેતાવેલો રાખ્યો. પણ જેમ બેદરકાર માણસો દરેક જમાનામાં હોય છે તેમ કેટલાક બેદરકાર રખેવાળોની ગફલતમાં આ અગ્નિ નાશ પામ્યો.

હવે શું થાય? તેઓ અગ્નિ વગર થોડા સમય સુધી સમસમી રહ્યા. એકદા, રક્ષણ અર્થે પત્થરોમાંથી હથિયારો ઘડતાં ઘડતાં તેઓએ આગની ચિનગારીઓ જોઇ. પછી તો તેઓ આ પત્થરો ઠોકીઠોકીને અગ્નિનું આહ્વાન કરવા લાગ્યા અને એ રીતે ચકમકના પત્થરોની શોધ થઇ. અગ્નિને જન્માવવાના સાધનો ઉત્પન્ન થવાની સાથે જ આહારના ક્ષેત્રમાં પણ તેઓએ અવનવી શોધો કરી. કાચું માંસ અને શાક ભક્ષણ કરવાને બદલે તેઓ તેને શેકીને ખાવા લાગ્યા. કોઇએ ગરમ પાણીથી સ્નાન કરવાનો પણ પહેલ વહેલો લહાવો લઇ લીધો. તે અરસામાં એક જણે સૂકી ડાળીઓ પરસ્પર ઘસાતાં અગ્નિ ઉત્પન્ન થાય છે એવી શોધ કરી.

ઘર્ષણથી ગરમી ઉત્પન્ન થાય છે એ જાણ્યા પછી તેઓએ એક લાકડાના પાટીઆનાં કાણું પાડી તેમાં બીજું લાકડું ગોળગોળ ફેરવી અગ્નિ ઉત્પન્ન કરવાની બીજી રીત ખોળી કાઢી. એક વખત એક છોકરાના હાથમાં રમતાં રમતાં લોખંડનો એક પત્થર આવ્યો અને તેને ચકમક સાથે ઘસતાં બહુ સહેલાઇથી અગ્નિ ઉત્પન્ન થયો તે જોઇ એ રીત પણ પ્રચલિત થઇ. ફરી એકવાર જંગલમાં વાંસના ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન થઇ આગ લાગવાનો પ્રસંગ આવતાં વાંસના બે કટકાઓને ઘસી તેમાંથી અગ્નિ પેટાવવાની નવી રીત તેઓને હાથ લાગી. લોખંડ અને બીજી ધાતુઓની શોધ કર્યા પછી તેઓએ એક પિસ્તોલ બનાવી, જેમાં ચકમકનો એક ટુકડો મૂકી તેના ઉપર જોરથી લોખંડનો ઘોડો છોડતાં અગ્નિ ઉત્પન્ન કરવાની 'ફેશનેબલ' રીત તેઓને મળી.

એક વાર એક ચમત્કાર થયો. આખી પૃથ્વી હાલી ઊઠી. ધરતીકંપ વખતે ભૂગર્ભમાંથી નીકળેલી અગ્નિની શિખાઓ અને ધગધગતો લાવારસ કેટલાય જીવોના અકારણ નાશનો કારણભૂત થયો, પણ જીવતાં રહેલાં મનુષ્યો ઉપર તો એક આશીર્વાદ ઊતર્યો. લાવારસથી આચ્છાદિત થએલી ભૂમિ ઉપર કપાસનો પાક સુંદર રીતે ખીલી નીકળ્યો અને તેમાંથી ભવિષ્યમાં માણસોએ પોતાના ખુલ્લાં શરીરને ઢાંકવા વસ્ત્રોની શોધ કરી. દીવાસળીનો પ્રથમ અવતાર પણ આ વખતે જ થયો. પૃથ્વીમાંથી નીકળેલા ગંધકના ટુકડાઓને ઓગાળી, અંદર લાકડાની સળીઓ બોળી, લોકોએ ભારેલો અગ્નિ એકઠો કર્યો. આવી સળીઓ ઉપર એક ચિનગારી માત્ર પડતાં તેમાંથી હોળી પ્રકટ[illegible] મહાઆનંદનો પ્રસંગ ઊભો થતો. જમાનો

જેમ આગળ વધતો ગયો તેમ નવી નવી વસ્તુઓ શોધાવા લાગી અને કિમિયાગરો કહેવાતા મનુષ્યોએ ગંધકને બાળી તેના વાયુમાંથી એક મહારસાયન[1] ઉત્પન્ન કર્યું. તેમાંથી જ્યારે જોઇએ ત્યારે અગ્નિ ઉત્પન્ન કરી શકાતો. સમયની કૂચકદમ સાથે કિમિયાગરોના અવ્યવસ્થિત અખતરાઓમાંથી વ્યવસ્થિત રસાયણ-શાસ્ત્ર રચાયું. એ રસાયણશાસ્ત્રના પ્રતાપે જ્યારે આપણા જીવનમાં અત્યારે અગત્યનું સ્થાન ભોગવતી ગૃહદીપિકા દીવાસળી ઉત્પન્ન થઇ,ત્યારે માનવસંસ્કૃતિનો વિસ્તાર પ્રાગ્-ઐતિહાસિક યુગથી શરૂ થઇને અઢારમી સદીના અંત સુધી પહોંચ્યો હતો.

[૨] દીવાસળીનો અવતાર

દીવાસળીનો સૌથી પહેલો અવતાર 'Oxymuriated Match'ના નામથી ઓળખાયો હતો. ગુંદર, પોટૅશિયમ ક્લોરેટ (potassium chlorate), ગંધક અને ખાંડ એ ચાર પદાર્થોના પાણી સાથે લુગદી (paste) બનાવી,લાકડાની સળીઓને અંદર બોળવામાં આવતી અને એ સળીઓ જ્યારે ગંધકનો તેજાબ શોષેલા ઍસ્બેસ્ટોસ (asbestos) ઉપર મૂકવામાં આવતી ત્યારે એકદમ દેવતા થતો. પણ આવી દીવાસળીઓ સામે બે વાંધા હતા: એક તો, ગંધકનો તેજાબ વાપરવો ભયકારક હતો, અને બીજો, એ તેજાબ વાતાવરણની ભીનાશ ચૂસી લઇ તેની ઉપયોગિતા નષ્ટ કરતો હતો. ઇ.સ. ૧૮૨૬માં ઇંગ્લંડના જોન વૉકર નામના એક રસાયણશાસ્ત્રીએ પોટૅશિયમ ક્લોરેટ, ઍન્ટિમની સલ્ફાઇડ (antimony sulphide) અને સ્ટાર્ચ (starch) એ ત્રણ પદાર્થોનું મિશ્રણ કરી દીવાસળીને નવો વેશ પહેરાવ્યો. કાચ–કાગળ ઉપર ખૂબ ઘસતાં આ દીવાસળીઓ સળગી ઊઠતી, પણ તેમ કરવાને ખૂબ જોર વાપરવું પડતું અને તે દરમિયાન દીવાસળી ઉપરનું મિશ્રણ ઊખડી જતું.


તે અરસામાં ફૉસ્ફરસ[2] (phosphorus)નું તત્ત્વ દીવાસળીમાં દાખલ કરવા પ્રયત્નો ચાલતા હતા. ફૉસ્ફરસને, ઇ.સ. ૧૬૬૯માં હામ્બુર્ગના કિમિયાગર બ્રેન્ટે મૂત્રને ઉકાળી તેના અવશેષને ફરીવાર બાળીને ઉત્પન્ન કર્યો હતો. તેની આ બનાવટ ગુપ્ત રખાઈ, ફૉસ્ફરસના મોંમાગ્યાં દામ લેવામાં આવતાં અને ઠેઠ ૧૭૭૦માં સ્ચીલે હાડકાંની રાખમાં તેનું અસ્તિત્વ બતાવ્યું ત્યારે જ તેની કીમત પડી ભાંગી. હવા સાથે મળતાં તરત જ સળગી ઊઠવાના તેના ગુણને લીધે અગ્નિને ઉત્પન્ન કરવામાં તેનો ઘણો ઉપયોગ થતો. ડૉ. ચાર્લ્સ સૉરિયાએ પહેલવહેલી ફૉસ્ફરસવાળી દીવાસળીઓ બનાવી. આવી દીવાસળીઓને Congreves કહેવામાં આવતી અને છેક ઓગણીસમી સદીના અંત સુધી તેનો વપરાશ ચાલુ રહ્યો હતો. પરંતુ આ દીવાસળીઓ ખરેખરી નુકસાનકારક હતી તે પાછળથી માલૂમ પડ્યું. શ્વેત ફૉસ્ફરસને લીધે આ દીવાસળીઓના ઉપયોગથી જડબાંના હાડકાંના કહોવાટ (phossy jaw અથવા necrosis of jaw-bone)નો અસાધ્ય રોગ થતો અને તેથી સુધરેલા દેશોમાં ત્યારપછી શ્વેત ફૉસ્ફરસ સામે મનાઇ હુકમ કાઢીને અથવા તો તેના ઉપર ભારે કર નાખીને તેનો ઉપયોગ સમૂળગો બંધ કરવામાં આવ્યો છે.

અત્યારે આપણે જે દીવાસળીઓ વાપરીએ છીએ તે Safety Matches તરીકે ઓળખાય છે. એ દીવાસળીઓ મૂળ સ્વીડનમાં એક જર્મન રસાયણશાસ્ત્રીને હાથે બનાવાઈ હતી. આવી દીવાસળીઓના શિરોભાગમાં મુખ્યત્વે પોટૅશિયમ બાઇક્રોમેટ (potassium bichromate) અથવા પોટૅશિયમ ક્લોરેટ કે સિંદૂર (Red lead) અને ગુંદર એટલી વસ્તુઓ આવેલી હોય છે, અને દીવાસળીના ખોખા ઉપર ઘર્ષણની સપાટી ઍન્ટિમની સલ્ફાઇડ, કાચની ભૂકી અને રક્ત ફૉસ્ફરસની લુગદી વડે તૈયાર કરવામાં આવી હોય છે. આ દીવાસળીઓ ગમે ત્યાં ઘસવાથી સળગતી નથી પણ જ્યારે તેને આ તૈયાર કરેલા સ્થાન ઉપર ઘસવામાં આવે છે ત્યારે જ તે સળગે છે. આ ઉપરાંત, દીવાસળી સળગી રહ્યા પછી મોગરો ખરી પડી કોઇ વખત આગનો પ્રસંગ ન લાવે માટે

---

૧ ગંધકનો તેજાબ

૨ ફૉસ્ફરસના બે પ્રકાર છે તે આ સ્થળે જાણવું જોઇએ. શ્વેત અથવા પીત ફૉસ્ફરસ હવાના સ્પર્શમાત્રથી સળગી ઊઠે છે. રક્ત ફૉસ્ફરસ તેવી રીતે સળગી ઊઠતો નથી. શ્વેત ફૉસ્ફરસને જ્યારે હવા વગર ૨૪૦° સેન્ટીગ્રેડ (અથવા ૪૬૪° ફેરનહાઇટ) ઉષ્ણતામાન સુધી બાળવામાં આવે છે ત્યારે તેમાંથી રક્ત ફૉસ્ફરસ બને છે. શ્વેત ફૉસ્ફરસ ધોળા મીણના કટકા જેવો હોય છે અને તે પાણી નીચે રાખવામાં આવે છે.



સ્વ. સાથીને અંજલિ ✿ ચિત્રકાર · કાન્તિલાલ દવે



અંતરનાં હેત

ફોટો • જે. એન. ઊનવાલા

દીવાસળીઓને (મોગરો ચોંટાડતાં પહેલા) ફટકડી, સોડિયમ ફૉસ્ફેટ (sodium phosphate) અથવા ઍમોનિયમ ફૉસ્ફેટ (ammonium phosphate)ના દ્રાવણમાં બોળી રાખવામાં આવે છે. આને લીધે દીવાસળી હોલવાઇ ગયા પછી મોગરો ખરી પડતો નથી.

[૩] એના પ્રકાર અને બનાવટ

આપણે વાપરીએ છીએ તે ઉપરાંત અત્યારે બાજી જાતની દીવાસળીઓ અસ્તિત્વમાં છે અને તે Strike–anywhere Matches (જ્યાં ઘસો ત્યાં સળગે એવી દીવાસળીઓ)ના નામથી પ્રખ્યાત છે. યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકામાં આવી દીવાસળીઓ પુષ્કળ વપરાય છે. આ જાતની દીવાસળીના મોગરાને બે પડ હોય છે: ઉપલા પડમાં ફૉસ્ફરસ સેસ્ક્વીસલ્ફાઇડ[1] (phosphorous sesqui sulphide) વગેરે જલદી સળગી ઊઠે તેવા પદાર્થો હોય છે અને નીચલા પડમાં ગંધક, રાળ અને પોટૅશિયમ ક્લોરેટ હોય છે. ઘર્ષણને વધારે અસરકારક બનાવવા માટે કાચની ભૂકી પણ મેળવવામાં આવે છે. દીવાસળીના મોગરાને મોહક દેખાવ આપવા માટે કેટલીક વાર અંદર રંગો પણ નાખવામાં આવે છે અને સળગતાં એ સુંદર વાસ આપે માટે કેટલીક જાતની દીવાસળીઓમાં ધૂપ પણ નખાય છે. આ સાથે દીવાસળીની હરીફ, જે 'સિગાર લાઇટર'ને નામે ઓળખાય છે તેનું સહેજ ઓળખાણ કરવું ઠીક પડશે. સેરિઅમ (cerium) અને લોખંડની મિશ્રધાતુ (alloy)ને જ્યારે પોલાદની પટી ઉપર ઘસવામાં આવે છે ત્યારે આ મિશ્રધાતુની રજકણો છૂટી પડતાં તેમાંથી તણખા ઝરે છે. ચકમક અને લોઢું ઘસી અગ્નિ ઉત્પન્ન કરવાની આપણી બાપદાદાની રીતમાં અને આમાં તફાવત નહિ જેવો છે. આ સેરિયમને આપણા હિંદમાં આવેલા ત્રાવણકોરની મોનેઝાઇટ રેતીમાંથી ઉત્પન્ન કરવામાં આવે છે.

જ્યાં પુષ્કળ ઠંડી પડે છે એવા પ્રદેશોમાં ઊગતા કોનીફેરસ પાઇન (coniferous pine) વૃક્ષોનું લાકડું દીવાસળી માટે આદર્શ લાકડું છે. જ્યાં એ ઊગે છે, તે સ્થળે બનતી દીવાસળી સુંદર હોય એ સ્વાભાવિક છે. સ્વીડનમાં બનતી 'ફ્લાવર બાસ્કેટ'ના ચિત્રવાળી દીવાસળીની પેટીઓ આપણે ત્યાં પહેલાં ખૂબ વપરાતી અને હું ધારું છું કે આપણામાંના ઘણાએ તે જોઇ પણ હશે. હિંદમાં દીવાસળીનું લાકડું પહેલાં બહારથી આયાત થતું પણ હવે હિમાલયના પ્રદેશમાંથી તે લાવવામાં આવે છે. દીવાસળીનું ખોખું તો દેવદારનું બનાવાય છે.

કારખાનામાં દીવાસળી જથ્થાબંધ કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તેના લંબાણમાં ઊતર્યા વગર એટલું જ જાણવું બસ થશે કે, લાકડામાંથી સળીઓ બનાવવાનું, એ સળીઓને અમુક માપમાં કાપવાનું, તે પર અગ્નિવાહક પદાર્થો લગાડવાનું, અને તેમને પેટીઓમાં ગોઠવવા સુધીનું બધું કામ યંત્ર વડે જ થાય છે. ખુદ દીવાસળીની પેટીઓ, અને તેમના ઉપર ચોંટાડવાના 'લેબલો' તેમજ એ પેટીઓની ગણત્રી કરવાનું કામ પણ યંત્રો જ કરે છે. આ રીતે એક જ કારખાનામાં દિવસની ૫૦,૦૦,૦૦૦ દીવાસળી એકસામટી બનાવી શકાય છે.

[૪] ભવિષ્ય

આદર્શ દીવાસળીની આપણી વ્યાખ્યા ઉપરથી, અત્યારની દીવાસળી ઉપર કેટલા સુધારાઓ ભવિષ્યમાં થઇ શકે તે નક્કી કરી શકાય:

(૧) આદર્શ દીવાસળી જરા પણ ધૂમાડા વગર અને સહેજ પણ ખરાબ વાસ વિના બળવી જોઇએ.

(૨) ચોમાસામાં ભેજથી ખરાબ થઇ જવી ન જોઇએ.

(૩) તેની બનાવટમાં વપરાતા પદાર્થો એકદમ સસ્તા જોઇએ. ફૉસ્ફરસ સૅસ્ક્વી-સલ્ફાઇડ ઘણો મોંઘો છે.

(૪) તેના પર મોગરો ચોટાડવા માટે ગુંદર કરતાં કોઇ વધુ સારી વસ્તુ મળવી જોઇએ.

આ ઉપરાંત, પોટૅશિયમ ક્લોરેટને બદલે સોડિયમ ક્લોરેટ (sodium chlorate) પણ વાપરી શકાય. તેને મીઠામાંથી ઉત્પન્ન કરવામાં આવતો હોઇ બહુ સસ્તો પડે છે. આ પ્રમાણે દીવાસળીનો આદર્શ નજર સન્મુખ રાખતાં આપણે ઉત્તમ પ્રકારની દીવાસળીના પરિચયમાં આવવા ભાગ્યશાળી થઇશું એવી આશા રાખીએ.

---

૧ આ પદાર્થ—P_4S_3—ફૉસ્ફરસ અને ગંધકને ધીમે તાપે બાળવાથી બને છે. તેને બનાવતી વખતે રાસાયણિક સંયોગથી પુષ્કળ ગરમી ઉત્પન્ન થાય છે. હવામાં આ પદાર્થ ૧૦૦° સે.ટીગ્રેડ ઉષ્ણતામાને બળે છે અને ઠંડા પાણીની તેના ઉપર સહેજ પણ અસર થતી નથી. ઊકળતું પાણી તેને હાઇડ્રોજન સલ્ફાઇડ અને ફૉસ્ફરસ ઍસિડ એ બે વસ્તુઓમાં ફેરવી નાખે છે.

ચવિત્રાંબાજ ચિતારો

જેણે મધ્યયુગના યુરોપને પોતાની કળાથી એટલું જ પોતાનાં ટીખળોથી પ્રફુલ્લ બનાવી મૂક્યું

એફ. મટાનિયાના
લેખ અને ચિત્રો
ઉપરથી

'અલ્યા એઇ! હવે તો ઊઠો! હજુ ક્યાં સુધી ઘોર્યા કરવું છે? ઊઠો! ઊઠો!'


પહેલાં તો, આ સાદ જાણે દૂરથી આવતો હોય એમ જુવાન બૉનામિકોને લાગ્યું, પણ પછી તો પાસે ને પાસે આવતો જતો એ તેના કાનમાં ગાજી ઊઠ્યો.

ઓ ખુદા! તોબા છે આ તો!

એ કંઇ સ્વપ્નાં જોતો ઊંઘમાં નહોતો પડી રહ્યો; પણ સૌંદર્યના ઝાંખા આશ્લેષોમાંથી દિવ્યતામાં તરતું તેનું મગજ તરંગે ચડી ગયું હતું. તાજા લોહીભર્યા જુવાનોનાં ભેજાંને, મસ્ત નિદ્રા ભોગવ્યા પછી જે ખુશનુમાઇ અને તાઝગી મળે છે એવી સ્મૃતિના ધાંધલ વગરની, તારુણ્યને છાજતી, ગુલાબી કલ્પનાઓ એમાં ઘૂમી રહી હતી.

'એ અઘોરી! સાભળ્યું કે નહિ? ઊઠ! ઊભો થા!'

ઘોઘરા અવાજવાળો, બૉનામિકોનો માસ્ત્રો (શિક્ષક) આંદ્રી તાફ્ફી રોજ સૂર્યોદય પહેલાં ઊઠતો. ગુરુના ધોરણે જ શિષ્યે ચાલવું જોઇએ એવી



તેરમી સદીના ઇટાલીનો મશ્કરો ચિતારો બૉનામિકો બફ્ફલમાકો

એની દૃઢ માન્યતા હતી. અને સવારમાં તેના ચિત્ર-ગૃહમાં એકેએક વિદ્યાર્થી હાજર જ રહે એવો એનો આગ્રહ હતો. એમ છતાં, બધાને પથારીમાંથી ઢંઢોળી ઉઠાડવા રોજેરોજ તેને જ આટો થતો.

ઑનામિકોને એણે જગાડવા માંડયો હતો; પણ એ તો બોલે જ શાના? છેવટે જ્યારે ગુરુનો ગુસ્સો અને બરાડા અસહ્ય થયા ત્યારે ફફડાટ કરતો ને લોચા વાળતો એ બેઠો થયો. એને બેઠો થતો તથા પથારીમાં આળસ મરડતો જોઇને માસ્ત્રો ચાલતો થયો, પણ જતાં જતાં ધૂંધવાતો તડૂકતો ગયો: 'પહોર દહાડો ચડતાં સુધીયે અઘોરીની આંખ ઊંચી નથી થતી! નખ્ખરોળ નહિ તો!'

ગુરુના સિધાવ્યા પછી ભાઇસાહેબ ઊઠયા. કૂવામાંથી ઝટઝટ પાણીની ડોલ ખેંચી કાઢી મોં ધોવા માંડયું, પણ મનમાં બે શબ્દો ગાજી રહ્યા: "અઘોરી! નખ્ખરોળ!"

એમાં નખ્ખરોળ શાનો? અત્યારમાં તે કોઇ ઊઠતું હશે? ઊઠીને શું કૂકડીનાં બચ્ચાંને કૅાફી ધરવી હતી? વળી આ વખતે ચીતરવાનું યે શાનું? બુઢ્ઢાનું ચસકી ગયું લાગે છે!' ઑનામિકો મનમાં જ ફફડતો રહ્યો.

તેરમા સૈકામાં સ્થાપિત ચિત્રશાળાઓ ક્યાં યે હતી નહિ. ઉસ્તાદ ચિતારાઓ રહેવા ખાવાનો થોડો ખર્ચ લઇ પોતાને ત્યાં શાગિર્દોને ભણાવતા અને એ બધા ઉસ્તાદની સેવા કરતા—તેના કામમાં સહાય કરતા—ધંધો શીખતા. ઑનામિકોને પણ આ પુરાણા કારીગર આંદ્રી તાફેની તાલીમ લેવા આવવું પડયું હતું. આંદ્રી જેટલો ધર્મચુસ્ત એટલો જ ડરકણ હતો અને ધર્મઘેલાઇ જેટલી જ વહેમીલી તેની પ્રકૃતિ હતી. એમ છતાં વિદ્યાર્થીઓ ઉપર તો એની કડકાઇ જ રહેતી. તે ઘડપણને આરે હતો, છતાં અથાક મહેનતનું જાણે પ્રતીક હતો.

મોં અને ગરદન પર ઠંડા પાણીની છાલકો મારવાથી ઑનામિકોનાં સ્વપ્નાં સાથે ગુરુજી પરનો ગુસ્સો પણ ઊડી ગયો. આ જુવાનિયો ખુશમિજાજી, વિનોદી અને સૌને પ્રિય થઇ પડે તેવો હતો. ટીખળ કર્યા વગર એનો દિવસ જ ન વીતે.

એવામાં બીજા વિદ્યાર્થીઓ એને બોલાવવા આવ્યા. એ તૈયાર જ હતો. 'હજુ જરા પડયા રહેવું'તું ને?' એકે કહ્યું. 'કંઇ નહિ; માસ્ત્રો આવીને તને ઓઢાડી જતે!' બીજાએ ટાપસી પૂરી.

'અરે ભાઈ, દોજખમાં જરા વહેલા સીધાવો ને!' આખરે ચીડાઇને ઑનામિકો બોલ્યો અને બધા હસતા હસતા ચિત્રગૃહ તરફનો દાદર ઊતરી ગયા.

મંદિરમાં પ્રાર્થનાનો ઘંટ ગાજી રહે ત્યાં લગી ઊંઘવાની આદતવાળા ઑનામિકોનું ધ્યાન એ દિવસે ચિત્રોમાં ન હતું. કંઇ નહિ તો દિવસ ઊગે ત્યાં સુધી તો પથારીમાં પડયા રહેવાય એવી કોઇ યુક્તિ શોધવા એણે ભેજાનું દહીં કરી નાખ્યું.

ને છેવટ એ યુક્તિ એને મળી ગઇ! એ પુરાણા મકાનનું એક કાતરિયું ફંફોળતાં એક પટારો ખસેડયો ત્યાં નીચે વંદાનો મોટો જમાવ થએલો એણે જોયો. થોડી વાર તો આતુરતાથી એ નિહાળી રહ્યો. પછી સજ્જડ બંધ કરાય એવો એક દાબડો કાઢી એમાં ત્રીસ ચાળીસ વંદા ભરી લીધા ને એ સેતાની બારદાન પોતાની ઓરડીમાં લાવી સંતાડી દીધું. 'હું નખ્ખરોળ, કેમ? હવે જોઉં છું કોણ નખ્ખરોળ થાય છે!'

કોઇ દિવસ નહિ ને તે દિવસે એ વહેલો સૂવા ચાલ્યો ગયો. ઓરડીમાં આવી પેલો દાબડો ઉઘાડયો ને એકેએક વંદા પર કાગળની બે આંગળની ઊભી પટીઓ ચોંટીને જાગતો બેસી રહ્યો. બુઢ્ઢા માસ્ત્રોને ઊઠવાને અરધા જ કલાકની વાર રહી ત્યારે દાબડો ઉપાડી હળવે પગે તેનાં બારણાં આગળ તે પહોંચ્યો, અરધું બારણું ખોલ્યું અને પછી ઉપરની કાગળની પટીઓ સળગાવતા જઇ એકેક વાંદાને એ ખંડની અંદર છોડતો ગયો. પીઠ પર બળતી રોશનીથી ભડકેલા ત્રીસે વાંદા ઓરડીમાં આમતેમ દોડવા લાગ્યા. દેખાવ ભૂતાવળ જેવો બની રહ્યો.

થોડી વાર સુધી તો અંદરથી કશો અવાજ ન સંભળાયો પણ પછી ધીમેરો દબાએલો સ્વર અને કંઠભરેલું રૂદન સંભળાયું: 'ઓ,માતા મેરી! જગદંબા!' બુઢ્ઢાના અવાજમાં ધ્રુજારી હતી. મોં પર ગોદડું ઓઢી લઇ અંદર ને અંદર એણે પ્રાર્થના કરવા માંડી હતી.

ઑનામિકો બારણાની ફાટમાંથી બધો દેખાવ નિહાળતો મજા લઇ રહ્યો હતો. આખરે એ બલાઓ ચારે બાજુ વેરાઇ જઇ અદશ્ય થઇ ગઇ. દિવસ ઊગ્યો ત્યારે આંદ્રીએ ગોદડું ઊંચુ કરી બાકોરામાંથી

જોયું કે હું હવે ઊઠવામાં વાંધો નથી. ચિત્રશાળામાં ઉસ્તાદ હજુ ન આવ્યા એ પર જાતજાતની અટકળો થતી હતી. કોઇ કહે, 'આજ તે બીમાર હશે.' ઍાનામિકો કહે, 'અરે ના રે ના. ગુરુજી કદી બીમાર પડતા નથી.'

એવામાં માસ્ત્રો હાજર થયા. એમના ચહેરા પરથી નૂર ઊડી ગયું હતું. 'છોકરાઓ, કાલે રાતે તમે આ મકાનમાં કશું જોયું હતું?' આવતાં વેંત જ તેમણે સવાલ કર્યો.

'ના જી.' જવાબ મળ્યો.

'ખરેખર? કોઇએ કશું નહોતું જોયું?' એમણે ફરી પ્રશ્ન કર્યો ને ફરી નકારમાં ઉત્તર મળ્યો.

'પણ મેં તો જોયું છે જ.' ક્રૉસ હલાવતો તે બોલ્યો. 'તોબા! તોબા! બહુ જ ડરામણો દેખાવ. હું ઊઠવાનો વિચાર કરું છું ત્યાં તો બારણાનો જરા અવાજ સંભળાયો ને એ જ પળે એક સેતાની જ્યોત જમીન પર ચાલતી ઓરડીમાં દાખલ થઇ લોખંડની પેટી તરફ વળી. એવામાં પ્રકાશ વધ્યો, અને, ખુદાના કસમ! પેલી વધુ આફતો મારી ચોમેર ઘૂમી વળી. મારાથી બૂમ તો ક્યાંથી જ પડાય? મારો સાદ જ ફાટે નહિ ને?

મને લાગ્યું કે મારો અંજામ આવી ચૂક્યો. હું તો બહિસ્તના દેવો માત્રને પ્રાર્થવા લાગ્યો. આંખો મીંચી મોઢું ઓશીકા નીચે ઘાલી દીધું. દિવસ ઊગ્યો અને ખુદાએ ઊભા થવાની હિંમત અને શક્તિ આપી ત્યારે એ આફતની ફોજ વચ્ચેથી નાસી આવ્યો. ઓ ખુદા! આ શાં પાપ ફૂટ્યાં? હું તો ઈસ્ટરના દરેક તહેવારે મંત્રોથી શુદ્ધિ કરાવું છું!'

ખરી વાત તો એકલો ઍાનામિકો જ જાણતો હતો અને એણે તે બધાથી છાની રાખી હતી. એ દિવસે ચિત્રગૃહમાં કશું કામ થઇ શક્યું નહિ. ડોસાથી રાતનો પ્રસંગ કેમે ભૂલાયો નહિ. ઉચ્ચ કળાની ચર્ચામાંથી સૌ ભૂતકથાઓ કહેવાની સ્પર્ધામાં પડી ગયા. સાંજ સુધીમાં તાફીએ ઘર બદલી નાખવાનો નિશ્ચય કરી નાખ્યો. વાત વધી પડી. આ ઉપદ્રવનું નિવારણ કરવા પાદરીને પણ બોલાવવામાં આવ્યો. એણે માસ્ત્રોનું સમાધાન કરવાના ઉપાયો યોજવા માંડ્યા ત્યારે ઍાનામિકોએ પોતાનો ખુલાસો કરવાની તક મેળવી. એને ભાષણ કરતાં પણ સરસ આવડતું હતું. એ બોલ્યો:

'માસ્ત્રોના ઘરમાં ભૂતપિશાચ તો કદી જ આવી ન શકે એટલી તેમની પવિત્રતા અને ધાર્મિકતા જોરવાળી છે. તેમના જેટલું ધર્મધ્યાન કોઇ કરતું પણ નહિ હોય. છતાં આપણે ધ્યાનમાં રાખવું જોઇએ કે આપણે ચિત્રકાર રહ્યા; આપણે પિશાચને ભયંકર રૂપે જ ચીતરીએ છીએ, તેથી આખી ભૂતસૃષ્ટિ આપણા ઉપર વેર રાખે એ સ્વાભાવિક છે . . .'

પાદરી સાહેબ આ બધું ધ્યાનથી સાંભળી રહ્યા હતા અને અનુમતિમાં માથું હલાવતા હતા. ઍાનામિકો બીજા મુદ્દા પર આવ્યો—

'વળી પાછા આપણે દેવો, દેવીઓ, સંતો વગેરેનાં ચિત્રો પણ દોરવામાં બાકી નથી રાખતા. ઠેરઠેર એમનાં જ ચિત્રો થઇ ગયાં છે. એ દરેક ચીતરામણથી આપણે સેતાની સૃષ્ટિને સીધું અપમાન કરીએ છીએ અને બેફામ રીતે આ પિશાચો સાથે અથડામણમાં ઊતરીએ છીએ . . .'


'અરે, પણ તેમનો ત્રાસ દૂર કેમ રાખવો?' માસ્ત્રો અધીર થઇ બોલી ઊઠ્યા.

'શાંત! ગુરુજી, હું એ જ મુદ્દા પર આવું છું. આ ભૂતપિશાચોનું બળ રાત્રે જ વધે છે. દિવસનો પ્રકાશ પરમાત્મા સૂર્યની સાથે ખેંચી લે છે, તે વખતે આપણ પામર મનુષ્યો પર એ ભૂતો જોર બતાવે છે. એટલે મારી તો આપને નમ્ર વિનતિ છે કે પરમાત્માનો પ્રકાશ ન આવે ત્યાં સુધી આપે આંખ ઉઘાડવી નહિ; અને આપ ધર્માત્માને કદી દુઃખ થવાનો પ્રસંગ નહિ આવે. શુદ્ધ અને પવિત્ર માણસની નિદ્રામાં ખલેલ કરવાની શક્તિ એ પિશાચોમાં છે જ નહિ.'

ઍાનામિકોની આ વાતમાં પાદરી સાહેબે પણ સંપૂર્ણ સંમતિ દર્શાવી એટલે ઉસ્તાદે ઘર બદલાવવાનું માંડી વાળ્યું. બીજે દિવસે ફ્લૉરેન્સ નગરીનો સોનેરી સૂર્યપ્રકાશ તેની જાળી પર છવાયો ત્યારે જ તે ઊઠ્યો.

ફ્લૉરેન્સ ત્યારે પૂર્વગ્રહોનું ધામ હતું. દુનિયાને અજવાળનાર એની દાંતે જેવી મહાન પ્રતિભાઓ ત્યારે બાલ્યાવસ્થામાં હતી. કળાનો આદર બહુ ઓછા વર્ગમાં જન્મ્યો હતો. જ્ઞાન હજુ પાદરીઓનો ઇજારો ગણાતું ને જનતાને હાથ એ ન ચડે તેની ખાસ તકેદારી રાખવામાં આવતી.

દરેક નવા ગપગોળામાં માનનારા ત્યારે મળી



પીઠ પર બળતી રોશનીથી ભડકેલા વાંદા ઓરડીમાં આમતેમ નાસવા લાગ્યા ને ભૂતાવળ જેવો દેખાવ બની રહ્યો

આવતા ને એ પ્રમાણે જૉનામિકોવાળી વાત પણ ખૂબ ચવાવા લાગી. પરિણામે કેટલાં યે ચિત્રગૃહોએ રાત્રે કામ કરવાનું બંધ કરી દીધું.

જૉનામિકો બફલમાકો ચિત્રકળામાં આધુનિક વિચારોનો પૂર્વજ હતો. તેના સ્વતંત્ર માનસે તેના કાર્યમાં પણ અભૂતપૂર્વ છૂટ આપી. તેની કૃતિઓએ લોકોની રસવૃત્તિ ઉત્તેજવા માંડી. યજ્ઞવેદી પર બળતી મીણબત્તી જેવા સદીઓના નઝાંખા પ્રકાશમાંથી તેણે કલાનો દીપક પ્રકટાવ્યો.

ચિત્રગૃહમાંથી છૂટા થયા પછી એણે પોતા પર જ બધું કામ ઉપાડયું ને એમાં એને સારી જેવી કીર્તિ મળી. થોડા વખત પછી ફ્રાએન્ઝાના સ્ત્રીઓના મઠના ચિત્રકામ માટે તેને રોકવામાં આવ્યો. નાતાલ પહેલાં એણે પોતાનું કામ પતાવી લેવાનું હતું, જેથી સાધ્વીઓ નાતાલ ઊજવી શકે.

એને તો જોઇતી એકાંત મળી એટલે એનો પૂરો લાભ લેવા માંડયો. મઠને એણે પોતાનું નાનુંસરખું રાજ્ય બનાવી દીધું. ફાવે તેવો પોશાક પહેરતો ને ફાવે તે રીતે એ રહેતો.

પણ એની આ વર્તણુકે બરણાંની તરડોમાંથી એને નીરખતી સિસ્ટરોના મનમાં શંકા ઉપજાવી. સુંદર ઝભ્ભામાં સજ્જ થએલા માસ્ત્રોને બદલે લાંબા પહેરણમાં આમ તેમ ફરતા જૉનામિકોને જોઇ એમને થયું કે એ તો કોઇ સામાન્ય રંગરેજ છે. જૉનામિકો બફલમાકો તો હજુ ચીતરવા આવ્યો જ નથી.

એમણે એ વાત મઠની સાધ્વી પાસે કરી. એ દોડતી ત્યાં આવી. જૉનામિકોએ ઝૂકીને સલામ કરી: 'ગુડ મૉર્નિંગ, હોલી મધર! પ્રભુના તમને આશીર્વાદ હો. સેવકનું શું કામ છે?'

'આમીન, જુવાન!' એણે જવાબ આપ્યો: 'તને



બધી ગંભીરતા ભૂલાઇ ગઈ ને તોફાની વિદ્યાર્થિનીઓ જેમ હસતી કૂદતી બધી સાધ્વીઓ માસ્ત્રો બૉનામિકો આસપાસ એકઠી મળી

ઘણો વખત અહીં આવ્યે થઇ ગયો, પણ માસ્ત્રો બૉનામિકો હજુ કેમ નથી દેખાયા ? કામ તો બધું એમને કરવાનું હતું.'

બીજો કોઇ હોત તો તો આ બનાવથી ઉશ્કેરાઇ જાત; પણ બૉનામિકોને મજાક કરવાની આ સરસ તક મળી હોય એમ લાગ્યું. તેણે માસ્ત્રોને વાત કરવાની કબૂલાત આપી.

અને પછી પોતાની કામગીરી પર એ વળગ્યો. એક મોટા સ્ટૂલ પર બીજું સ્ટૂલ ગોઠવી, તે પર એક ચંબૂ મૂકયો. ચંબૂના નાળચામાં પીંછી મૂકી ભીંતને અડકતી એવી રીતે મૂકી કે જાણે ચિત્ર પર જ ફરે છે! ને પછી તેના પર એક લાંબો ઝભ્ભો ઓઢાડી દીધો. બસ. પછી જઇને વધાઇ આપી કે માસ્ત્રો બૉનામિકો ચીતરે છે. સાધ્વીઓ બાકોરામાંથી માસ્ત્રોને શાંતિ અને આશ્ચર્યથી જોવા માંડી. એનો બાંધો, એની છટા અને ભવ્યતા પર ખુશ થઇ ગઇ!

બૉનામિકોએ પંદર દિવસ બહાર ફરી આવવાનો ઇરાદો કર્યો. સાધ્વીઓ તો દરરોજ માસ્ત્રોને નજરાવતી ગઇ. પણ એનો એકનો એક 'પોઝ' જોઇ પછી વિમાસણમાં પડી. એમાંની એક જરા હિંમતબાજ હતી. એ અંદર ગઇ ને નગીને બૉનામિકોને જોવા લાગી. પણ ઓહ! એને ચહેરો જ કયાં હતો? બધી સાધ્વીઓને એણે એકઠી કરી. ધાર્મિક ગંભીરતા બધી ભૂલાઇ ગઈ ને તોફાની વિદ્યાર્થિનીઓ જેમ હસતી કૂદતી બધી સાધ્વીઓ માસ્ત્રો બૉનામિકોના કકડા કરવા માંડી. આ ચાલબાજી એમને સમજાઇ ગઇ ને એ તેમને માટે યોગ્ય જ હતી એમ તેમને લાગ્યું.

પખવાડિયું રહી બૉનામિકો પાછો આવ્યો: 'કોનું કામ ચડે?' આવતાં વેંત એણે પૂછ્યું. સાધ્વીઓએ પોતાની ભૂલ કબૂલ કરી. પછી તો બધી એની રમૂજ ને વાર્તાઓ સાંભળવા એની આસપાસ એકઠી થવા માંડી. નાતાલના ઘંટ વાગ્યા ને બૉનામિકોએ પોતાનું કામ ખલાસ કર્યું.

પછીથી,સંત ફ્રાન્સિસના દેવળનું કામ એણે પૂરૂં કર્યા બાદ બિશપ ગીડોએ પોતાના દેવળનું ચિત્રકામ તેને સોંપ્યું. બિશપને એક પાળેલું જનાવર હતું. માણસોમાં જેવો બૉનામિકો એવો જનાવરોમાં એ વાંદરો હતો. બૉનામિકોનું બધું કામ એણે એવી એકાગ્રતાથી જોવા

માંડ્યું કે કોઈ ડાહ્યામાં ડાહ્યો વિદ્યાર્થી પણ એવું નિરીક્ષણ ન કરે. ખાલી ચિત્રોની જ નહિ; રંગોની મેળવણીનું પણ તે નિરીક્ષણ કરતો!

સોમવારે ફરી શરૂ કરવા, એક શનિવારે ઑનામિકોએ પોતાનું કામ બંધ કર્યું ને ઘેર ગયો. વાંદરાને પોતાનું કૌશલ્ય દેખાડવાની એ સરસ તક મળી ગઈ. જોઈએ એટલા રંગો ને પીંછીઓ જોઈ એ તો ખુશખુશ થઈ ગયો. એક કુંડામાંથી બીજામાં ને બીજામાંથી ત્રીજામાં તેણે રંગો મેળવવા માંડ્યા. પછી એક મોટું બ્રશ લઈ બફલમાકોના ચિત્રો ઘૂંટવા માંડ્યો.

ચિત્રનો એકે ભાગ એણે વગરસુધાર્યો ન રહેવા દીધો. પછી બાકી રહ્યા એટલા બધા રંગો, એકે ટીપું બહાર ઢોળ્યા વગર એણે એક મોટા કુંડામાં એકઠા કર્યા ને નીચે કૂદી, ધરાઈધરાઈને પોતાની કામગીરી જોઈ, સંતોષ પામી પાછો પોતાને ઠેકાણે બેસી ગયો.

સોમવારે ઑનામિકોની સ્થિતિ અવર્ણ્ય થઈ પડી! કલાકો સુધી એણે એનું કારણ ખોળ્યા કર્યું. એને કોઈ દુશ્મનની અદેખાઈનું જ એ ફળ લાગ્યું ને ધુંવાંફુંવાં થઈ બિશપને જઈ વાત કરી. ક્રોધિત કલાકારને મહામુશ્કેલીએ બિશપે શાંત પાડ્યો. તેનાં ચિત્રોના રક્ષણ માટે હથિયારબંધ પહેરો મૂક્યો ને કોઈ અજાણ્યો અંદર ઘૂસવા આવે તો ત્યાં જ ઠાર કરવાની સૂચના આપી.

થોડા દિવસ વીતી ગયા પછી એક દિવસ ઓચિંતો કશો અવાજ સંભળાયો. પહેરેગીરો સાવધ હતા. ઘુસનારની કત્લ કરવા હળવે પગે તેઓ અંદર ગયા.

પણ એમની જરા યે દરકાર કર્યા વગર વાંદરાએ તો બેઠક પર જગ્યા લીધી ને પોતાનું કામ આદરી દીધું. પહેરેગીરોએ એને એમ ને એમ રહેવા દીધો ને ઑનામિકોને કહેણ મોકલ્યું.

'માસ્તર, માસ્તર, અમે ગુનેગારને પકડ્યો છે.' એક જણે જઈ ઑનામિકોને કહ્યું.

વેરનો મુશ્કેરાટ કરતા બફલમાકોએ ખંજર ઊપાડ્યું. 'ખંજરની જરૂર નથી' પહેરેગીરે કહ્યું. તેને લાગ્યું કે એમણે પોતાનું કામ પતાવી દીધું હશે એટલે એમ ને એમ તેની સાથે ચાલ્યો.

આવીને ગુનેગારને જોતાં જ ઑનામિકો ખડખડાટ હસી પડ્યો ને પછી ગયો સીધો બિશપ પાસે. 'મહેરબાન, આવો મહાન ચીતારો તમારે ત્યાં હોવા છતાં મને



બ્રશ લઈ ઑનામિકોનું ચિત્ર એ સુધારવા લાગ્યો

નાલાયકનો શા માટે ફ્લૉરેન્સથી બોલાવ્યો? મારી હજી તમારા વાંદરાને પસંદ નથી પડતી. એને માત્ર રંગો મેળવવાનું જ્ઞાન નહોતું; પણ તે યે હવે એ શીખી ગયો છે.

ભાઈબાપા કરી માંડમાંડ ત્રીજી વખત બિશપે ઑનામિકોને સમજાવ્યો. વાંદરાને ઘટતી સજા થઈ. લાકડાના પીંજરામાં એને પૂરવામાં આવ્યો, જ્યાંથી એ ઑનામીકોનાં ચિત્રો જોઈ બળ્યા કરતો.

એક દિવસ ઑનામિકોને એનો મિત્ર બ્રૂનો મળવા આવ્યો. 'મારાં પાત્રો શું કહેવા માગે છે એ દુનિયાને હું કેમ સમજાવું?' એણે સવાલ કર્યો. ઑનામિકોએ તરત પીંછી લીધી. ચિત્રમાં એક સ્ત્રીના મોં આગળ પરપોટો મૂક્યો ને તેમાં એને કહેવાના શબ્દો મૂક્યા. એ પછી તો એ પદ્ધતિ ખૂબ ફેલાઈ. જૂનાં ચિત્રોમાં અને આજનાં કાર્ટૂનોમાં એ ખૂબ દેખાય છે, પણ એનું મૂળ તો બ્રૂનો અને ઑનામિકોની આ મજાકમાં જ રહ્યું છે.

હવે ઑનામિકોની સ્વાભાવિક મજાકનું એક બીજું ઉદાહરણ આપી આ પ્રકરણ આટોપીએ.

કૅલ્સીનિયાના એક દેવળમાં, હાથમાં બાળક વાળી માતા મેરીનું ચિત્ર દોરવા તેને રોકવામાં આવેલો. એણે એ કામ ખલાસ કર્યું, પણ એના મહેનતાણાને બદલે માત્ર આભારના શબ્દો જ એને મળ્યા. એણે કંઈ ન કહ્યું. ચિત્ર ખુલ્લું મૂકવાના આગલે દિવસે



બાનામિકોમાતા મેરીના હાથમાં-નું રીંછનું બચ્ચું વાદળીથી ધોવા લાગ્યો

અફવા ઊડી કે ઍાનામિકો ગુમ થયો છે. ચિત્ર દોરાવનાર એનો ઘરાક તો એથી ખૂબ ખુશ થયો. એ સીધો દેવળમાં ગયો ને ચિત્ર ખોલી જોતાં જ ભડકી ઊઠ્યો. મેરીના હાથમાં બાળકને બદલે રીંછનું બચ્ચું!

એની સ્થિતિનો તો ખ્યાલ કરો! બીજે દિવસે તો એની ઉદ્ઘાટનક્રિયા હતી અને સારી પ્રજા એ મહાન કૃતિ જોવા આવવાની હતી! ઘરાક તો પૂરપાટ ફ્લૉરેન્સ ઊપડ્યો ને ઍાનામિકોને ખોળી કાઢ્યો. ઍાનામિકોએ તરત પોતાના મહેનતાણાના પૈસા માગ્યા. ગરજના માર્યા એના મહેનતાણાથી યે વધુ પૈસા ઘરાકે ચૂકવ્યા.

ઍાનામિકો દેવળમાં આવ્યો. હાજર રહેલા બધાને શંકા હતી કે ધારેલા વખતમાં એ પૂરું કરશે કે નહિ. પણ એણે તો તરત પાણીની એક ડોલ ને વાદળી મગાવી ને ચિત્રને ધોવા મંડી પડ્યો. ધોવાતું ગયું તેમ ચિત્ર પરથી રંગનો ભૂકો ઊતરતો ગયો ને થોડીવારમાં જ રીંછના બચ્ચાને બદલે બાળક પ્રગટ થયું. પૂરી બે મિનિટ પણ એ કામને ન લાગી!

ઘરાક તો એ જોઇ ધબ્બ થઇ ગયો: 'તમને તસ્દી આપ્યા વગર જ હું એ કરી શકત.' તે બોલ્યો.

'તસ્દી નહિ, પણ મને પૈસા આપ્યા વગર જ.' છેવટ સુધી રમૂજી ઍાનામિકોએ એનું વાક્ય સુધાર્યું ને પછી ચાલતી પકડી.

અથાણું

પહેલી તારીખ હતી. મુનીમે બધાં ભાડાં વસુલ કરી લીધાં હતાં; ફક્ત એક ઓરડી બાકી હતી. ત્યાં એક નાની છોકરી ઊભેલી. મુનીમને જોઇ તેણે કહ્યું, 'બા અને બાપાજી બેઉ બહાર ગયા છે. તમે શુક્રવારે ફરી વાર આવશો?'

'શુક્રવારે કેમ?' મુનીમે પૂછ્યું.

'અમે ગુરુવારે ઘર ખાલી કરીને જવાનાં છીએ.'

~

શેઠ: (જમતાંજમતાં ગુમાસ્તાને) અલ્યા મગન, અત્યારનું ને ભેગાભેગું રાતનું પણ જમી લેજે. આજે દુકાને કામ છે, માટે ઘડીઘડી અવાશે નહિ.

મગન: સારું શેઠ.

(ખાઇ ઊઠ્યા પછી)

શેઠ: ચાલ હવે ચોપડા ઊંચકી લે.

મગન: (ઠંડે કલેજે) ક્યાં ચાલું? મેં રાતનું ખાધું ને? એટલે હવે તો સૂઇ જવાનો વખત થયો. હવે કાલે વાત.

~

ગુમાસ્તો: શેઠ, આ અક્ષર ઘણા ખરાબ છે તેથી વાંચી શકાતા નથી.

શેઠ: ગધેડો પણ વાંચી શકે તેવા છે. લાવ હું વાંચી આપું.

~

શિક્ષક: બેવકૂફ, હું તને ભણાવી ભણાવીને થાક્યો, પણ તું તો ઠોઠનો ઠોઠ જ રહ્યો. તું ખરેખર મૂર્ખનો સરદાર છે.

વિદ્યાર્થી: નહિ સાહેબ, તમે ભૂલ્યા. હું સરદાર નથી પણ શિષ્ય છું.

~

એક: ગમે એમ, પણ રૂપો ફાંસીમાંથી તો બચી ગયો.

બીજો: કેમ? માફી મળી?

એક: અરે ના રે! જેલમાં જ એ મરી ગયો!

અનારોગ્યનાં બે કારણો

૧ .. ઝેર

એટલે શરીરને જરૂરી કોઈપણ તત્ત્વનો અતિયોગ: પેટ એટલે ખોરાક ભરવાનો કોઠાર સમજી, એથી આપણે સેંકડે નેવુ ટકા રોગોના ભોગ બનીએ છીએ.

૨ .. ભૂખમરો

એટલે શરીરને જરૂરી તત્ત્વોનો હીનયોગ: બાકીના દસ ટકા રોગોનો જનક. અને તે એકલા ખોરાકનો જ નહિ, પરંતુ પાણી અને હવાનો પણ.

કેવી રીતે તે આ ઉપયોગી લેખ કહેશે

આરોગ્ય શું અને એ કેવી રીતે મેળવી શકાય, એને વિષે જો આપણી પાસે સાચું જ્ઞાન હોય તો આપણે જરૂર દવાઓની ગુલામીમાંથી મુક્ત થઇ શકીએ. પણ કમનસીબે આ પ્રચારયુગમાં મોટા ભાગના લોકો આ વિષયને લગતું જ્ઞાન, સાચાને બદલે જૂઠું, અને પૂરાને બદલે અધકચરૂં ધરાવતા હોય છે.

એ જ રીતે રોગ શું છે, અને એ શી રીતે થાય છે, એ વિષે પણ લોકોને બહુ જ અસ્પષ્ટ, ભ્રામક અને ભૂલભરેલા ખ્યાલો હોય છે.

માનવી જ્યારથી વિચાર કરતો થયો ત્યારથી એણે આ વિષય ઉપર અવલોકન, અનુમાન, ચિંતન અને મનન કરીને આ બાબત વિષે સત્ય ખોળવાનો પ્રયત્ન કર્યાં જ કર્યો છે.

આ વિષયને લગતો જે વૈજ્ઞાનિક પુરાવો એકઠો થયો છે, એ ઉપરથી એમ જરૂર કહી શકાય કે આપણા વડવાઓ જેટલા આપણે આજે અંધારામાં નથી. જો કે જીવન અને મરણ, રોગ અને આરોગ્ય, શરીર અને જીવનતત્ત્વ એ વિષયોને લગતું આપણું જ્ઞાન બહુ અલ્પ છે, તો પણ નીચે જે સિદ્ધાંતો રજુ કરવામાં આવ્યા છે, એ જો સાચા ન હોય તો પણ સત્યની વધુમાં વધુ નજદીક છે, એમ ખાતરીપૂર્વક કહી શકાય.

પહેલાં તો આપણે એ જોઇએ કે માનવીની જીવનમર્યાદા કેટલી? આ પ્રશ્નનો કશો ચોકસ જવાબ આપી શકાય એમ છે જ નહિ. એક બાજુએ જન્મીને તરત જ મરતાં બાળકો અને બીજી બાજુએ મરજી મુજબ જીવન લંબાવતા યોગીઓ જોઇને આપણને ઉમરના કયા આંકડા ઉપર આંગળી મૂકવી એની સમજણ પડતી નથી. યોગીઓનો પ્રશ્ન બાજુએ મૂકીએ તો પણ ઇંગ્લંડમાં ૨૦૭ અને ચીનમાં ૨૫૦ વર્ષના દીર્ઘજીવીઓનાં નામો તબીબીચોપડે ચડયાં છે. આમ હોવાથી માણસે અમુક ઉમરે મરવું જ જોઇએ એમ આપણે ખાત્રીપૂર્વક કહી શકીએ નહિ.

બીજી બાજુ જોઇએ તો જગતના શાણામાં શાણા શરીરશાસ્ત્રીઓ કહી રહ્યા છે કે, માનવીના દેહની રચના એવી તો અપૂર્વ છે કે એનો નાશ થવો જ ન જોઇએ!

આ રીતે જોઇએ તો 'કુદરતી મોત' એ વિજ્ઞાનને મન એક ભારે અને અણઉકલ્યો કોયડો છે.

મોત સ્વાભાવિક છે એમ માની લઇએ, તો પણ ઘડપણની શરૂઆત કઇ ઉમરે થવી જોઇએ, એ વળી પાછું નક્કી કરવું બહુ મુશ્કેલ છે. કેટલાક ત્રીસ વર્ષે બુઢ્ઢા થાય છે, અને કેટલાકના એંસી વર્ષની વયે પણ બધા વાળ કાળા અને દાંત સાબૂત હોય છે!

ઘડપણ અને મોત સ્વાભાવિક છે કે નહિ એ વાદવિવાદનો વિષય હોઇ શકે, પણ રોગો તો અસ્વાભાવિક જ છે એ નિર્વિવાદ છે. અર્વાચીન આરોગ્યશાસ્ત્રના વિચારપ્રવાહોથી પરિચિત લોકો એમ ચોકસપણે માને છે કે, સાજા રહેવું કે માંદા પડવું એ આપણા હાથની વાત છે. તેઓ માને છે કે, કારણ સિવાય કોઇ રોગ થતો જ નથી!

દવા, દુવા ને ધૂણવાથી રોગો મટાડવા માટે તબીબ, ફકીર અને ભૂવાને ત્યાં દિનરાત ભમતા લોકો ભાગ્યે જ વિચાર કરે છે કે 'રોગનું કારણ શું?'

આજ સુધીમાં આશરે ૨૪૦૦ રોગો ખોળી કાઢવામાં આવ્યા છે; અને જો કે દરેક રોગને જુદાજુદા નામથી ઓળખવામાં આવે છે, તોપણ એમને ઉત્પન્ન કરનારાં શારીરિક કારણો તો બે જ છે: ઝેર અને

ભૂખમરો. દુનિયા ઉપર અસ્તિત્વ ધરાવતા એકેએક રોગને માટે, આ બે જ કારણો જવાબદાર છે.

હવે, ઝેર એટલે શું ? એક તો કોઇ પણ જરૂરી વસ્તુનો અતિયોગ એ ઝેર. બીજું, પ્રાણીમાત્રના દેહના ધારણ, પોષણ અને સત્ત્વસંશુદ્ધિ માટે જે જે પદાર્થો બીન-જરૂરી કે નુકસાનકારક હોય, એ બધાને ઝેર કહી શકાય.

અને ભૂખમરો એટલે શરીરને જરૂરી તત્ત્વોનો હીનયોગ અથવા તો સમૂળગી અછત.

જગત ઉપર અસ્તિત્વ ધરાવતા સૌ રોગોનું મૂળ તો એક જ હશે, એવો કંઇક ઝાંખો ખ્યાલ પ્રાચીન કાળમાં એકાદ બે લેખકોને આવેલો. આ દેશમાં લખાએલો सर्वेषामेव रोगाणां निदानं कुपिता मलाः । એ શ્લોક આ વસ્તુ જ જણાવે છે. ગ્રીક લેખકોમાં પ્લેટોએ પણ આવો જ ખ્યાલ રજૂ કર્યો હતો.

પણ આ સત્યનો સંપૂર્ણ સાક્ષાત્કાર તો આજથી આશરે પચાસ વર્ષ ઉપર જર્મનીમાં મહર્ષિ લૂઇ કુહ્નેને થયો. એમણે જગતના ઇતિહાસમાં પહેલી જ વાર એ વસ્તુ સિદ્ધ કરી કે, સૌ રોગોનું મૂળ શરીરમાં ભરાએલો બીનજરૂરી કચરો-વિજાતીય દ્રવ્ય (morbid matter)જ છે. એમના સિદ્ધાંતનો સાર એ છે કે: 'શરીરમાં બીનજરૂરી તત્ત્વોનો સંચય થવાથી રોગ અથવા માંદગીને નામે ઓળખાતી અવ્યવસ્થા ઊભી થાય છે.' સાથે સાથે એમણે એ પણ સિદ્ધ કર્યું કે, જંતુ એ રોગનું 'કારણ' નથી, પણ 'પરિણામ' છે.

આ સિદ્ધાંતને આજ સુધી કોઇ જૂઠો પાડી શક્યું નથી; પણ જર્મનીના એક અન્ય વિદ્વાનની શોધથી એનું સહેજ રૂપાંતર (modification) થયું છે.

જર્મનીના ડૉ. વિલિયમ સુઝલરે એક નવી જ પદ્ધતિ સ્થાપી. એમનું કહેવું હતું કે, માનવ દેહમાં બાર મુખ્ય ક્ષારો છે આ પદ્ધતિ બાયો કેમિસ્ટ્રીને નામે ઓળખાઇ. એ જણાવે છે કે 'શરીરમાં જરૂરી તત્ત્વોની અછતથી માંદગી ઉત્પન્ન થાય છે'.

જગતના આધુનિક શરીરશાસ્ત્રીઓએ અને આહાર-શાસ્ત્રમાં થએલી અનેક શોધોએ આ બે સિદ્ધાંતોને ખૂબ મજબૂત બનાવ્યા છે. આજે તો એમ માનવામાં આવે છે કે, આશરે ૯૦ ટકા રોગો ઝેરથી થાય છે, અને લગભગ ૧૦ ટકા રોગો ભૂખમરાથી થાય છે.

માનવીના શરીરમાં જોઇતાં સૌ તત્ત્વો હવા, પાણી ને ખોરાકમાંથી આવે છે; એટલે આ ત્રણેની વિપુલતા અને વિશુદ્ધિ ઉપર શરીરના આરોગ્યનો આધાર છે.

એક ઓરડામાં બારી બારણાં બંધ કરીને સૂતેલાં અનેક માણસોનાં મરણની હકીકતો આપણે વાંચીએ છીએ. આ લોકો હવાના ઝેરથી મરે છે. ફરજિયાત કે મરજિયાત ગળાફાંસો ખાઇને મરનાર હવાના ભૂખમરાથી મરે છે.

પણ હવાનો અતિયોગ શક્ય છે ? હા. એની ખાતરી કરવી હોય તો વાજાંવાળાનાં પાયમાલ ફેફસાં જોવાં !

પરંતુ સાથે સાથે એ પણ યાદ રાખવું જોઇએ કે, સોએ પંચાણું માણસો તો ઓછેવત્તે અંશે હવાના ભૂખમરાથી જ પીડાતા હોય છે. મોટા ભાગનાં માણસોની શ્વાસોચ્છ્વાસની ટેવો ખામી ભરેલી હોવાથી, પોતાનાં ફેફસાંનો તેઓ જોઇતો ઉપયોગ કરી શકતા નથી.

શરીરને માટે બીજું આવશ્યક તત્ત્વ પાણી. રણમાં તરસે મરતો માણસ પાણીની અછતથી, ને તળાવ કે દરિયામાં ડૂબી મરતો માણસ એના અતિરેકથી મરે છે.

પાણીનો માત્ર અતિરેક કે અછત ન હોય એટલું જ પૂરતું નથી. એ, સાથેસાથે નિર્મળ પણ હોવું જોઇએ. ગામડાંઓમાં વાવોના પાણીથી ઘણાને વાળા નીકળે છે અને અન્ય ઉપદ્રવો થાય છે, એ જાણીતી હકીકત છે.

ખોરાક આપણને અનેક માર્ગે વિષમય બનાવે છે. ખાઉધરાપણું અને પીઉધરાપણું એ પહેલો માર્ગ છે. વીશીઓ અને હૉટેલોનો ગંદો અને વાસી ખોરાક એ બીજો માર્ગ છે.

ખોરાકના અભાવથી એક માણસ મરતો હોય, તો એની અતિશયતાથી દસ મરે છે એમ માનવામાં સહેજ પણ વાંધો નથી. ખોરાક વારંવાર ખાવાથી, પૂરતું ચાવ્યા વિના ગળા નીચે ઉતારવાથી, અનેક વાનીઓ એકીસાથે લેવાથી, ભૂખ વિના ખાવાથી કે તરસ વિના પીવાથી, તે શરીરમાં અનેક પ્રકારના દોષો અને વિષો ઉત્પન્ન કરે છે.

માંદા માણસને સમજાવીપટાવી કે બળજબરીથી ખવડાવેલો ખોરાક, માંદગીને લંબાવે છે અને જિંદગીને ટૂંકાવે છે.

ચા, કૉફી, કોકો અને ચૉકોલેટ જેવાં પીણાંની કીમત, ખોરાકની દૃષ્ટિએ તો કશી જ નથી; અને એ જો ઉગ્ર પ્રમાણમાં કે વારંવાર લેવામાં આવે, તો એમની અસર પણ દવાઓ જેવી જ છે.

મસાલાઓનો યોગ્ય વપરાશ થાય તો શરીર એને અનુકૂળ થઇ શકે છે; પણ એમનો અતિરેક તો શરીરને ઝેરી બનાવે છે. દરેકેદરેક ખોરાકને વધુમાં વધુ રાંધીને નિઃસત્ત્વ કરી, આપણે એક ધીમું ઝેર જ લઇએ છીએ.

ઘઉંમાંથી મેંદો તૈયાર કરવાની, ગોળમાંથી ખાંડ છૂટી પાડવાની, કરડમાંથી ચકચકતા ચોખા બનાવવાની અને એવા જ અન્ય માર્ગોથી, સારા ખોરાકોને નઠારામાં ફેરવવાની જે લોકપ્રિય પ્રવૃત્તિ આજે ચાલી રહી છે, એને આપણે એક રીતે પ્રજાદેહને ઝેરી બનાવવાની અને બીજી રીતે ભૂખે મારવાની પ્રવૃત્તિ કહી શકીએ.

માણસના સૌ રોગોને મટાડે એવી એક જ દવા હજી સુધી હાથ આવી નથી. પણ એના નેવું ટકા વ્યાધિઓને દૂર કરે એવી એક દવા તો શોધાઇ છેઃ એ દવાનું નામ, 'વૈજ્ઞાનિક લંઘન!'

ઉપવાસના હિમાયતીઓનો એવો દાવો છે કે, શરીરનાં સૌ રોગોત્પાદક ઝેરોનો ઝડપીમાં ઝડપી નિકાલ કરી, ટૂંકામાં ટૂંકા વખતમાં એ આરોગ્ય બક્ષે છે. જો ઉપવાસથી નેવું ટકા રોગ મટતા હોય તો બાકીના દસ ટકા મટાડવાને વળી દવા પીવી? હરગીઝ નહિ! એ રોગો તો ભૂખમરાથી થાય છે અને પથ્ય આહાર એ જ એનો ઉપાય છે.

આપણે જાણીએ છીએ કે દુષ્કાળમાં સેંકડો લોકો ભૂખમરાથી મરે છે; પણ એનાથી અનેકગણા લોકો સુકાળમાં પણ ભૂખમરાથી મરે છે. છતાં સુકાળના ભૂખમરાને કોઇ ભૂખમરાને નામે ઓળખતું નથી!

આ ભૂખમરો શ્રીમંત અને ગરીબ સૌને સરખી રીતે લાગુ પડે છે. એથી થતા રોગોને, વૈજ્ઞાનિકો ન્યૂનતાજનક રોગો–deficiency diseases–નામે ઓળખે છે.

સૌથી પહેલો જોઇએ પ્રજીવકો (વિટામિનો)નો ભૂખમરો. પ્રજીવક 'અ'ના અભાવથી શરીરની રોગનિરોધક શક્તિ ઘટે છે, અને તેથી જ એ અનેક ચેપી રોગોનો ભોગ બને છે. આંખોના કેટલાક રોગોના મૂળમાં, એની તૂટ એ એક કારણ હોય છે.

બેરી–બેરી જેવા જ્ઞાનતંતુઓના રોગો પ્રજીવક 'બ'ની તૂટથી થાય છે, અને એ પૂરતા પ્રમાણમાં આપવાથી આ રોગો મટી જાય છે. કબજિયાતમાં પણ આ તૂટ અમુક અંશે જવાબદાર છે, એ હમણાં જ શોધાયું છે.

સ્કર્વી નામનો દાંતના પારાનો રોગ પ્રજીવક 'ક'ની તૂટથી થાય છે.

બાળકોને થતો અસ્થિશોષ–rickets–નામનો રોગ મટાડવા માટે પ્રજીવક 'ડ'નો ઉપયોગ આજે આખી યે દુનિયા ઉપર થઇ રહ્યો છે.

વંધ્યત્વનાં અનેક કારણોમાંનું એક કારણ પ્રજીવક 'ઇ'નો અભાવ છે.

ક્ષારો પણ પ્રજીવકો જેટલા જ અગત્યના છે. સૌ ક્ષારોમાં વધુમાં વધુ અગત્યનો ચૂનો (Calcium) છે. ચૂનો, ફૉસ્ફરસ અને વિટામીન 'ડી'ની તૂટમાંથી પાયોરીઆ જેવાં દર્દો ઊભાં થાય છે. ક્ષયરોગનાં કારણોમાં ચૂનાનો અભાવ એ મોટું કારણ છે, એમ હવે માનવામાં આવે છે. અને ભરપૂર ચૂનાના ખોરાક ઉપર રાખવાથી ક્ષયના દર્દીઓના મરણપ્રમાણમાં ખૂબ ઘટાડો થયો છે.

આપણા ગળામાં આવેલી થાયરૉઇડ ગ્રંથીમાં થતો ગોઇટર–Goiter–નામનો રોગ આજ સુધી વૈજ્ઞાનિકોને મૂંઝવતો હતો. આ રોગ થવાનું કારણ આયોડીનનો અભાવ છે, એ હવે સિદ્ધ થયું છે. જે બાળકોના ખોરાકમાં આ તત્ત્વનો અભાવ હોય છે, એમની તંદુરસ્તી નબળી રહે છે, ઊંચાઇ વધતી નથી, અને ભણવામાં ઠોઠ રહે છે. જે માબાપોને પોતાના બાળકોના –અને શિક્ષકોને અમુક વિદ્યાર્થીઓના–બુદ્ધિવિકાસમાં ખામી લાગતી હોય, એમણે અન્ય ઉપાયો સાથે, આહારસુધાર તરફ નજર દોડાવી જોવી.

પાંડુરોગ લોહના અભાવથી થાય છે, એ હજારો વર્ષથી જાણીતી હકીકત હતી; પણ હવે એમ મનાય છે કે એ લોહ અને ત્રાંબુ બંનેના અભાવથી થાય છે.

સંધિવા 'પોટૅશિયમ ક્ષારો'ના અભાવથી થાય છે. ડેનમાર્કના મશહૂર આહારશાસ્ત્રી હિન્ડહેડેએ બટાટાના ખોરાકથી અનેકનો સંધિવા મટાડ્યો છે, તેમજ આ દિશામાં અનેક કીમતી શોધખોળો કરી છે.

આ રીતે વિજ્ઞાન જેમજેમ આગળ વધતું જાય છે, તેમતેમ આહાર અને આરોગ્ય વચ્ચે ગાઢો સંબંધ છે એ વસ્તુ સિદ્ધ કરે છે.

આજથી ત્રીસ વરસ ઉપર પ્રૉ. વીલે જેવા દૃષ્ટાએ કહ્યું હતું, 'Food will be the medicine of future'–'ખોરાક એ ભવિષ્યની દવા થશે.' એની દીર્ઘદૃષ્ટિ અને ડહાપણ, એ વખતે તો એના તબીબ-મિત્રોની દૃષ્ટિએ એનું ચક્રમપણું જ હતું!

પણ આજે આપણે એની ભવિષ્યવાણી સાચી ઠરતી જોઇએ છીએ. ચિકિત્સાના ક્ષેત્રમાં રોગો મટાડવા માટે દુનિયાભરમાં ધીમેધીમે પણ ચોકસ રીતે દવાઓનો ઉપયોગ ઘટતો ચાલ્યો છે, અને ખોરાકોનો વાપર વધતો ચાલ્યો છે. એના જમાનામાં ખોરાકથી એક રોગ મટતો, આજે વીસ મટે છે.

જો કે ક્ષારોના કાર્ય વિષેની ચોકસ માહિતી મળવાની શરૂઆત, ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં જર્મનીના નિસર્ગોપચારક ડૉ. લામનથી થઇ છે, તો પણ એને લગતી અમુક અનુભવસિદ્ધ માહિતી આપણા દેશી વૈદકમાં પણ હતી. વનસ્પતિના રસો, ચોખાનું ધોવણ, મધ વગેરે વસ્તુઓ અનુપાનમાં આપી, શરીરના ખૂટતા ક્ષારો પૂરા કરવાની એમની યોજના પ્રશંસનીય હતી.

આ ક્ષારો શરીરમાં ખૂટવાનું કારણ શું છે, અને એમને લેવાનો સર્વોત્તમ રસ્તો કયો, એ વિષય તો એક સ્વતંત્ર લેખ માગી લે છે, છતાં આટલા ઉપરથી આપણી આગળ ત્રણ વસ્તુઓ સ્પષ્ટ થાય છે:

(અ) પથ્ય ખોરાક, યોગ્ય રીતે લેવો જોઇએ, જેથી એ શરીરમાં જઇને ઝેર ઉત્પન્ન ન કરે.

(બ) દારૂ, અફીણ, તમાકુ, ચા, કૉફી અને અન્ય ઓછુંવત્તું વિષ ઉપજાવનારાં વ્યસનોથી દૂરરહેવુંજોઇએ.

(ક) દવાઓ, સીરમો, વૅક્સીનો, એન્ટી–ટૉક્સીનો અને પેટન્ટ દવાઓથી પણ ઉપરનાં કારણોસર દૂર રહેવું જોઇએ.

(ડ) ખોરાક એવો લેવો જોઇએ કે જે શરીરને જરૂરી સૌ તત્ત્વો પૂરાં પાડે અને કોઇ તત્ત્વની ખોટ ન પડવા દે.

(ઇ)શરીરનાં જૂનાં ઝેરોનો, ઉપવાસ, જલચિકિત્સા, પ્રાણાયામ અને સૂર્યપ્રકાશની મદદથી નિકાલ આણવો.

આટલું જો બરાબર કરી શકીએ તો સાજા થવાની અને સાજા રહેવાની ચાવી આપણા હાથમાં આવી ગઇ છે, એમ માની શકાય.

રોગ અને મોતના અસ્પષ્ટ ડરને બદલે, આપણને આત્મરક્ષણ માટે ઝેર અને ભૂખમરાના સ્પષ્ટ ડરની જરૂર છે.

રમણલાલ એન્જિનીઅર

ફોટોગ્રાફી વિભાગ

ફોટોગ્રાફી બહુ ખર્ચાળ શૉખ છે એવી માન્યતા પ્રચલિત છે. પણ કુશળતાથી કૅમેરા વાપરનારને બુદ્ધિ અને મહેનતના પ્રમાણમાં બદલો મળે જ છે. આજ સુધી હિન્દમાં મોટી ઇનામી હરીફાઇઓ ભાગ્યે જ થતી, પરંતુ હવે નવીનવી હરીફાઇઓ યોજાય છે. માર્ચ ૧૯૩૭માં આગફા ફોટો કંપનીએ અખિલ હિન્દ ફોટોગ્રાફીના શૉખીન ને ધંધાદારીઓ માટે રૂા. ૨૦૦૦)ની હરીફાઇ રાખેલી. તેનું પરિણામ હમણાં જ બહાર પડયું છે. રૂા. ૧૦૦૦)નું પહેલું ઈનામ જીતનાર મુંબાઇના ભાઈ એમ. દેસાઈ છે. ને રૂા. ૪૦૦, રૂા. ૨૦૦ તથા રૂા. ૧૦૦ એમ ત્રણ ઇનામો ઉપરાંત રૂા. ૧૦નાં એવાં ત્રીસ ઇનામો વહેંચ્યાં છે. આ હરીફાઇમાં ત્રણ ગુજરાતીઓ પણ ઇનામો મેળવી શકયા છે.

*

ફોટોગ્રાફીમાં વારેવારે વપરાતો શબ્દ ટોન (tone) બે અર્થમાં વપરાય છે. એક તો એ પ્રિન્ટના રંગભેદ દર્શાવે છે, જેમકે બ્લુ ટોન, સેપીઆ ટોન, ગ્રીન ટોન, બ્લૅક ટોન વગેરે; બ્રોમાઇડ પ્રિન્ટ યા એન્લાર્જમેન્ટને જુદી જુદી દવાઓમાં નાખીને આખા યે ફોટો-ચિત્રના કાળા રંગને જુદા રંગોમાં ફેરવાય છે. તે ક્રિયાને ટોનીંગ કહે છે.

છાયા-પ્રકાશ અને ચિત્રવસ્તુના મૂળ રંગોના પ્રમાણમાં વિષયના ફોટો-ચિત્રમાં એક જ રંગ આછો, પાતળો, ઘેરો એમ જુદા જુદા પ્રમાણમાં ઊતરે છે. આને વર્ણભંગ કહી શકાય. અંગ્રેજીમાં તેને Tones of the Picture કહે છે. ચિત્રની ખૂબી તેના વર્ણભંગ ઉપર અવલંબે છે. વર્ણભંગને ચિત્રની આકૃતિના રંગ (colour) સાથે કાંઇ જ નિસ્બત નથી.

હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામ: 'ઘેરી આઇ બદરી'–કુ. ઉષા ઠાકોર (મુંબાઇ): બીજું ઇનામ મોકૂફ રાખ્યું છે; ત્રીજું ઇનામ: 'સંધ્યા'–ભાઇ ચંદુલાલ શાહ (અમદાવાદ) નોંધપાત્ર: (૧) સૂર્યાસ્ત'–ભાઇ

ઇ. જે. લાખાણી (કુતિયાણા); (૨) 'પક્ષીગૃહ'–ભાઇ અંબાલાલ ગાંધી (છાણી); (૩) 'વસંતનું આગમન'–ભાઇ અજીત કાપડીઆ (મુંબાઇ); (૪) બગભગત' –ભાઇ દેવેન્દ્ર જસાણી (ભાવનગર).

કુ. ઉષા ઠાકોરના ફોટોચિત્રમાં પ્રકૃતિના સર્વસાધારણ દૃશ્યને ભાવમય સ્વરૂપમાં રજુ કરેલું છે. વાદળાથી ઘેરાએલા ગગનની ભૂમિકા પર ઝાડ અને તળાવની સુરચનાથી ચિત્ર દીપી ઊઠે છે. પરંતુ આગળના ભાગમાં જણાતું નીચી ઝાડીનું જૂથ અને ક્ષિતિજના ડુંગરાની હારને ઢાંકતી વચ્ચે આવતી તળાવની જમીનની લીટી આંખને દૂર જતી અટકાવે છે.

ભાઈ ચંદુલાલ શાહે ચિત્રને અનુરૂપ નામ શોધ્યું નથી. નદીતીરે સંધ્યા સમયે સ્નાનાદિ કાર્યથી પરવારી કપડાં ધોતી વ્યક્તિ એ ચિત્રનું લક્ષ્ય છે. સંધ્યા તો માત્ર ચિત્રનું વાતાવરણ જ છે. પ્રિન્ટ વધુ પડતો કાળો છે. વર્ણભેદ સચવાયા નથી

ભાઇ લાખાણી કુદરતે રજૂ કરેલું ચિત્ર બરાબર ઝડપી શક્યા નથી અને તકનો પૂરો લાભ ઉઠાવ્યો નથી. ભાઇ અંબાલાલના 'પક્ષીગૃહ'નો વિષય સારો છે; હજી સુયોગ્ય વાતાવરણમાં બીજી કોઇ રચના કરી આ વિષય ફરી પાડી જોવો જોઇએ. ભાઈ કાપડીઆએ એમના ફોટોચિત્રમાં ઘણી વસ્તુઓ સમાવી છે. જો વિચારપૂર્વક વિષય અને વસ્તુની પસંદગી કરીને ચિત્ર લીધુ હોત તો 'વસંતનું આગમન' દીપી ઊઠત. 'બગભગત'થી ભાઇ દેવેન્દ્ર છેતરાયા છે. નેગેટિવ પાતળી હોય એમ પ્રિન્ટ પરથી લાગે છે. **બલવન્ત ભટ્ટ**




ચીલાચાલુઓનો કકળાટ

(ચિત્રકાર · શંકરરાવ કિર્લોસ્કર . . . લેખક પ્રો. ના. સિ. ફડકે)

સાહસભર્યાં નવા વિચારો તમે દુનિયા સમક્ષ મૂકો કે બધા જ લોકો એનું સ્વાગત કરી રહે એમ બનવું કદી જ શક્ય નથી. 'જૂનું તે સોનું' માનનારો એક આખો વર્ગ સમાજમાં હોવાનો જ. નવા નવા વિચારોની એને હમેશાં ભીતિ રહ્યા કરવાની. સમાજમાં કોઇ પણ નવી કલ્પનાની રજૂઆત થઇ, કે એ વર્ગને મને તો જાણે દુનિયાનો પ્રલયકાળ આવી લાગ્યો!

વળી એ પોતે આજના જે વિચારોને જૂના સમજે છે એ શું પહેલેથી જ જૂના એટલે કે અનાદિ છે? તેમનો પણ આરંભ કોઇ નવમતવાદીએ કોઇ કાળે 'નવા આચાર' તરીકે જ કર્યો હશે. એટલે, એક રીતે તો, આજના ચીલાચાલુઓ પણ નવમતવાદીઓ છે. ફરક માત્ર એટલો જ કે એમને થોડુંક વપરાએલું નવું જોઇએ છે. એને બદલે એકાદ તદ્દન નવીન કલ્પનાનું જ બચ્ચું તેમની નજરે ચડયું તો એને વાઘ માનીને એવા બૂમબરાડા કરવા એ મંડી પડવાના! કે 'હવે સમાજ રસાતાળ જવાનો'!



મૃત્યુ પછીનો પ્રદેશ

'કહો. અગમ એ સ્થળે ચમકતી હશે ચાંદની?
હશે અગર કાલિમા અતલ ઉર ઊંડાણ શી?
વદે જન અહીં ઘણા: "ગરવથી જીતી એ ગયો
નક્કી નિધન." કિંતુ એ ભરમ મોતનો ભેદતો
ન સ્પષ્ટ ઉદગાર કો મનુજબાલ કાઢી શક્યો;
અહીં સુખદ સ્વપ્ન કલ્પન મૂકી અધૂરાં જવું
અચાનક મળ્યે નિમંત્રણ; ન દીઠું એવું નવું
હશે નિરખવું શું ત્યાં? લહી શકે નહિ તાગ કો?'

હવે ન વચનો કદા
શકે ટકી જ એહવાં.
ચઢ્યા શિખરિણી કંઇ અગમ પ્હાડકેડી; ગયા
વિમાનતીર સોંસરા નીકળી આભ; પાછા ફર્યા
અમાપ જલ સિંધુનાં કરી દઇ અમે છીછરાં;
પ્રચંડ જગબુદ્ધિ ને હૃદયવેગ સામે જરી
ન ભેદ ટકતો હવે. નિધન! તારૂં યે રાજ્ય એ
જીતી પ્રગટશું અમે પ્રબલ જ્યોત મેધા તણી.

'અજ્ઞાત'

અમે *

અમારી રસવૃત્તિઓ અમ અહંત્વ સીમાવતી
મનુષ્યપર, વારતા કવનમાં કહેલી નથી:—
અમે ધબક સૌ સહી જીવનનાં બલો નોતર્યાં,
અનાદિ શિશુહાસ્યને અવગણી પ્રવાહો વહ્યા
વ્યથા સ્મિત દયા ઘૃણા પ્રખર વાસનાઓ તણા
પ્રબંધ અમ પ્રાણના હચમચાવતા, તે લહ્યા.
શરીર ધન કીર્તિ લોભ નિજ કલ્પનોમાં વર્યા—
સમુજાતિ તણાં અહંસહજ કુંઠનો ભોગવ્યાં;
અમે પતિત થૈ અને મલ–ગભીરતા તાગતા,
વિઘાતક બલો ચુમી નિકષ ઝેરના તારવ્યા.
બધા સ્થિતિ તણા પ્રલાપ કટુમિષ્ટ ભાષા જડ્યાઽ
કર્યાં અમ સહિષ્ણુતાવશ, યથાસ્થ હૈયે ગ્રહ્યા;
રહ્યાં અણગ્રહ્યાં છતાં વહન વિશ્વવ્યાપારનાં,
અમો અબલને વિરાટ-જન-યોધ દેજો ક્ષમા!

સ્વસ્થ

* ઉમાશંકરની સહકૃતિ ઽ ભાષા દ્વારા શક્ય

કવિતાક્ષરી

• મિશ્ર •

પૃથ્વી પરે રેત પ્રસારી હાથથી
લખ્યા કંઇ અક્ષર તે પરે મેં.
હૈયે રૂચ્યા ના, સહુ એ ભૂંસીને
લખ્યા વળી અક્ષર અન્ય તે સ્થળે.
પૃથ્વી તણો, આમ વિશાળ હૈયે
લખી ભૂંસી કૈં કવિતાક્ષરી મેં.
ના ભૂમિના ચેતનહીન ઉરથી
સુણ્યું તથાપિ કહીં એક સ્પન્દને.
વાયુ તણે એક પ્રચંડ ઝાપટે
આવી, ઉડાડી મુજ રેત સર્વ એ.
લખું લખું ત્યાં ઉર થાય મારૂં–
કઠોર; હૈયે પણ પૃથ્વી કેરા
લખાય ના, અક્ષર એક શું લખું?
ઊડન્ત રેતીકણ નીરખી રહું.

ભાનુ

પુરાણો દીવડો

• માઢની ધૂન •

મારો પ્રાણ પુરાણો દીવડો
જુદાં કોડિયાં ધારણહાર! ધ્રુવ.
દેવનાં પૂરેલ દીવેલ વચ્ચે
આતમની સગવાટ,
તિમિર પન્થે જીવન ઝીલે
ઓજસના અંબાર.. મારો૦
કાળમાં કોતરકામ કરે એ
તમ બુઝાવણ હાર;
વાત, પ્રવાત, વંટોળ વધાવી
ઊભો દેહને દ્વાર.. મારો૦
જીવનવાટે જ્યોત ઝબૂકે
ચેતનના ચમકાર,
જગ અન્ધારે એકલો જાગે
તિમિરનો શણગાર.. મારો૦
મારો પ્રાણ પુરાણો દીવડો
જુદાં કોડિયાં ધારણહાર!

વેણીભાઇ જમનાદાસ પુરોહિત

જીવનનું પરોઢ

પ્રકરણ ૧૩ મું : હિંદી મહાસાગરને પેલે પાર

કલાકના આઠ સાડાઆઠ માઇલની ઝડપે 'સોમાલી' પાણી કાપતી આગળ વધતી. તેનું ગજું નવ દસ 'નૉટ'થી વધારે ન હતું. મોટી મોટી મેલ સ્ટીમરોનું પણ સત્તર અઢાર 'નૉટ'થી વધુ નથી હોતું. લડાયક બારકસો વધુ ઝડપી હોય છે ખરા. 'નૉટ' એ માઇલને માટેનો સામુદ્રિક પરિભાષાનો શબ્દ છે. માઇલથી 'નૉટ' સહેજ નાનો હોય છે. મુંબઇથી ડરબન સુધીનું સીધું અંતર ચાર હજાર માઇલ છે. એક ઘોડાગાડીની ઝડપે અમારી સ્ટીમરે વગરઅટક્યે રાતદિવસ ચાલ્યા જ કર્યું. સાત દિવસ ને સાત રાત સુધી સતત પાણી કાપી સિશ્યેલ્સ પહોંચતાં સુધીમાં સોમાલીએ ૧૮૦૦ માઇલનો પંથ પતાવ્યો. ડરબન પહોંચતાં સુધીમાં આ મોટામાં મોટી મજલ હતી. સિશ્યેલ્સ મૂકયા પછી ચોથે દિવસે લામૂબંદર આવવાનું હતું અને ત્યાંથી આફ્રિકાનો પૂર્વ કિનારો જોતાં જોતાં અમારે દક્ષિણે ઊતરવાનું હતું.

અંગ્રેજી સામ્રાજ્યના અનેક કોલિંગ સ્ટેશનમાંનું સિશ્યેલ્સ એક મહત્ત્વનું કોલિંગ સ્ટેશન છે. કોલિંગ સ્ટેશન બે કામ આપે: એક, મહાસાગર ઓળંગતાં બારકસોને કોયલા, મીઠું, પાણી અને ખોરાક પૂરાં પાડે; અને બીજું, મહાસાગર પર લશ્કરી આણ કાયમ રાખે વિસ્તૃત ક્ષેત્રફળવાળા પ્રદેશો કબજે કરવાની મહેનત કરતાં આવાં કોલિંગ સ્ટેશનો પર પોતાનો વાવટો ફરકાવવા માટે સામ્રાજ્યવાદી દેશો ચોગણી મહેનત કરે છે. નકશામાં સોયની અણી મૂકી ન શકાય એવા નાના ટાપુ માટે ઇંગ્લંડ, ફ્રાન્સ, જર્મની, અમેરિકા, જાપાન વગેરે વચ્ચે ભારે હુંસાતુંસી ચાલ્યાનાં કેટલાં યે ઉદાહરણો આધુનિક ઇતિહાસમાં છે. જ્યાં ભૂખંડ ન મળે ત્યાં પણ મહાસાગર વચ્ચેના નાના નાના ટાપુઓ હાથ કરી લેવાની ચતુરાઈ ઇંગ્લંડને બહુ વહેલી સૂઝી. બીજા દેશો અને સામ્રાજ્યો જાગે એ પહેલાં તેણે ત્રણે મહાસાગરો અને બધા સમુદ્રોમાં ઠેકઠેકાણે લાલ ટપકાં પાથરી દીધાં અને એને પ્રતાપે તે સમુદ્રસમ્રાટ બન્યું, સાથે સાથે એના રાજ્યમાં સૂર્યનો અસ્ત થાય જ નહિ એવો એનો મહિમા ગવાયો.

સિશ્યેલ્સના બારામાં અમારી સ્ટીમરે લંગર નાખ્યું ત્યારે સાંજ પડવા આવી હતી. સામે એક ડુંગર અને તેમાં ટપકાં જેવડાં ઘર દેખાતાં હતાં. દરિયાનાં ઉછળતાં મોજાં કયાં સંતાઈ ગયાં તેની ખબર ન પડી. થાળીમાં પાણી ભરી ઘરમાં મૂકીએ તેના જેટલો સમુદ્ર શાંત હતો. એન્જિનરૂમમાંથી આવતો ધડધડાટ અને પંખાવડે કપાતા પાણીનો ઘુઘવાટ પણ બંધ પડી ગયો હતો. મુંબઇની જેમ આસપાસ લૉંચની કે બીજી સ્ટીમરોની ધાંધલ ન હતી અને આખા બંદરમાં કાળા કાળા ધૂમાડા અમારી સ્ટીમરના ભૂંગળા સિવાય બીજે કયાંયથી નીકળતા ન હતા. ઉપર આકાશ નિર્ધૂમ ને નિરભ્ર હતું. નીચે પાણી તેથી યે વધુ સ્વચ્છ અને ગંભીર હતું. ચોમેર શાંતિ પથરાઇ ગઇ હતી. નાનાં વહાણ ધોળા સઢ ફૂલાવી આવજા કરતાં હતાં. કોઇ દૈવી સૃષ્ટિ પર અમે જઇ પહોંચ્યાની છાપ મન પર પડતી હતી. રાત પડતાં ડુંગર પર અહીંથી તહીં જતા ઝબૂકતા દીવાની શોભા કલાકો સુધી જોઇ મોડો મોડો હું સૂતો. સૂતાં સૂતાં વાંછ્યું કે આ બંદરમાં બેત્રણ દિવસ સુધી સ્ટીમર પડી રહે તો સારૂં થાય.

સવારે ઊઠીને જોઉં છું તો સાંજની બધી શોભા અદશ્ય થઇ ગએલી. અમારી ચોતરફ ઘાટું ધુમ્મસ પથરાઇ ગએલું. પેલો ઊંચો ડુંગર પણ દેખાતો ન હતો. ફક્ત સ્ટીમરમાં માલ ચડાવવાનું કામ ધમધોકાર ચાલતું હતું. ઉતારવાનો માલ રાત્રે જ ઊતરી ચૂકયો હતો. એકાંત સાગરમાં આ ટાપુમાં ઉતારૂની ચડઊતર કયાંથી હોય ? એ ધુમ્મસમાં ને ધુમ્મસમાં એક કલાક માટે પિતાશ્રી બંદર પર જઇ આવ્યા અને ત્યાંથી શાક, ફળ તથા દૂધના ડબા લઇ આવી ખૂટતું ભાતું ભર્યું. આઠદસ હિંદીઓની ત્યાં દુકાનો હતી

એમ તેમણે કહ્યું. સ્ટીમરના પાતાળીઆં ભંડકો પહેલાં કોયલાથી ભરાયા. પછી એક ટાંકીવાળું વહાણ આવ્યું, તેણે પમ્પ વડે મીઠું પાણી સ્ટીમરમાં ચડાવ્યું અને પછી ઉપરના ભંડકોમાં સંખ્યાબંધ કોથળાઓ લદાયા. માલ લઇ આવનારાં વહાણો ખાલી થઇ પાછાં ફર્યાં ને કામ પૂરૂં થવા આવ્યું ત્યાં ઉતાવળું ઉતાવળું એક મોટું વહાણ સ્ટીમરના પડખામાં આવી પહોંચ્યું. એમાં કોઇ કાળી કાળી ચીજ ભરી હતી. ફણસ જેવડી મોટી અને બંને છેડે ઊપસેલી તથા વચ્ચે દબાએલી એ ચીજ હતી. મેં ભેજું ખૂબ ચલાવ્યું પણ મને ગમ ન પડી કે એ શું છે. એ મોટા ગોળા જેટલા કાળા હતા તેટલા જ મોહક હતા. હાથભર લાંબાં અને સહેજ ઓછાં પહોળાં એ કાળાં કોળાં શું ચીજ છે અને શું કામ આવે છે તે પૂછવા હું પિતાશ્રી પાસે દોડી ગયો. તેમની પાસેથી જ્યારે મેં જાણ્યું કે એ દરિયાઈ નારિયેળ છે અને તેની જ કાચલીના કમંડળુ તથા ભિક્ષાપાત્ર બને છે ત્યારે મનમાં ને મનમાં હું લજવાયો. રાજકોટમાં લોટ માગવા આવનાર બાવાઓના હાથમાં સવાર સાંજ રોજ જે ચીજ જોએલી તે ઓળખી ન શકાઇ એ શરમભર્યું હતું જ.[1]

કાળાં કોળાં જેવાં નારિયેળો લદાવા આવ્યાં ત્યારે ધુમ્મસ સાવ જતું રહી સારો તડકો નીકળ્યો હતો. એ લદાઇ રહેવા આવ્યાં કે સ્ટીમરનું પહેલું ભૂંગળું થયું. સ્ટીમર આશરે અર્ધા કલાકમાં ત્રણ વાર ભાંભરે અને ત્રીજી વાર ભાંભરતાંની સાથે ચાલી નીકળે. બંદર જોવા ગએલા ઉતારૂઓ એમ છતાં રહી જાય તો બે મિનિટ પણ સ્ટીમર રોકાય નહિ. પહેલું ભૂંગળું વાગતાંની સાથે આખા બંદરમાં ચેતન પ્રસરી ગયું. વહાણોની દોડાદોડ વધી પડી અને વહાણમાંના હબસી ખારવાઓ તથા સ્ટીમર પરના હિંદી ખલાસીઓ વીજળી વેગે કામ કરવા લાગ્યા. સિશ્ચેલ્સની મુખ્ય વસતિ હબસીઓની જણાતી હતી[2]

બપોર પછી નમતે પહોરે સિશ્ચેલ્સ છોડયું. સમુદ્ર પર અંધારૂં પથરાતાં સિશ્ચેલ્સની ઊંચી ધાર અદૃશ્ય થઇ અને અફાટ મહાસાગર વીંધતી 'સોમાલી'એ ચોથે દિવસે લામૂ બંદરે લંગર કર્યું.

લામૂ સિશ્ચેલ્સની ઉત્તરે આવેલું છેઃ વિષુવવૃત્તથી ફક્ત અઢી અક્ષાંશ દક્ષિણે. જ્યારે સિશ્ચેલ્સ સાડાચાર અંશ દક્ષિણે છે. આફ્રિકાની ઋતુ અત્યંત ગરમ અને ભીની હોવાની જે કલ્પના આપણે ત્યાં પ્રચલિત છે તે આ લામૂને બરાબર લાગુ પડે ખરી. અમારે તો ફક્ત ચાર કલાક ત્યાં રોકાવાનું થયું, તેથી એ ગરમીના વિશેષ અનુભવ સમુદ્રમાં પડયાં અમને મળે એમ ન હતું. વળી ત્યાં એક બીજી સ્ટીમર આવેલી. અમારી સ્ટીમર એ સ્ટીમર પાસે પાસે આવી ને એક ઉપરથી બીજી પર જવાનો પૂલ મંડાયો તે જોવામાં અને તે પૂલ પર અહીંથી ત્યાં દોડવામાં મને લામૂ જોવાની પરવા નહોતી રહી.

લામૂ બંદર અમારે રસ્તે આવેલું એથી વધુ એક જ વાત ત્યાંની મને યાદ રહી છે. ત્યાંથી મોટામોટા ચાર પાંચ કાચબા સ્ટીમર પર ચડેલા. આપણે

---

૧ આ ઝેરી નારિયેળનાં કાચલાં મજબૂત હોઇ વાસણનું કામ આપે છે. તે ઉપરાંત તેનો ગર્ભ પણ બહુ કામમાં આવે છે. અંદરથી એ ટોપરા જેવો જ ધોળો હોય છે અને સૂકાયે સોપારીથી સખત બની જાય છે. સોપારીથી કફ ઉધરસ વધે છે તેવું નુકસાન દરિયાઇ નારિયેળથી નથી થતું, તેથી દાંતની કસરત અને મુખશુદ્ધિ માટે જમ્યા પછી કેટલાક એ નારિયેળ ચાવે છે. તે પાચક પણ ગણાય છે. 'વેનીલા' નામનો એક સુગંધી પદાર્થ પણ દરિયાઈ નારિયેળના ગર્ભમાંથી તૈયાર થતો સાંભળ્યો છે. કોઈ તેને ઝેરી નારિયેળ પણ કહે છે. જો કે એ ઝેરી નથી હોતું.

૨ સિશ્ચેલ્સની વધુ વિગત ભૂગોળમાંથી મળી આવે છે તે આ: હિંદી મહાસાગરમાં આવેલા 'આર્કિપેલેગો'–મહાદ્વીપ-સમૂહનો એ એક મુખ્ય બેટ છે. તેનું ક્ષેત્રફળ ૮૯ ચોરસ-માઇલ છે. વસતિ ૨૦,૦૦૦ની છે. હિંદી વજીરના દેખરેખ નીચે લંકાની જેમ એ 'તાજરક્ષિત ક્રાઉન કોલોની' છે. ત્યાં સ્વતંત્ર ગવર્નર રહે છે. જર્મન લડાઇ વખતે ત્યાં પહેલાં હિંદી વહાણોએ જર્મન પૂર્વ આફ્રિકામાં લડતા સૈનિકોને શસ્ત્રખોરાક પહોંચાડવામાં બહાદુરી બતાવેલી.

સિશ્ચેલ્સનું પ્રાચીન નામ શું હશે તે શોધવા જેવું છે ખરૂં. સુવર્ણદ્વીપ–રામાયણકાળની લંકા–ત્યાં સુધી પહોંચેલી સિદ્ધ થવાનો સંભવ છે. મોટા ઉથલપાથલ થતાં હિંદુસ્તાનનો દક્ષિણ ભાગ દરિયામાં ડૂબી ગયો ને હિમાલય ઉપર ધસી આવ્યો એ તથ્યનો અભ્યાસ કરવા સિશ્ચેલ્સમાં થાણું નાખી આસપાસના સેંકડો ઝીણા દ્વીપોમાં ભટકવું જોઇએ. લખદીવ ને માલદીવ પછી માડાગાસ્કર જતાં સિશ્ચેલ્સ પહેલો ટાપુ આવે છે અને ત્યાંથી માડાગાસ્કર સુધી દ્વીપોની હાર ફેલાએલી છે.

કૂવા–તળાવમાં જોએલા કાચબાથી સરખાવી ન શકાય એટલા મોટા. લગભગ એક ગાય જેટલા લાંબા અને પહોળા. લાકડાના બહુ મોટા ખોખામાં પાણી ભરી તેમાં તેમને પૂરી રાખવામાં આવ્યા હતા, પણ પોતાની ઢાલમાંથી તે હાથ મોઢું બહાર કાઢે તો લાકડાની ભીંત સાથે અથડાઇ પડતા હતા અને તેમને પાછું ઢાલમાં ઘૂસી જવું પડતું હતું. એ કાચબા જોવાનો લાભ મને મળ્યો. પણ તે જોઇ મજા ન આવી. વિશાળ મહાસાગરમાં છૂટથી દોડાદોડ કરતા કાચબાને ખોખામાં ગોઠણપૂર પાણીમાં પુરાએલા જોઇ દયા છૂટતી હતી. તેમાં યે કાચબાકાચબીનું ભજન ને તેની વાર્તા મેં થોડા દિવસ પર જ સાંભળેલી, એટલે ઢાલ છૂટી પાડવા તેમને આંધરણમાં ઓર્યા વિના સ્વાર્થી માણસો રહેવાના નથી એ જાણી દિલ કચવાતું હતું.[3]

લામૂથી કેનિયાના કિનારા પરની પર્વતની ધારો જોતાં જોતાં અમે મોંબાસા થોડા કલાકમાં જઇ પહોંચ્યાં. મોંબાસાનું બારૂં નાનકડા ઉપસાગર જેવું હોઇ તેના ચંદ્રાકારનો ઘેરાવો મુંબાઇના બારા કરતાં મોટો હતો. બહુ દૂર સુધી દરિયો છીછરો હતો અને થોડે થોડે છેટે રાતાં બોયાં તરતાં હતાં. પાણી નીચે છુપાએલા ખડકો ને ખરાબાથી વહાણ સાવચેત રહેવા સારૂ આ બોયાંઓની વ્યવસ્થા કરેલી હોય છે. બંને બાજુ આવેલાં બોયાંની હાર વચ્ચે થઇ 'સોમાલી' બહુ ધીમી ગતિએ આગળ વધતી હતી. આગળના ભાગમાં એક ઝરૂખા પર ઊભો રહી એક ખલાસી કડિયાના ઓળંભા જેવી ચીજ વડે પાણીનો તાગ લીધે રાખતો હતો અને બબ્બે મિનિટે ઊંચે સાદે ઊપલે માળ કૅપ્ટન સાંભળે તેમ દરિયાનું ઊંડાણ જાહેર કરતો હતો. આટઆટલી કાળજીપૂર્વક સ્ટીમરો એ બારામાં પેસતી હોવા છતાં બારાની અધવચ અમે એક સ્ટીમરને છીતી ગએલી જોઇ. મોટા કળણમાં હાથી ખૂંચી જાય તેમ એ સ્ટીમર વરસો પહેલાં મોંબાસાના દરિયાની રેતીમાં ખૂંચી ગએલી. તેને ખેંચી કાઢવાનો કોઇ પણ ઉપાય ન હોવાથી તેમાંનો બધો સરસામાન લઇ જઇ લોઢાનું ખોખું ત્યાં પડી રહેવા દેવામાં આવેલું. વીજળી પડવાથી કરમાઇ ગએલા કોઇ વૃક્ષરાજના ઠૂંઠા જેવી એ પડેલી. સ્ટીમરના એ ઠૂંઠાને ખૂબ આઘે રાખી અમારી સ્ટીમર લગભગ કાંઠે જઇ પહોંચી અને ધડધડ ધડધડ કરતું લંગર બે મિનિટમાં સમુદ્રને તળીએ જઇ પહોંચ્યું. ઉપર ખેંચતાં અર્ધોપોણો કલાક લાગે તે લંગરને નીચે પડતાં બેત્રણ મિનિટથી વધુ વખત ન લાગે. ચડવા કરતાં પડવું સહેલું હોય છે તે આનું નામ. विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः ।

મોંબાસામાં પૂરા ૨૪ કલાક રોકાવાનું હોવાથી પિતાશ્રી અને જમનાદાસકાકા વહાણમાં ઊતરી બંદર પર ગયા. શહેરમાંથી મોસંબીઓના મોટા મોટા બે કરંડીઆ, ઝીણા વણાટની હલકી મજબૂત સાદડીઓ અને શાકપાન લઇ આવ્યા. મોંબાસાની મોસંબી સાધારણ મોસંબી કરતાં બમણી મોટી અને બહુ રસીલી હોય છે. એકએકથી ચડીઆતાં ફળો ચાખવા મળ્યાં છે, પણ મોંબાસાની મોસંબીની મીઠાશ તથા ફોરમને આંટે એવું ફળ નથી ચાખ્યું. ત્યાંની મોસંબી ચાખી મેં મનમાં નિશ્ચય કર્યો કે આ ફળનું નામ મોસંબી મોંબાસા ઉપરથી જ પડ્યું છે. જોકે એ વાતને હજુ ટેકો કોઇએ નથી આપ્યો. લાલ લાલ તુર્કી ટોપી પહેરી ઘણા હબસી ફેરીઆ સ્ટીમર પર ટોપલાના ટોપલા મોસંબી વેચી ગયા.

ફેરીઆઓ, હોડીઓ અને ખલાસીઓની ધમાલ જોતો હું સ્ટીમરના કઠેડા પર બેઠો હતો. મારી સાથે એક મુસલમાન છોકરો પણ બધું જોતો હતો. બેઠા બેઠા તેણે ગજવામાંથી કંઇક ખાવાનું કાઢ્યું અને કડકડ ચાવવા લાગ્યો. એકલા બેસી ખાવું તેને ઉચિત ન લાગ્યું તેથી તેણે મને પણ બે સળી ખાવા આપી. ખાંડની લાકડી સમજી મેં ખાવા લીધી ને મોઢામાં મૂકવા ગયો, પણ એના પર ખાંડની ચીકાશ ન જણાવાથી મેં પૂછ્યું 'યે ક્યા હૈ ?' જવાબ મળ્યો 'જૂતી હુઇ મછલી!' હું ચોંકી ઊઠ્યો. મોઢે આવેલી માછલી હાથમાંથી પાણીમાં ફેંકી રાતોપીળો થતો ત્યાંથી ચાલ્યો ગયો. તે પછી એની સાથે ઊઠવાબેસવાનું પણ મેં છોડી દીધું. વટલી જવામાંથી ભગવાને તે દિવસે મને બચાવ્યો.

મોંબાસાથી જંગબાર જવા માટે 'સોમાલી'એ ફરી આફ્રિકાનો કાંઠો છોડી મધદરિયે ઝંપલાવ્યું. મોંબાસા બ્રિટિશ પૂર્વઆફ્રિકાનું મથક હતું. જંગબાર જર્મન

---

૩ ઢાલ ઉપરાંત કચકડો મેળવવા માટે પણ નિર્દોષ કાચબાને રીબાવી મારવામાં આવે છે.

પૂર્વઆફ્રિકાને કિનારેથી ચાળીસ પચાસ માઇલ સમુદ્ર વચ્ચે આવેલો ઠીક મોટો ટાપુ હતો. કેટલાંક વરસો પહેલાં ત્યાંનો સર્વાધિકારી અરબ સુલતાન અંગ્રેજોનો ખંડિયો બની જવાથી છેવટે એ પૂરેપૂરૂં અંગ્રેજના તાબાનું બની ગએલું. એક રાતની ઊંઘ પૂરી થયે અમે જંગબાર પહોંચ્યા.

હજુ સ્ટીમરે લંગર નાખ્યું ન હતું ત્યાં એક રમુજી અને હેરત પમાડનારૂં દૃશ્ય નજરે પડયું. સઢવાળાં ને બીજાં વહાણો સ્ટીમરથી સારી પેઠે દૂર હતાં ત્યાં એક પાતળી નાનકડી એકલકડી હોડી (ફક્ત એક હલેસાથી ચાલનારી સુકાન વિનાની હોડી)માં બે હબસી કુમારો સ્ટીમર પાસે આવી પહોંચ્યા. તેમની ઉંમર અનુક્રમે ૭ ને ૯ વરસથી વધુ નહિ હોય. દરિયાનું પાણી શાંત અને સ્વચ્છ હતું. બહુ ઊંડે સુધી નજર પહોંચતી હતી. હોડીમાંના એક છોકરાએ ઊભા થઇ હાથ લાંબા કર્યા ને પૈસો માગ્યો. તૂતક પર ઊભેલા એક ઉતારૂએ એક પૈસો ફેંક્યો. એ પૈસાને ઝીલી ન લેતાં તે છોકરાએ તેને પાણીમાં ડૂબી જવા દીધો. પૈસો પાણીમાં કેટલાક હાથ ઊંડે ઊતરી ગયા પછી એ છોકરાએ ઊંધે માથે પાણીમાં ગુલાંટ ખાધી ને તીરની પેઠે સીધો નીચે ઊતરી ગયો. મિનિટેક પછી દાંત વચ્ચે પૈસો દબાવી તે ઉપર આવ્યો અને પોતાની એ કળાનું સરસ પ્રદર્શન કર્યું. થોડી વારમાં બીજા બે છોકરા આવી હોડી લઇ આવી પહોંચ્યા અને તૂતક પરથી મુસાફરોએ એક પછી એક પૈસા ફેંકવા માંડ્યા. છોકરાઓને સારી કમાણી થઇ અને ઉતારૂઓએ એ આનંદ લૂટ્યો. શોભીતાં કપડાં પહેરી સાહેબની પેઠે ઊભા ઊભા એ તમાશો જોયા કરતાં મને એ લંગોટીઆ સમુદ્રસુતોનો મોભો વધુ સારો લાગ્યો. પણ મારે નસીબે એ કળા જોવાનું જ હતું. શીખવાનું નહિ.

સ્ટીમર જંગબારમાં પૂરા બે દિવસ રોકાવાની હોવાથી પિતાશ્રી અને જમનાદાસકાકા સાથે કેશુ, કૃષ્ણ, મારી બા અને હું પણ કાંઠે ઊતર્યા. છ હલેસાંથી ચાલતી એક મોટી હોડીમાં બેસી અમે કાંઠે પહોંચ્યાં. હબસીઓ ગીતના આલાપ સાથે એકીસાથે છ યે હલેસાં પાણીમાં તાલબદ્ધ નાખતા હતા તે જોવામાં અને ઊંચાં ઊંચાં મોજાંને હાલોળે વહાણ સોના ઉપર ઊછળવામાં બહુ મજા આવતી હતી.

ફીનિક્સમાં જે હબસીઓ જોએલા તેમના કરતાં જંગબારના હબસીઓ સાવ જુદી જાતના દેખાયા. તેઓ આપણા હિંદીઓ સાથે ઘણા વધુ મળતા આવતા હતા. ફીનિક્સના હબસીઓને ખાસ ધર્મ ન હતો. નાતાલમાં થોડા લોકો નવા નવા ઇસાઈ થએલા મળી આવતા, પણ તે જૂજ. જંગબારના બધા હબસીઓ પાકા મુસલમાન જણાયા. મોટાં મોટાં ભારોટીઓ ને વજન ખેંચતી વખતે તેઓ એકીસાથે 'અલ્લાહુ અકબર' પોકારતા હતા તેનો મધુર ધ્વનિ સાંભળતાં સાંભળતાં ત્યાંથી ખસવાનું મન નહોતું થતું. ધોળાં કપડાં અને લાલ ટોપી વચ્ચે તેમનું કાળું શરીર બહુ દીપી ઊઠતું હતું. શહેરમાં અમે પહોંચ્યા ત્યારે કોઈ પરદેશમાં આવ્યા છીએ એવો આભાસ સુદ્ધાં ન આવ્યો. પોરબંદરમાં થોડા હબસીઓ જોએલા, અહીં વધુ જોયા એટલું જ. દુકાને દુકાને હિંદીઓ અને ખાસ કરી ગુજરાતી વેપારીઓ તથા ખોજાઓ દેખાયા. શહેરની બાંધણી પણ રાજકોટ પોરબંદરને મળતી હતી. ત્યાંનો પૈસો વિચિત્ર લાગ્યો. તે નીકલનો હોઇ તેમાં બરાબર વચ્ચે કાણું હતું. જેના પોષાકમાં ખીસાનો અભાવ હોય તેને માટે પૈસો દોરીમાં પરોવી કમરે બાંધવાની એ સારી સગવડ હતી જંગબારમાં પૌંડ શિલિંગ પેન્સનું પણ ચલણ હતું. પિતાશ્રીએ રૂપિયા આપી શિલિંગો લઇ લીધા, કારણ ત્યાંથી દક્ષિણે ઊતરતાં રૂપિયા નકામા હતા. જંગબારમાં અમે એક ગુજરાતી ભાઇને ત્યાં ઊતર્યા. પંદર દિવસની સફર પછી તેમને ત્યાં મળેલી દાળભાતની રસોઇ બહુ મીઠી લાગી.

સાંજે અમે શહેરમાં ફરવા નીકળ્યા. ઘણું જોયું, પણ મને ત્યાંની બધી ઇમારતોમાં જેલખાનું સૌથી વધુ યાદ રહી ગયું છે. બહારથી યે જેલખાનાનું એ મારૂં એ પહેલું દર્શન હતું. મોટા ફાટક પાસે સંત્રી ઊભો હતો. વાતાવરણ લૂખું ને કંટાળા ભરેલું લાગતું હતું. ફાટક પર જતી સડકની બંને બાજુ થોડે થોડે દૂર આવેલા ધોળા પત્થર ભીતિ ઉપજાવતા હતા અને ચૂનાથી ધોળેલી દીવાલની શુભ્રતા ખાવા ધાતી હતી. જેલ જોઇને મારા પર એવી છાપ પડી કે જંગબાર ચોરોનું ગામ છે. એટલે કે સારૂં નથી. મને ખબર

ન હતી કે જેલ સર્વવ્યાપી વસ્તુ છે.[૪]

જંગબારથી નીકળી, થોડા કલાકમાં અમે દારેસ્સલામ પહોંચ્યા. મોંબાસા અને જંગબારની સરખામણીમાં તે નાનું બંદર હતું પણ તેનું નામ અમારી સ્ટીમરમાં કેટલા યે દિવસથી ગવાતું હતું. આખી યાત્રામાં 'સોમાલી'ને પોતીકું બંદર એક આ જ હતું. જંગબાર સુધી બધાં બંદરો અંગ્રેજી અમલદારીનાં હતાં. દારેસ્સલામ છોડયા પછી ડરબન પહોંચતાં સુધીનાં બધાં બંદરો પોર્ટુગીઝના તાબાનાં હતાં. અને ડરબન પાછું અંગ્રેજોનું. અમારી જર્મન લાઇનની સ્ટીમરો કેવળ આ દારેસ્સલામને આધારે જ હિંદી મહાસાગર ખેડી રહી હતી. સ્ટીમર પરના અધિકારી અને ખલાસીઓને એ ઘર સમું હતું. ત્યાં શું ચડયું ને શું ઊતર્યું, ઉતારૂઓની કેવી ચડઊતર થઇ એનું મને સ્મરણ નથી. મોંબાસા અને જંગબારમાં અરધા ઝાઝેરા મુસાફરો સ્ટીમર પરથા ઊતરી પડેલા. બાકી રહેલાઓમાં મોટે ભાગે ડરબનના ઉતારૂઓ જ હતા. વચ્ચેને બંદરે એકલ દોકલ મુસાફર ચડઊતર કરતો. માલની ગુણીઓ દરેક જગ્યાએ સારી પેઠે ચડતી ઊતરતી.

દુર્ભાગ્યે હું એ દિવસોમાં નોંધપોથી રાખતાં નહોતો શીખ્યો. મને આછો ખ્યાલ છે કે જંગબાર પછીનાં આ બંદરોમાં જંગલ વગેરેની શોભા બહુ રળીઆમણી હતી. પણ આજે મને અમુક બંદરે 'સોમાલી' સ્ટીમર થોભેલી, એથી વધુ કંઇ યાદ નથી. આફ્રિકાના અનેક પ્રવાસીઓ મોટાં મોટાં બંદરો અને શહેરોની યાત્રા કરે છે પણ આફ્રિકાના હજારો માઇલ ફેલાએલા સમુદ્રકિનારે અસંખ્ય નાનાં નાનાં બંદરો આવેલાં છે તે જોવાનો લહાવો અનેરો છે. એની ખરી મજા તો નાનાં વહાણોમાં માથું હાથમાં લઇ ફરતા કચ્છ-કાઠિયાવાડના ખારવાઓ સાથે સફર કરવામાં છે. બચપણમાં નાની સ્ટીમરમાં એ આનંદની કંઇક વાનગી મને મળેલી, પરંતુ એનાં પૂરાં સંભારણાં પણ આજે કરી શકાય એમ નથી રહ્યું.

દારેસ્સલામથી[૫] ઊપડીને સ્ટીમર મોઝાંબિક પહોંચી. મોઝાંબિકથી દક્ષિણ આફ્રિકાની શરૂઆત થઈ ગણાય. જોકે એ પ્રદેશ ફિરંગી પૂર્વ આફ્રિકાને નામે ઓળખાય છે. 'દીવ દમ્મણ ને ગોવા, ફિરંગી બેઠા રોવા' એ કહેવત રાજકોટની નિશાળમાં ભૂગોળ શીખતાં મને યાદ રહી ગએલી. એ જ ફિરંગીઓનું એ બંદર હતું, તેથી એ જોવામાં મને વધુ રસ હતો. મોઝાંબિક ખુલ્લા મહાસાગરનું બંદર ન હતું. તેની પૂર્વમાં થોડે જ દૂર માડાગાસ્કરનો મોટો બેટ હતો. એનું નામ મેં સાંભળેલું, પણ અમારી સ્ટીમર ત્યાં જવાની ન હોવાથી કંઇક નિરાશા ઊપજેલી.[૬]

મોઝાંબિકથી અમે ક્વિલીમેન ગયા. સ્ટીમર સાવ કાંઠે કાંઠે ચાલતી હોવાથી જાતજાતનાં દૃશ્યો જોવા આડે એક બંદરેથી બીજે બંદરે અમે ક્યારે પહોંચ્યા તેની યે ખબર ન પડતી. અમે ક્વિલીમેનને કાંઠે પહોંચ્યા ત્યારે દરિયામાં ઓટ હતી. બારામાં જવાય એમ ન હતું. થોડા કલાક માટે લંગર નાખી સ્ટીમરને ભરસમુદ્રમાં પડી રહેવું પડ્યું. બંને બાજુ આગળ ધસી આવેલી જમીન પર ઝૂલી રહેલા ઊંચા તાડના ઝુંડો અને માણસ વિનાનો કિનારો જેટલો શાંત હતો તેટલો જ મનોહર હતો. ઠીકઠીક ભરતી ચડી કે ખાડીની ઊંડાઇ પગલે પગલે માપતી સ્ટીમર મંદ

---

૪ જંગબાર લવિંગના વેપારનું મોટામાં મોટું મથક છે. એ વેપાર અત્યારસુધી હિંદીઓના હાથમાં હતો. છેલ્લાં બે વરસથી ત્યાં હિંદીઓ સામે કાળા કાયદાઓ કરી, ગોરશેઠો માટે એ વેપાર સુરક્ષિત કરવાની તજવીજ ચાલે છે. ટોપરાં વગેરે પણ ત્યાંથી સારી પેઠે ચડે છે.

૫ આજે દારેસ્સલામનું બંદર પહેલાં જેટલું ધીકતું નથી. છેલ્લી જર્મન લડાઇ વખતે એ આખો પ્રદેશ જર્મનીના હાથમાંથી નીકળી ગયો છે અને ટાંગાનીકા નામે પ્રસિદ્ધ છે. આપણા હિંદી સિપાઇઓએ એ ભૂમિ અંગ્રેજોને જીતાવી આપતાં પોતાનું લોહી સીંચી એ જમીનને ધરતી દીધી છે. હિંદ બહાર જઇ વસનારા વસાહતીઓને બધે ખાસડાં ખાવાં પડે છે તેમ ત્યાં ન ખાવાં પડે અને આફ્રિકામાં એટલો કટકો હિંદીઓ માટે સુવાંગ રહે એવો ઉહાપોહ 'વિશાલ ભારત' વગેરે છાપાંઓમાં વરસો થયાં ચાલે છે. હજુ એ વણખેડ્યો દેશ છે. ત્યાં મોટીમોટી જમીનના માલિક હિંદીઓ થઇ શકે છે. હોંશીલા અને સાહસી નવજુવાનો માટે એ ભારે આશાભર્યું ક્ષેત્ર છે.

૬ હું ભૂલતો ન હોઉં તો વાસ્કો ડા ગામા હિંદુસ્તાનની શોધમાં નીકળ્યો અને કેપ ઑવ ગુડ હોપથી આગળ વધ્યો ત્યારે પહેલવહેલા મોઝાંબિકમાં તેને ગુજરાતી વેપારીઓનાં વહાણો મળેલાં અને એ વહાણોએ નિર્વિઘ્ને તેના કાફલાને કાલીકટ સુધી પહોંચાડેલો.

ગતિએ આગળ વધી. સ્ટીમરની બંને બાજુ જુદા જુદા રંગનું પાણી હતું. ડાબી તરફ તેગભર્યું ડોળું પાણી હતું ને જમણી તરફ સમુદ્રનું સામાન્ય પાણી હોય તેવું હિલોળા મારતું આસમાની પાણી હતું. થોડે આગળ ગયા ત્યાં એક મોટી નદીનો વળાંક નજરે પડ્યો. નદી અને સમુદ્રના સંગમનું સાંભળ્યું ખૂબ હતું, પણ સાગર અને નદીનો મેળાપ જોતાં વેંત મોંમાંથી આશ્ચર્યનો ઉદ્ગાર નીકળી ગયો, 'ઓહો! આ તો નદીનો સંગમ!' કઠેડા પર ઊંચા થઇ થઇને મેં જોવા માંડ્યું. પિતાશ્રી અને બીજા ઉતારૂઓ પણ એ સંગમ જોવાને હારબંધ તૂતક પર ગોઠવાઇ ગયા. નદીમાં પૂર આવ્યું હતું અને સમુદ્રને ચીરીને મીઠા પાણીનો વેગ પોતાનું અસ્તિત્વ કાયમ રાખવા મથતો હતો. એક પહોળી સડક જાણે સમુદ્રમાં ચાલી જતી હતી. મને પાણી ચાખવાનું મન થયું પણ સ્ટીમરમાંથી કૂદી પડીને કંઇ કોગળો ભરાય એમ ન હતું. અંદરમાંથી પાછા ફર્યા ત્યારે પણ સમુદ્રમાં દૂર સુધી નદીનો પ્રવાહ જુદો નજરે પડતો હતો.૭

જંગબાર છોડ્યા પછી બેરા મોટું બંદર આવ્યું. કિવલીમેનથી ત્યાં પહોંચવામાં બહુ વખત ન ગયો. બેરાનું બારૂં બહુ બદનામ છે. બારૂં જ નહિ; એટલામાં દરિયો ખૂબ તોફાની રહે છે. સ્ટીમર આડી ડોલવાને બદલે ઊભી ડોલવા લાગે છે. ઊભી એટલે કે લંબાઇમાં ડોલતી સ્ટીમર ક્યારે પાણીમાં સમાધિ લઇ લે તે કહેવાય નહિ. એકવાર પિતાશ્રીને બેરાનું બારૂં એટલું નડેલું કે ઈશ્વરકૃપાએ તેઓ અમારી પાસે પહોંચ્યા. વરસાદને વાવાઝોડા સાથે તેમની સ્ટીમર પર વીજળી પણ પડેલી. કુવાથંભનો ઉપરનો ભાગ કાળો કોયલા જેવો થઇ ગએલો. થાંભલાની થડમાં બાંધેલાં પાંજરામાંનાં મરઘાં પણ બળી ગએલાં. ૨૪ કલાક સુધી પવન ફૂંકાયાં કરેલો. બીજે દિવસે ઋતુ શાંત થયે સ્ટીમર બારાની બહાર નીકળી શકેલી. અમને એટલું તોફાન નહોતું નડ્યું છતાં સ્ટીમરને જોરજોરથી ડોલતી જોઇ જોઇ મનમાં ડર પેસી ગયો હતો. અને સ્ટીમરમાં હસાહસ આનંદ વિનોદ બધું સુકાઇ ગયું હતું. વરસાદે અને મોજાંની છાલકે નીચેથી ગભરાટ ઠીક વધારી મૂકેલો. ઉપરથી જમનાદાસ કાકાને ભંડકમાં ભાગવું પડેલું. સદ્ભાગ્યે બે કલાકમાં બધું શાંત થઈ ગએલું. દોઢ વરસ પહેલાં જ્યારે અમે ડરબનથી પોરબંદર જતાં બેરા આવેલા ત્યારે અમારી સ્ટીમર 'કેઝર' બેરાના બારામાં રેતીમાં ખૂંચી ગએલી. બે અઢી કલાક સુધી સ્ટીમરના યંત્રોએ પૂરવેગે જોર માર્યું ત્યારે બિચારી રેતીમાંથી છૂટવા પામી; નહિ તો મોંબાસામાં પડેલા ઢોઢા જેવા તેના હાથ થાત. 'કેઝર' સ્ટીમર 'સોમાલી'થી દોઢીથી યે વધુ મોટી હતી. તેમાં અમને ખૂબ મોટી કૅબિન મળેલી, પરંતુ એ બહુ જૂની હોઇ ઘરડી મનાતી હતી અને તેને મહાસાગર વીંઝવાની છૂટ ન હતી. તે અમને ડરબનથી જંગબાર પહોંચાડી પાછી ફરેલી અને જંગબારથી અમને 'સોમાલી' મળેલી. એ જ 'સોમાલી' અમને પાછી ડરબન પહોંચાડવા આવેલી.

બેરા પહોંચીને કેટલાક ઉતારૂઓ રેલગાડીથી પણ દક્ષિણ આફ્રિકા પહોંચે છે. પણ એમ જનારા પાસે ટ્રાન્સવાલની હદ ઓળંગવા માટે ખાસ પરવાનો જોઇએ. અમને તો દરિયામાં જ લહેર હતી. વળી એ રસ્તે ખર્ચ પણ વધારે થાય.

અમે જ્યારે નાતાલથી દેશ જતા હતા ત્યારે પિતાશ્રી બેરા જોવા ઊતરેલા. સ્ટીમરનાં ત્રણે ભૂંગળા થઇ જવા છતાં તેઓ પાછા ન ફર્યા તેથી શું કરવું ને શું ન કરવું તે વિષે અમે બ્હાવરા જેવાં બની ગયાં. સ્ટીમરે ઊપડવાની બધી તૈયારી કરી લીધી. મછવાઓ સાથે બંધાએલાં દોરડાં સમેટી લેવાયાં અને પ્રયાણ બાકી રહ્યું. અહીંથી તદ્દીં લંબાઇ લંબાઇને હું જોવા લાગ્યો કે પિતાશ્રી આવે છે કે કેમ. છેલ્લી ઘડીએ એક મછવો તીરની જેમ સ્ટીમર તરફ આવતો દેખાયો. તે સ્ટીમર પાસે આવી લાગતાં સ્ટીમરની પડખે લટકતી સીડીને વળગી પડી પિતાશ્રી ને બીજા ત્રણ ઉતારૂઓ ઉપર ચડી આવેલા.

---

૭ કિવલીમેનમાં સમુદ્ર સાથે મળનારી આ નદી ઝેમ્બાસી નદીના મુખનો એક ફાંટો હતો. એને આફ્રિકાની ગોદાવરી કહી શકાય. ગોદાવરી જેમ પશ્ચિમ તરફના પહાડોમાંથી નાશિક પાસેથી નીકળી ઠેઠ પૂર્વમાં મછલીપટ્ટન પાસે સમુદ્રમાં જઇ મળે છે અને મુખ આગળ જતાંજતાં મહાનદ બની જાય છે તેમ ઝેમ્બાસી પણ આફ્રિકાની ઉચ્ચ ભૂમિમાંથી પશ્ચિમથી પૂર્વ તરફ વહેવા માંડે છે, દૂર સુધી પાતળી રહી આગળ જતાં અનેક નદીઓને પોતાનામાં સમાવી, કિવલીમેન આગળ સમુદ્રને મળે છે. લંબાઈમાં તે ગોદાવરીથી આશરે બમણી છે.

બેરાથી ઇનિહંબેન થઇ અમે ડેલાગોઆબે પહોંચ્યા. આ લાંબાં ફિરંગી નામોને ટુંકાવી હિંદીઓ તેને ઇબાન અને ડાલગોબા કહે છે.

મુંબાઇ છોડયા પછી પહેલી વાર ડાલગોબામાં અમારી સ્ટીમર સીધા જમીન પર ઊતરી શકાય એવી રીતે ઊભી રહી. બીજે બધે મછવાઓનો આશરો લીધા વિના જમીન પર ન પહોંચાતું. આખો દિવસ સ્ટીમર રોકાવાની હોવાથી પિતાશ્રી, જમનકાકા ને હું શહેર જોવા ગયા. બા, કેશુ ને કૃષ્ણ સ્ટીમરમાં રહ્યા.

પિતાશ્રી 'ઇંડિયન ઓપીનિયન'ના ગ્રાહકોને મળવા બધે ફર્યા અને હું આખા બપોર એક ગુજરાતી દુકાનદારને ત્યાં એકલો બેસી રહ્યો. હબસીઓની મોટી ઘરાકી તેને ત્યાં હતી. કાચનાં મોતીનાં ચિત્રવિચિત્ર ઘરેણાં, હબસીના બીજા શણગાર અને ત્રણપગા ચૂલાના ઢગલા દુકાનમાં ખડકેલા હતા. મરાઠાઓ અને રજપૂત સૈનિકો રણમેદાનમાં દેગડામાં ચોખા રાંધતા અને દુશ્મન આવતાં દેગડા લઇ ભાગતા તેના જેવી જ વ્યવસ્થા આ ત્રણપગા ચૂલાની હતી. જંગલમાં જ્યાં જાય ત્યાં હબસીઓ તેને સાથે લઇ જાય. ન ચૂલો ખોદવો પડે કે ન ઈંટો ગોઠવવી પડે. આસપાસ લાકડાં ભેગાં કરી સળગાવ્યાં કે ખીચડી તૈયાર. બધાં એક કુંડાળામાં બેસી લાકડાની કડછીઓ વતી વારાફરતી તપેલામાંથી ભાત કાઢી ખાતા જાય.

નાની ઉંમરનો છતાં વાતાવરણની અસર પડે જ. મને ગુજરાતી દુકાનદારનું હબસી સાથેનું વર્તન સ્વચ્છ અને સારું ન જણાયું. માલ વેચવામાં તેમને ઠીકઠીક છેતરવામાં આવતા હતા એવી મને છાપ પડી. મેં ત્યાં એ હિંદી દુકાનદારોની હબસણ ઉપપત્નીઓ વિષે પણ ચર્ચા સાંભળી. સ્ટીમરના અમારી સાથના ઉતારૂઓ તેમનાં હબસી બાળબચ્ચાંની તથા દેશમાં રહેલાં બાળબચ્ચાંની ચર્ચા ને ઠઠ્ઠા ચલાવતા હતા. સ્ટીમર પર બ્રાહ્મણને માછલાંનું શાક બનાવતો જોઇ સૂગ ચડી હતી તે કરતાં યે સ્વદેશથી દૂર આવેલા આવા સુંદર શહેરમાં વસતા ગુજરાતીઓની હીણપત ભરી વાત સાંભળી મને ખરાબ લાગ્યું.

સાંજે સ્ટીમર પર પાછા ફર્યા ત્યારે રોજની જેમ સ્ટીમરે પડખું ફેરવ્યું ન હતું એ અસ્વાભાવિક લાગ્યું. ગોદી સાથે જકડાઇ જવાથી તે દિશા બદલી શકી ન હતી. બીજાં બંદરોમાં તે પોતાના લંગરની આસપાસ પ્રદક્ષિણા કર્યા કરતી.[૮]

સાંજે છએક વાગ્યે ડેલાગોઆબેથી રવાના થઇ બીજે દિવસે રાત્રે આઠ વાગ્યે અમારી સ્ટીમર ડરબનના બારામાં દાખલ થઇ. પણ એ ૨૪ કલાક મને વસમા વીત્યા. ક્યારે ડરબન પહોંચીએ ને ક્યારે મગનકાકા મળે એ વિષે મન અધીરૂં થઇ ગયું. મનમાં અનેક તર્કવિતર્ક ચાલે: 'આટલે દિવસે મગનકાકા મળશે, તે રાજી હશે કે ગુસ્સામાં?' 'મેં કાગળ નથી લખ્યો એ વાંકે ઠપકો તો નહિ આપે?' 'તેઓ રાજી હોય તો કેવું સારૂં?' 'પણ મેં કાગળ લખવાનું આળસ કરી ગુનો કર્યો જ છે. એ ગુનો કર્યા પછી મારે અહીં આવવું નહોતું જોઇતું. રાજકોટ મોટા બાપુજી પાસે જ રોકાયો હોત તો સારૂં હતું.' વળી મનમાં થાય કે 'સારૂં થયું હું અહીં આવ્યો. ન આવ્યો હોત તો આટલું બધું જોવાનું ક્યાંથી મળત!' આમ મનના ચક્કર આડે સ્ટીમરમાં ફરવાનું ને જોવાનું છૂટી ગયું અને આખો દિવસ હું અમારી ઓરડીની અભરાઈ પર પડી રહ્યો. સાંજ પડ્યે ઓરડીની બારીમાંથી દૂરદૂર ડરબન બંદરના દીવાની હાર ઝળહળી રહેલી દેખાઇ ત્યારે તૂતક પર ચડી એ શોભા નિહાળી.

બારામાં રાતે આઠ વાગ્યે પહોંચ્યા, પણ ગોદી ઉપર સવારે નવ વાગ્યા પહેલાં સ્ટીમર નથી જવાની એવું જ્યારે કપ્તાને જાહેર કર્યું ત્યારે અકળામણ વધી પડી. ફીનિક્સનાં દૃશ્યો ઉપરાઉપર યાદ આવવા માંડ્યાં. મારી બા પાસે જઇ મેં સવાલ કરવા માંડ્યા. 'દેવદાસકાકા ફીનિક્સ હશેને?' 'આપણો બગીચો કેવો હશે?' 'મિ. કોર્ડિસની નિશાળમાં કેટલા વિદ્યાર્થીઓ હશે?' એમ પ્રશ્નપરંપરા ચાલી. છેવટે બાએ અકળાઇ જવાબ આપ્યો: 'કાલે સવારે તો બધું જોવા મળશે. અત્યારે શું પૂછપૂછ કરે છે!' મોડે સુધી પેટીમાં કપડાં ગોઠવવાકરવામાં રાત વીતી. સવારે વહેલા ઊઠી નહાઇધોઇ અમે બધાં તૈયાર થઇ ગયાં,

---

૮ ડેલાગોઆબેથી સને ૧૯૦૯ના માર્ચની દસમી તારીખે ટ્રાન્સવાલના હિંદી સત્યાગ્રહીઓને ત્યાંથી રેલગાડીમાં લાવી દેશપાર કરેલા. એમની પાસે કપડાં-વાસણની યે સગવડ નહોતી. પરિણામે એક મદ્રાસી યુવક નારાયણસ્વામી શહીદ પણ થએલો.

અને હું ગોદીએ પહોંચવાની રાહ જોતો તૂતક પર આંટા મારવા લાગ્યો.


અમારી સ્ટીમરથી બમણી મોટી સ્ટીમરો બારામાં પડી હતી. નાનાનાના મછવાઓ ચારે દિશામાં દોડાદોડ કરતા હતા. લગભગ મુંબાઇ જેવી જ ધમાલ ચોમેર હતી. એક તરફ અરુણદેવે સુરખી પાથરી હતી. બીજી તરફ ચોરસ ઊંચો ડુંગર કિલ્લાની પેઠે ઊભો હતો. સૂરજ ઉપર આવતાં સ્ટીમરે લંગર ઉપાડયું અને ગોદીમાં પહોંચી. ગોદીમાં સ્ટીમરોની એટલી ભીડ હતી કે 'સોમાલી'ને માટે જગ્યા ન હતી. જર્મન લાઇનની એક બીજી સ્ટીમરને અડોઅડ જઇ તે ઊભી રહી.

એ સ્ટીમરના તૂતક પર મગનકાકા અને મારાં કાકી અમારા સ્વાગત માટે ઊભાં હતાં. મગનકાકાના સ્વચ્છ ધોળા દાંત દૂરથી ચળકી રહ્યા હતા. હજુ બે સ્ટીમરો વચ્ચેનું અંતર વધારે હતું. એક પરથી બીજી પર પૂલ નહોતા પથરાયા. પણ વાત થઇ શકે એટલે પાસે અમે આવી પહોચ્યા કે સામેના તૂતક પરથી જ મગનકાકાએ પિતાશ્રીને દંડવત્ કર્યા. મેં તથા જમનકાકાએ મગનકાકાને દંડવત્ કર્યા. મગનકાકાને હસતા જોઇ મને શાંતિ થઇ અને હું ખૂબ આનંદ ઉત્સાહમાં આવી ગયો.

કાંઠે પહોંચ્યા પછી પણ અમને ચારેક કલાક સ્ટીમરમાંથી ઊતરતાં વીત્યા. જો અમે ગોરી ચામડીના હોત તો અરધા કલાકમાં ઘરભેગા થઇ શકત પણ અમે કાળી ચામડીના હિંદીઓ હતા. અમારે માટે ડરબનના દરવાજામાં મોકળાશ ન હતી. એક અંગ્રેજ અમલદાર સ્ટીમર પર આવ્યો. તેણે અંગ્રેજીમાં શ્રુતલેખન લખાવી જમનાદાસકાકાની પરીક્ષા લીધી અને ખાત્રી કરી કે તેઓ ભણેલા ગણેલા છે. પિતાશ્રી પાસે પોતાની બાની તથા અમ બાળકોની વાપસી ટિકેટો હતી ને નાતાલપ્રવેશ માટે દરેકના નામના પરવાના હતા એટલે ઠીક વહેલો અમારો છુટકારો થયો અને અમે આફ્રિકાની ભૂમિ પર પગ મૂકી શકયા. પરંતુ અમારી સાથે આવેલા કેટલાક પટેલોને સ્ટીમર પરથી ઊતરવું છ વીસે સો જેવું થઇ પડયું. તેમને મદદ આપવા સારૂ અને તેમની વાત ઑફિસરને સમજાવવા સારૂ પિતાશ્રીને ઠીક વખત આપવો પડયો. બે પટેલો બહુ જ ગળગળા થઇ પિતાશ્રી પાસે આવેલા પિતાશ્રીએ તેમને માટે બનતો પ્રયાસ કર્યો, પણ છેવટ સુધી ઑફિસર ન જ પલળ્યો. તેમની પાસેના પરવાના એ પટેલોના નહિ પણ બીજી કોઇ વ્યક્તિના હોવાની શંકા એ ઑફિસરને આવવાથી તેમની કાયદેસર તપાસ કરવા પર વાત મુલતવી રહી.

સ્ટીમર પરથી અને જકાતી ખાતામાંથી છૂટયા પછી અમે રૂસ્તમજી શેઠને ઘેર પહોંચ્યા. તેઓ ફીનિકસવાસીઓના કુટુંબી સમા હતા. તેમને મળી તેમની વખારમાં સ્ટીમર પરથી આણેલા ભારે દાગીના ખડકી, સાંજની ટ્રેનમાં અમે ફીનિકસ રવાના થયા. ડરબનની ધમાલમાંથી નીકળ્યા પછી ટ્રેનમાં એકબીજાના ખબર અંતર પૂછવાનો અમને વખત મળ્યો. એક કલાકની ટ્રેનની અને અઢી માઇલની પગે ચાલવાની મુસાફરી પૂરી કરી ઘેર પહોંચતાં સુધીમાં પલટાઈ ગએલા ફીનિકસ વિષે અને બાપુજીના નવાનવા અખતરાઓ વિષે મગનકાકા પાસેથી ઘણું સાંભળ્યું.

પ્રભુદાસ ગાંધી



મેંદીનાં પાન

જેનો ખરો રંગ જો લાગશે તો સદા તમારા આત્માને સોહાવી રહેશે.

કીમતીમાં કીમતી વસ્તુ નકામી જવા દેનારને આપણે મૂર્ખ ગણીએ છીએ છતાં સમયનો તેવો જ ઉપયોગ કરતા આપણે અચકાતા નથી.

બીજાંમાં જે તમને ન ગમતું હોય તે પહેલું તમારી જાતમાંથી દૂર કરવાનો યત્ન કરો.

તારાથી બીજા ઇજા ન પામે માટે પારેવા જેવો થા; બીજાથી તને ઇજા ન થાય માટે સાપ જેવો બન.

મારી સફર

જેમાં મારા જીવનનો ઘડનાર હું પોતે જ કેમ ન બનું એ એક જ વિચારે પ્રકૃતિજન્ય સ્વભાવને વળગી રહી હું કફની ધારણ કરું છું. [૪]

દુઃખ! કેવો કડવો શબ્દ! મનુષ્યજીવનનો દુશ્મન, સંસારનું ઝેર. એક જ તત્ત્વનો નાશ થઇ શકે તો સ્વર્ગના દેવતા આ લોકમાં જીવવા ઊતરી આવે. પંડિતો કહે છે, આધ્યાત્મિકો ઉપદેશે છે, લોકો રોઇરોઇને ગાય છે, 'સંસાર દુઃખનો સાગર છે; દુનિયા દુઃખની ભરેલી છે.'

પણ હું તો કહું છું કે, હજાર હજાર વાર એ જૂઠ છે: સંસાર સુખનો સાગર છે; દુનિયા સુખથી જ ભરેલી છે. દુઃખ એ જગતે ઊભી કરેલી અકુદરતી વ્યવસ્થાનું પરિણામ છે. પ્રકૃતિએ તો દુનિયાની રચનાના એકએક અંગમાં અથાગ સુખ ભરી દીધું છે. પ્રકૃતિ હર પળે પોકારીપોકારીને કહ્યા કરે છે: 'અરે, સુખના શોધક! સુખ તો તારામાં જ ભરેલું છે. તારા સામર્થ્યનો વિકાસ એ જ તારા સુખનું સાધન. જ્યાં વિકાસ નથી ત્યાં સુખ નથી. તારામાં અનંત શક્તિઓ ભરી છે. બહારની કોઇ શક્તિ એનો મુકાબલો કરી શકે એમ છે જ નહિ. એમાંની એક જ શક્તિનો વિકાસ સાધ! એ વડે તું સુખ મેળવી શકીશ. તારા જીવનનો કર્મપથ બનાવટી છે. એ માર્ગેથી પાછો વળ. હું તને મદદ કરીશ.'

પણ હર ઘડી પ્રતિધ્વનિત થતા પ્રકૃતિના આ અવાજને સુખનો કોઇ ચાહક સાંભળતો નથી! પોતામાં અખૂટ ભરેલી શક્તિનું એને ભાન નથી રહ્યું. કલ્પી શકાય એવી કોઇ પણ શક્તિ માણસમાં છે અને એ પ્રાપ્ત કરી શકે છે; પણ તે પ્રકૃતિનિર્મિત જીવનવ્યવહારથી. જ્યાં જ્યાં અપ્રાકૃતિક વ્યવહાર ત્યાં ત્યાં જીવનમાં દુઃખ, એ અચળ સિદ્ધાંત છે. વિકાસને પંથે પગલું મૂકનારને પ્રકૃતિનું કોઇ અગમ્ય બળ મદદ કરવા તત્પર હોય છે. પ્રાકૃતિક નિયમન કે વ્યવહારનો આચરનાર વિકાસના કોઇ પણ કાર્યમાં અફળ થતો જ નથી.

મારી સફરનો રાહ જ્યાં જ્યાં પ્રાકૃતિક વ્યવહારની દિશામાં લંબાયો છે, ત્યાં ત્યાં મારાં કેટલાં યે સંકટો એની મેળે દૂર થઇ ગયાં છે. એ રાહે મેં ધાર્યું તે મેળવ્યું છે: ચિર સુખનો સાધક બન્યો છું.

પહેલી સફર પૂરી કરીને ઘેર આવ્યો. હતો તેવો બની ગયો. એક દિવસે ગામથી દૂર, નદીને કિનારે શિવમંદિરના વડની ઊંચી ડાળે બેઠો બેઠો વિચારું છું: 'અરે, વળી હું રખડતો ભટકતો છોકરો બની ગયો! મારે સાધન નથી, સંપત્તિ નથી. મોટો થઇશ ને કમાઇશ શું? હા, બ્રાહ્મણ છું, ભિક્ષુક બની શકીશ. વગર મૂડીએ પેટ પૂરતું કમાઇ તો શકીશ. પણ, એવું જીવન શા કામનું? ભીખ માગીનેજીવવું? ના, ના, એવું હીણું જીવન જીવવા કરતાં તો બીજું જ કંઇક કરવું. ચાલ, અમદાવાદ જાઉં. મોટાભાઈ ત્યાં છે. ગમે તેમ કરીને ભણું. ભણેલાને કંઇક તો સૂઝે જ. અભણને નોકરી પણ શાની મળે? મળે તો ય દાસત્વ.

બસ, વડથી ઊતર્યો અને ઘેર ગયો. બાને કહ્યું, હું અમદાવાદ જઇશ. ભાડાના પૈસા માગ્યા. હા ના થઇ. મેં નિશ્ચય કર્યો કે ભાડું ન મળે તો ચાલતા જવું. શક્યાશક્યતાનો કંઈ જ વિચાર આવે વખતે મેં જિંદગીમાં ક્યારે ય કર્યો નથી. કોઇ કામ અશક્ય છે, એવું મેં કદી યે ધાર્યું નથી. જે સાંભળીને લોકો કંપી ઊઠે એવાં ભયંકર કામો પાછળ પણ મેં પ્રયત્ન—સફળ પ્રયત્ન કર્યો છે. હું તો કહીશ, માણસ ધારે તે મેળવે છે. એક જ વાત એનામાં જોઇએ: અને તે દૃઢતા. દૃઢ મનવાળા માણસને જગતમાં કંઇ જ અશક્ય નથી.

પણ મારો આ વખતનો નિર્ણય ફરી ગયો. બીજે દિવસે બાએ મને ગણગણતો સાંભળ્યો કે 'ચાલીને જઇશ.' અને તરત જ મને ભાડું આપ્યું.

અમદાવાદ ગયો. આ શહેર વિષે એની ભવ્યતાતાની મારી કલ્પના ઘણી જ મોટી હતી. મુકાબલામાં જોયું ત્યારે એમાંનું કંઇ નહિ. બધું સામાન્ય જ લાગ્યું. ગામડાનો માણસ પહેલો જ અજાણ્યા શહેરમાં જાય અને ગભરાટ છૂટે, એવું કંઇ જ મેં અનુભવ્યું નહિ. પૂછીને ભાઇનું સ્થાન શોધી કાઢ્યું. પ્રથમ તો ભાઇ જરા મુંઝાયા. મારે ભણવું જ હતું. નોકરી માટે ભાઇએ અને બીજાઓએ મને સમજાવ્યો. મેં ચોકખી ના કહી.

પંદરેક દિવસ વીત્યા. આખો દિવસ અમદાવાદના રસ્તા ઉપર રખડ્યા કરું. એક દિવસે રાયપુર ચકલામાં ઊભોઊભો કોઇની દુકાનનું પાટિયું વાંચતો

હતો. પાટિયાં વાંચવાનો મને બહુ શૉખ હતો. એ પાટિયાં વાંચતાં જ હું અંગ્રેજી એ.બી.સી.ડીના અક્ષરો મારી મેળે શીખી ગયો હતો. પાટિયું જરા મોટું હતું. ઘણુંઘણું મળવાનું તેમાં લખ્યું હતું. વાંચતાં વાર લાગી. મારૂં ધ્યાન પાટિયામાં જ હતું. કોઇનો હળવો ધક્કો મને વાગ્યો. જોયું તો ભગવાં કપડાંવાળો મારા જેવડો જ એક છોકરો મને ઘસીને ગયો. એના હાથમાં પુસ્તકો હતાં. એકાએક વિચાર આવ્યો અને એ ભગવાંધારી છોકરા પાછળ ચાલતો થયો. ઘણે દૂર ગયા પછી મેં માંડમાંડ તેને પૂછ્યુંઃ 'તમે ભણો છો?'

'હા, કેમ?' તેણે કહ્યું.

'ક્યાં?' મેં પૂછ્યું.

'પાઠશાળામાં'

'કેવા છો?'

'સાધુ.'

બસ, હું અટકી ગયો. સાધુ ચાલ્યા ગયા. નીચે માથે પાછો વળ્યો. થોડી વારે ચિત્ત પ્રસન્ન થઇ ગયું. હવે કંઇ ભો નહિ. ભાઇ ભલે ન ભણવાનું કહે અને નોકરી માટે સમજાવે. આપણે અહીંથી જતા રહેવું. કોઈ સાધુના ચેલા થઇ જવું અને ભણવું.

મારો આ વિચાર અમલમાં તો ન આવી શક્યો, પણ ભવિષ્યમાં એણે સુંદર કાર્ય કર્યું. કાશીમાં અને પ્રયાગમાં મારા મંડળમાંના મિત્રો કેટલાંક સારાં સ્થાનોમાં સાધુઓના શિષ્ય બની ગયા, મોજથી રહ્યા અને અભ્યાસ કર્યો. એમાંના એકે તો પોતાના સ્થાનની ગાદી મેળવીને મહંતપદ મેળવ્યું હતું. એણે સાધુસંસ્થામાં ઘૂસી ગએલા બધા જ સડા કાઢી નાખીને સુધારા કર્યા હતા. ધાર્મિક સંપત્તિ જનસમાજના હિતમાં ખર્ચીને દુરૂપયોગ થતો અટકાવ્યો હતો. આ વખતે અને હજી પણ મને લાગે છે કે, સુધારક વિચારના શિક્ષિત કુમારો એવાં ધાર્મિક સ્થાનો પકડી લે તો ધાર્યું પરિવર્તન લાવી શકે. સમાજહિતમાં ખર્ચવા નાણાં મળતાં નથી, જ્યારે ધાર્મિક સ્થાનોમાં અઢળક દોલત ભરી છે; એનો ઉપયોગ પણ થઇ શકે. મિશનરી કાર્ય કરનારા યુવાનોએ આ કામ કરવા જેવું છે.

મેં નાસી જવાની પૂરી તૈયારી કરી લીધી. પણ જવું ક્યાં? ડાકોર યાદ આવ્યું. મેં ધાર્યું કે ત્યાં એવાં સ્થાન હશે. તીર્થસ્થાન છે; જરૂર કોઇક તો ચેલો બનાવી જ લેશે. દાઢીમૂછ નથી એટલે ગુરુજીને મૂંડવાની પણ મહેનત નહિ પડે! સાધુઓ એવા ચેલાને વધારે લાયક ગણીને સ્વીકારે છે, જેની ઉંમર વધારેમાં વધારે ઓછી હોય. મારામાં એ યોગ્યતા હતી.

પણ બીજે જ દિવસે ભાઇએ મને સાથે ચાલવા કહ્યું. મેં ધાર્યું કે બસ, નોકરી ડાકણ હવે મને ભરખી લેશે. ઢીલે મોંએ હું ભાઇ સાથે ગયો. તેમણે મને એક ખાદીધારી પુરુષ સામે ખડો કર્યો. એ જમાનો અસહકારના શૈશવકાળનો હતો. થોડા જ વખત ઉપર લોકમાન્યનું મૃત્યુ થયું હતું. હું એ વખતે રાજકોટમાં કંદોઇને આશરે હતો. ખાદીધારી મહાશયે મને બેચાર પ્રશ્નો પૂછ્યા અને 'હોશિયાર' હોવાનું પ્રમાણ આપ્યું. મને એ મશ્કરી કરતા હોય એમ જ થયું. હું ગામડાનો છોકરો હોશિયાર હોઉં, એ માની ન શકાયું. પણ આખરે એ જ પ્રમાણપત્ર ઉપર મને શાળામાં દાખલ કર્યો. ભણવાનું શરૂ થઇ ગયું.

અમદાવાદના મારા એ દિવસો મને ખૂબ પ્યારા છે. એ વેળા મેં ખૂબ મોજ કરી છે. એ બધું અહીં આલેખવું ઠીક નથી. આ તો મારી સફર છે, એટલે એને જ ચીતરૂં.

અંતે અમદાવાદ—અને સાથે સાથે ગુજરાત—ને એક દસકા માટે છેલ્લા નમસ્કાર કરવાનો પ્રસંગ આવી લાગ્યો. મારા જીવનમાં અજબ ફેરફારીનો એ પ્રસંગ કહેવાય. એ પ્રસંગ ન આવ્યો હોત તો હું અત્યારે કાંઇક જુદો જ હોત. કદાચ વકીલ હોત. મને વકીલ થવાનું ગમતું હતું. આગળ જતાં બનારસની અદાલતમાં વગર વકીલે હું મુકદ્દમો લડેલો ત્યારે મારી ઊલટતપાસ સાંભળવા ઘણા વકીલો ઊભરાએલા. તેઓએ કહેલું, 'તમે વકીલ થવાને લાયક છો.' કદાચ મોટો લેખક થયો હોત. એ શૉખ મને નાનપણથી જ રહ્યો છે. પણ એ જીવનને અત્યારના જીવન સાથે સરખાવું છું અને એ વખતે હું કેવો હોત એ વિચારૂં છું, તો લાગે છે કે હું બચી ગયો છું. અત્યારે વધારે સુખી છું. માની લીધેલું સુખ નહિ, પણ વાસ્તવિક સુખ મને મળ્યું છે. મારે કેટ-

લોક વકીલો અને લેખકો મિત્રો છે. તેઓ મારા સુખની અદેખાઇ કરે છે.

પરિવર્તનનો એ પ્રસંગ મારી કાચી ઉમરને કચડી નાખે એવો હતો. એ જ પરિવર્તનથી, રખડીભટકીને ટુકડો રોટલો મેળવવા મથતા જનરો દેશબાંધવોની ભિખારીની જમાતમાં હું એ વધારો કરી શકયો હોત.

રવિવારનો દિવસ હતો. બપોરનો વખત હતો. શાળા બંધ હતી. એક વડીલને ત્યાં હું રહેતો હતો. જમી પરવારીને હું કપડાં પહેરતો હતો.

'કેમ, બહાર જવું છે કે?' વડીલે પૂછ્યું.

'જી, હા.' મેં કહ્યું.

'આજ નથી જવું.'

'કંઇ કામ છે?'

'કામ કંઇ નથી; પણ શહેરમાં હુલ્લડ થવાનો ભય છે. આજ ન જઇશ.'

આટલું કહીને વડીલ જતા રહ્યા. હું વિચારતો ઊભો રહ્યો. કાલે કોઇ જગ્યાએ એક જાણીતા હિંદુનું મુસ્લિમે ખૂન કર્યું હતું. તેના વિરોધમાં શહેરમાં હડતાલ જેવું હતું. વિરોધસભા પણ મળવાની હતી. મને છાપાં દ્વારા આ ખબર મળી ગયા હતા. તેટલા માટે જ હું શહેરમાં જતો હતો. લડાલડી અને મારામારી જો સમાજના હિતને ખાતર થાય તો એમાં ભાગ લેવાનું મને ગમતું. બહાદુરીથી લડવાનો શૉખ ઘણો હતો. જર્મન લડાઇ અત્યારે થઇ હોત તો ઘણું સારું, એમ પણ હું ઘણી વખત માનતો. સિપાઇ બનીને દૂરદૂરના દેશોમાં જવાની મને તમન્ના હતી.

વડીલ ગયા. આજ્ઞા માનવી કે મોકો જવા દેવો? આજ્ઞા તો રોજ માનવાનું મળશે, મોકો નહિ મળે. હું તો છાતી ફુલાવીને ચાલતો થયો. હિંદુઓની દુકાનો બંધ હતી. સાંજ સુધી રસ્તા ઉપર ભટકતો જ રહ્યો, પણ કોઇ હિંદુને કે મુસ્લિમને એકમેકને છરી ભોંકી દેતા જોવાનો લહાવો મળ્યો નહિ. સાંજે ઘેર પાછો ગયો. વડીલ બહારથી આવ્યા.

'કેમ, ગયો હતો કે?' મને પૂછ્યું.

'જી, હા.' મેં કહ્યું.

'કેમ?'

હું કંઇ બોલ્યો નહિ.

'કહે? ના કહી હતી ને?' વડીલે ફરી પૂછ્યું.

'હડતાલ જોવા ગયો હતો.'

'પણ ના કહી હતી ને? આ રીતે મારે ત્યાં રહેવાનું નથી. તારે ગમે ત્યાં જવું હોય તો જજે.'

આમ કહીને વડીલ જતા રહ્યા. અપમાનનો દબાએલો હું કયાં ય રહ્યો જ નથી. કોઇની સામે હીણપદના ભાવે ઊભો રહ્યો જ નથી. અત્યારે પણ મારો એ બાળસ્વભાવ મને ઠીક જ લાગે છે. દરેક માણસમાં એવા ગુણો હોવા જ જોઇએ. ભલે તે રાંક હોય. હીણપદનું ભાન રાખવું, એ મનુષ્યત્વનો ઘાત કર્યા બરાબર છે. માણસમાણસ વચ્ચે બરાબરી સિવાયનો બીજો ભાવ હોવો જ ન જોઇએ. વિનય, વિવેક અને મર્યાદાનો વ્યવહાર એ બીજી વાત છે. દરેક સ્વાભિમાનીમાં તો એ ગુણ હોય જ. એ વિના સ્વાભિમાન અહંભાવ બને છે.

મારું દિલ ઘવાયું. વડીલોની આજ્ઞા એ ગુલામીનું ફરમાન તો ન જ બનવું જોઇએ. હું વિચારવમળે ચડ્યો. કોઇના આધાર વગર આપણે ન જીવી શકીએ? આપણે પોતે જ પોતાને કેમ ન બનાવી શકીએ? મારા જીવનનો ઘડનાર હું પોતે જ કેમ ન બનું? આમ ઘણી વાર સુધી વિચારતો રહ્યો.

નિર્ણય કરી લીધો. અમદાવાદ છોડું, ગુજરાત પણ છોડું અને કયાંક દૂર જતો રહું. ગમે ત્યાં જાઉં, પણ અત્યારે અહીંથી તો જતો જ રહું.

ચોપડીઓનું નાનું પોટલું બાંધ્યું. થોડા જ દિવસ પહેલાં પહેરણ માટે લાવેલી ખાદીનો તેમાં ઉપયોગ કર્યો. બીજું તો કંઇ લેવાનું નહોતું. આ મુસાફરી એવી હતી, કે એને માટેનાં સાધનોનો વિચાર થઇ જ ન શકે. ચંપલ પણ ન પહેર્યાં. પોટલી બગલમાં દબાવીને ઘર બહાર નીકળી ગયો.

રાત થઈ ગઇ હતી. શહેરમાં તો પડી રહેવાની યે જગ્યા મળે એમ નહોતું. સાબરમતીને પેલે પાર એ વખતે ઉજડ હતું. ગુજરાત કૉલેજ પાછળ વગડા જેવું જ ભાસે. ત્યાં ચાલ્યો ગયો. રેલવેના એક ગરનાળાના પૂલ નીચે આસન જમાવ્યું. અહીં કોઇ ઉઠાડનાર નહોતું. દિવસે જ જ્યાં માણસ ન દેખાય ત્યાં રાત્રે કોણ આવે? પણ ઊંઘ આવી નહિ. શીઆળો પૂર બહારમાં ખીલ્યો હતો. ટાઢ સખત પડતી હતી. પગ લાંબા કરીને તો સૂવાય જ શાનું? સાપની પેઠે

કુંડાળું વળી ગયો. ચોપડીઓ છોડીને કપડું ઓઢ્યું. પણ ટાઢ એવી કે કંઇ ચેન ન વળે. છેવટે હાથપગ ઠરીને ઠીકરાં જેવાં થઇ ગયાં. દાઢી ધ્રૂજવા લાગી. ઉપાય સૂઝી આવ્યો. દંડ બેઠકનો પ્રયોગ અજમાવ્યો. દસવીસ દંડ કર્યા. શરીરમાં ગરમી આવી ગઇ. ટાઢ ઊડી ગઇ. શાંતિથી થોડી વાર પડી રહ્યો. વળી થોડી વારે ટાઢ ચડી. વળી દંડ ખેંચી કાઢ્યા. એમ દંડ કરતાં કરતાં રાત કાઢી. પણ એ રાતની કસરત હજી યે ભુલાતી નથી.

સવારે એક દરજીની દુકાને ગયો. પહેરણની ખાદીની કફની કરી આપવા કહ્યું.

'તમે કફનીને શું કરશો?' દરજીએ પૂછ્યું.

'સાધુને આપવી છે.' મેં કહ્યું.

'ત્યારે તો ઠીક. એક આને કરી આપીશ.'

હું કફનીનું બીજું શું કરૂં?

કફની થઇ ગઇ. હવે સસ્તો હજામ જોઇએ. આમ તો મૂંડવાના બે બે આના લે. દિલ્હી દરવાજા બહાર, જાણે હજામોનું બજાર ભરાતું હોય એવું મેં જોયું હતું. હજામોની હારની હાર ત્યાં બેસી રહે. માલ-મજૂરોને સસ્તામાં મૂંડી દે. હું ત્યાં ગયો. એક ધાંયજા તરફ મેં જોયું કે બધા સમજી ગયા. કોણ જાણે, એમની નજરમાં જ ઘરાક પારખવાની શક્તિ હશે! 'એ ભૈ, આઁયાં, આઁયાં. બે જૈ આલજે.' ત્યાં તો એકે મારો હાથ પકડીને 'લે હેંડ, એક જૈ આલજે; મૂંડવું જ છે ને?' કહ્યું. હું તો તરત બોલી જ ગયો. એક પૈસામાં સુંદર ઝુલ્ફાં મૂંડાવી નાખ્યાં. કફનીને શોભે એવો ચહેરો થઈ ગયો. ચોટલી રખાવી ખરી.

ન્હાયા પછી પ્રતિજ્ઞા લઇને કફની ધારણ કરવાની શ્રદ્ધા હવે મનમાં જન્મી. સીધો દૂધેશ્વરના ઘાટે ગયો. ત્યાં માણસોની ભીડ હતી. સાબરમતીને કિનારે કિનારે દૂર સુધી ચાલ્યો ગયો. નિર્જન સ્થાનમાં કપડાં કિનારે ઉતારીને ન્હાવા ઊતર્યો.

મારા વિચારમાં જરા પણ પોચાપણું નહોતું. પ્રકૃતિજન્ય સ્વભાવને વળગી રહીને મેં મારી સફરની તૈયારી કરી. પ્રકૃતિના સ્વભાવને ન સમજતો કે ન વિચારી શકતો, છતાં કોઈ ગૂઢ શક્તિ મને દોરી રહી હતી. મારી ચાલમાં પાછળથી એનો ધક્કો હતો. મારાં સ્વાભાવિક કાર્યોમાં એવા બળની સહાય મને હમેશાં મળ્યા કર્યાનું આજે હું સ્વીકારૂં છું. સંગીતનો શૉખ થયો ને વિના કોઇની મદદે વાજું વગાડતાં શીખી ગયો. ચિત્રકામનો શૉખ થયો. પીંછી કદી જોઇ પણ નહોતી. મનની મેળે બધું લાવ્યો ને ચિત્રકામ શીખી ગયો. વિના કોઇની સહાય કે સૂચનાએ ચિત્રો દોર્યાં અને પ્રદર્શનમાં ઇનામ મેળવ્યું. અંત:પ્રેરણાને વળગી રહેનાર પ્રકૃતિના ગૂઢ બળની મદદ મેળવે જ છે. નિ:સહાય દશામાં સફર ખેડવા બેઠો અને એમાં પણ સફળ જ થયો. પ્રકૃતિ એને જ સહાય કરે છે, જે અંતરના ભાવોને વળગી રહે છે એવા ગૃહસ્થોને જગતનાં ઝેર દુ:ખી નથી બનાવી શકતાં. અંતરના ભાવોને છોડી કરેલું વિકૃત વર્તન એ જ દુ:ખનું કારણ. ત્યાં જ પ્રકૃતિ વિફરે છે.

(ચાલુ) **જીવરામ જોષી**


વાહ બહાદુરો!

કાજી અને શાહ એક કૉલેજની એક જ ઓરડીમાં સાથે રહેતા હતા. કાજી શરીરે દૂબળો હતો પણ કાયમ વાતો કરતો કે તેના પર પીરનો હાથ છે અને તેની સહાયથી તેને કોઇ નુકસાન કરી શકે નહિ. શાહ શરીરે જરા તગડો, પણ મનમાં કાજીના પીરથી ડરે. એકવાર રાત્રે બંને સૂઇ ગયા હતા એવામાં કાજીના લેંઘામાં ખિસકોલું ભરાયું, એટલે અંધારામાં ને અંધારામાં તે કાઢવાને ફૂ ફૂ અવાજ કરવા માંડ્યો. એ સાંભળી શાહને લાગ્યું કે કાજીના શરીરમાં પીર જાગ્યા છે, એટલે પથારી છોડી તે બહાર નાઠો. કાજીએ જોયું કે આ કદાવર જુવાન ભાગે છે માટે ચોર જેવું કાંઇ હોવું જોઇએ, એટલે તે પણ બહાર નીકળી તેની પાછળ નાઠો. શાહને લાગ્યું, 'બાપ રે! પીર પાછળ પડ્યા.' દોડીને તે દાદરો ઊતરી ગયો અને કૉમ્પાઉન્ડ બહાર પહોંચ્યો, એટલે કાજીની હિંમત વધારે ડગી અને તે પણ ગયો દરવાજા બહાર. બેઉની દોડાદોડથી બીજા કૉલેજિયનો જાગી ઊઠ્યા અને દીવા ધરી પૂછ્યું, અલ્યા ભાઈ, છે શું? કાજી કહે, પૂછો શાહને, એ કેમ દોડ્યો? શાહ કહે, કાજીના ડીલમાંના પીર પાછળ પડ્યા છે એટલે! અને પછી સ્ફોટ થતાં બંનેની બહાદુરી પર સૌ હસ્યા.

(ખરી બીના)

શ્રી હરિકૃષ્ણ વ્યાસ સંયોજિત

ગુજરાતી લઘુલિપિ



[અનુસંધાન ચૈત્ર અંકના પૃ. ૨૦૦થી]

તંત્રીની નોંધ:

આ અંકમાં અપાતા સોળમા દિવસ સાથે લઘુલિપિની ઉત્તીર્ણ શ્રેણી સંપૂર્ણ થાય છે, એટલે એની સાથોસાથ લઘુલિપિનો સૈદ્ધાન્તિક વિભાગ પણ પૂરો થાય છે; પણ, લેખકે 'પૂર્વતૈયારી'ના પ્રકરણમાં જણાવ્યું છે તેમ, શીખનારને લઘુલેખક તરીકેના ધંધામાં ઉપયોગી થાય એવી કેટલીક સૂચનાઓ, મનોયત્નો, શબ્દકોશ વગેરે હજી બીજાં ત્રણ વધુ પ્રકરણોમાં આપવાનાં છે. એ બધું પુસ્તકમાં સમાવવામાં આવશે, અને એ સર્વાંગસંપૂર્ણ પુસ્તક થોડા જ વખતમાં બહાર પડશે. પણ એ દરમિયાન, અમારા વાચકો અને શુભેચ્છકોને અમે જાહેર આમંત્રણ આપીએ છીએ કે તેઓને કાંઇ સૂચનાઓ, પ્રશ્નો, શંકાઓ, અભિપ્રાયો, વગેરે સૂચવવાનાં હોય તો તે પહેલાં અમને લખી મોકલવા કૃપા કરે, જેથી તૈયાર થતા પુસ્તકમાં એ શુભેચ્છકોના અભિપ્રાય ઉપર ઘટતું ધ્યાન આપવામાં આવે.

સોળમો દિવસ : વિવિધ રીતે થતા લોપ

નિયમો

[૮૯] કોઇ નામને અંતે 'ઓ', 'ઇ', 'ઉ'માંથી એકાદ જાતિવાચક સ્વર આવતો હોય અને છતાં તે નામમાં એ સિવાયના બીજી જાતિ શકય ન હોય, ત્યારે એ અંત્ય જાતિવાચક સ્વરનો લોપ કરાય છે.

[૯૦] નજીક નજીક કે નિયમિત અંતરે, અંતે એક જ સરખા પ્રત્યયોવાળા શબ્દોની આખી શ્રેણી આવતી હોય ત્યારે, તેમાંના શરૂઆતના એકાદ બે શબ્દોના પ્રત્યયો લખ્યા પછી બાકીના શબ્દોના પ્રત્યયો જતા કરાય છે.

[૯૧] સંખ્યાક્રમસૂચક પ્રત્યયો જેવા કે 'લું', 'જું', 'મું' વગેરેનો લઘુલિપિમાં લોપ થાય છે, એટલે એ અર્થ બતાવવા સાદી સંખ્યાઓ જ ચાલી શકે છે.

[૯૨] નામયોગી અવ્યયો પહેલાં આવતા છઠ્ઠી વિભક્તિના પ્રત્યયો 'નો-ની-નું'નો લોપ થાય છે.

[૯૩] જે શબ્દો માટે સામાન્ય વ્યવહારમાં ટૂંકાં રૂપો પ્રચલિત હોય તે શબ્દો માટે એ રૂપો લઘુલિપિમાં લખી ઉપયોગમાં લેવાય છે.

[૯૪] કોઈ વિચાર બતાવવા માટે તુરત સમજી શકાય એવું કોઇ સંજ્ઞાચિત્ર જાણવામાં હોય અને તેનાથી લખાણમાં બચાવ થઇ શકતો હોય તો તે ઉપયોગમાં લેવાય છે.

[૯૫] જો વિશેષણને બદલે નામ અથવા નામને બદલે વિશેષણ લખવાથી શબ્દ ટૂંકો છતાં સ્પષ્ટ લખી શકાતો હોય તો એ બંનેમાંથી વધારે ટૂંકું હોય તે રૂપ લખાય છે.

[૯૬] કોઇ શબ્દો લખવા જતા કરવા હોય ત્યારે એ મૂકી દીધેલા શબ્દોની સંખ્યાના પ્રમાણમાં લાંબી લીટી કરાય છે.

સૂચનાઓ

(૮૯) 'હોદ્દો', 'પૃથ્વી', 'કારખાનું' આવા શબ્દોમાં અંત્ય સ્વર જાતિ બતાવે છે ત્યાં આ નિયમ લાગુ પડી શકે. એથી ઉલટું 'ખુશબો', 'અધિકારી', 'ગરજાઉ' એવા શબ્દોમાં એ જ સ્વરો અંતે આવેલા હોવા છતાં તે જાતિસૂચક નથી, એટલે એવા શબ્દોમાં તે તે સ્વરો લખવાની જરૂર રહે છે. ખ્યાલમાં રહે કે જ્યારે કોઇ શબ્દમાં અંત્ય સ્વરથી સૂચવાતી એક જ જાતિ શક્ય હોય ત્યાં જ આ નિયમ અમલમાં આવી શકે. જેમકે 'પૃથ્વી' એ શબ્દને મળતાં 'પૃથ્વો' કે 'પૃથ્વું' એવાં રૂપો નથી માટે જ તેને આ નિયમ લાગુ પડે; પણ 'છોકરો' એવા શબ્દોમાં જાતિવાચક સ્વરની જરૂર રહે જ. તેમ છતાં જ્યાં અનુપ્રાસે જાતિ સમજી શકાય તેમ હોય ત્યાં તો આ છેલ્લા ગણાવેલા જેવા શબ્દોમાં પણ જાતિવાચક સ્વર લોપી શકાય. આમ જાતિવાચક પ્રત્યય લોપવાના સિદ્ધાંતની ચર્ચા અગાઉ સૂચનાઓ ૫૧ તથા ૬૪માં થઇ ગઇ છે તે અહીં ફરીથી વાંચી લેવી.

(૯૦) આ નિયમ તદ્ધિત અને કૃત્ બંને જાતના પ્રત્યયોને લાગુ પડી શકે છે. નિયમની ભાષામાં એ પ્રત્યયો સરખે અંતરે આવવાનું ધોરણ ફરજિયાત છે. પણ એ સરખું અંતર શબ્દની સંખ્યાથી માપી ન શકાય. ઘણી વખત સરખા વજનના ટુકડામાં વહેંચાઇ જતાં વાક્યોનાં ઉપાંગોમાં પણ આવી શ્રેણી દેખા દે છે, ત્યાં પણ વિવેકબુદ્ધિથી આ નિયમ યોજી શકાય.

(૯૧) સંખ્યાઓ બતાવવા માટે અગાઉ નિયમ ૨૬ આવી ગએલ છે. એ નિયમ મુજબ 'છવીસ' લખવાને બદલે '૨૬' લખી, તે સંખ્યા આંકડાથી જણાવવાનું કહેલું છે. અને આ નિયમ ઉમેરાતાં હવે '૨૬' એ આંકડો 'છવીસ' અથવા 'છવીસમું' એમ બે રીતે વાંચી શકાય. અને તે જ મુજબ '૪'='ચાર' અથવા 'ચોથું', '૧૦'='દસ' અથવા 'દસમું' વગેરે. આ બધું એકદમ સ્પષ્ટ હોવાથી આ નિયમ ઉપર જુદાં ઉદાહરણો આપવાની જરૂર રહેતી નથી.

(૯૨) નામયોગી અવ્યય જેવા કે 'ઉપર', 'પછી', 'સાથે' વગેરેની પહેલાં હમેશ છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય આવે જ એવું કાંઇ નથી. ઘણી વખત એ પ્રત્યય અધ્યાહાર પણ રહેતો હોય છે. કયારેક વિકલ્પે તે અધ્યાહાર પણ રાખી શકાય અથવા લગાડી પણ શકાય. અને કયારેક અચૂક લગાડવો પડે છે. પણ લઘુલિપિમાં નામયોગી અવ્યયની પૂર્વે 'નો-ની-નું' અચૂક વાંચવાનો નિયમ રાખવો; પછી ભલે તેની જરૂર ન હોય તો જતો કરી દેવાય. તેમ છતાં જ્યારે નામયોગીની પૂર્વે કોઇ સર્વનામનું રૂપ, જેવું કે 'અમારૂં', 'આપણું' વગેરે આવતું હોય ત્યારે એ સર્વનામનું એ રૂપ લખવું વધારે સુગમ પડશે.

(૯૩) 'જા.ખ.', 'રા.સા.' વગેરે ટૂંકાં રૂપો સર્વસામાન્ય છે. અને સામાન્ય લિપિમાં ઉપયોગમાં લેવાતાં એ રૂપો લઘુલિપિમાં પણ ઉપયોગમાં લેવાય એ સ્વાભાવિક છે. પણ એ ટૂંકાં રૂપોમાં લખાતાં પૂર્ણવિરામ ચિહ્નો માટે કાળજી રાખવી પડશે. લઘુલિપિમાં પૂર્ણવિરામ ચોકડીથી બતાવાય છે, અને એક શબ્દમાં બે ચોકડી કરવી પડે ત્યારે તેમાં ખૂબ સમય લાગે છે. આ તકલિફમાંથી બચવા માટે આવાં ટૂંકાં રૂપોમાં બે શબ્દો વચ્ચે એક જ ચોકડી કરવી, તેમજ પૂર્ણવિરામ માટે કરાતી ચોકડીથી તેને સહેજ ઊંચે લેવી. આમ કરવાથી એ ચોકડી સંકેતની છે એમ તુરત સમજી શકાશે.

(૯૪) આવાં શક્ય સંજ્ઞાચિત્રોના થોડાએક નમૂના ઉદાહરણોમાં આપ્યા છે. અને તે ઉપરાંત જે જાતનું કામ લઘુલેખકને કરવાનું હોય તે કામને અનુકૂળ સંજ્ઞાચિત્રો કાં તો પોતે જાતે ઉપજાવી શકે, અથવા એવાં કોઇ પ્રચલિત હોય તો તેનો ઉપયોગ કરી શકે.

(૯૫) ઘણું કરીને છેવટનો એકાદ પ્રત્યય લોપવાથી જ આ જાતનું ટુંકાણ કરી શકાય તેમ હોય છે. અને જેમ નિયમ ૯૧થી એક જ સંખ્યાને બે કામ કરવાનાં છે, તેમ આ નિયમ મુજબ એક જ શબ્દને નામ અને વિશેષણનું બેવડું કામ સોંપાય છે: જેમકે 'મીઠું-મીઠાશ' એ બંનેને બદલે 'મીઠ(ઉં)' એટલું ચાલી શકે. પણ ખ્યાલમાં રાખવું કે જ્યાં નામ અને તેને મળતાં વિશષણોના બંધારણમાં કાંઇ મૂળભૂત તફાવત હોય ત્યાં એકને બદલે બીજું ન વાપરવું. જેમકે 'ઉદાર-ઉદારતા'એ બંને શબ્દો 'ઉદાર'થી સૂચવી શકાય. પણ 'ઉદાર-ઔદાર્ય' એ બંનેની જોડી થઇ શકે નહિ.

(૯૬) કોઇ શબ્દ સાંભળી જ ન શકાયા હોય,

અથવા સાંભળ્યા છતાં બહુ પાછળ રહી જવાથી કે તુરત લખતાં ન આવડવાથી જતા કરવાની જરૂર પડી હોય, અથવા તો ભાષણનો સારાંશ જ માત્ર લેવાનો હોય ત્યાં આ નિયમ બહુ ઉપયોગી થઇ પડશે. આ છેવટના નિયમનો પ્રયોગ અનિવાર્ય સંજોગોમાં જ કરવા ભલામણ છે. આ નિયમનાં ઉદાહરણો આપવાની જરૂર નથી.

ઉદાહરણો

(૧) **[નિ. ૮૯: અંત્ય જાતિવાચક સ્વરનો લોપ** અખતરો, આગાહી, જ્ઞાતિ, દાખલો, ધગકી, નકશો, નોકરી, પૃથ્વી, ફાયદો, માગણી, માહિતી, રૂઢિ, લાગણી, સંપત્તિ, સોનું, હોદ્દો.

(૨) **[નિ. ૯૦: શ્રેણીબંધ આવતા પ્રત્યયોનો લોપ] તે** કલબમાં જતો, ટેનિસ રમતો, સીનેમા જોતો, દરીઆકિનારે ફરવા જતો, અને એવું બીજું ઘણું ય પોતાનું દુઃખ ભૂલવા માટે કરતો, તેમ છતાં ......


(૩) **[નિ. ૯૧-૯૨: સંખ્યાક્રમસૂચક પ્રત્યયો તથા નામયોગી પહેલાંના છઠ્ઠી વિભક્તિના પ્રત્યયોનો લોપ]** આજથી પાંચમે દિવસે સત્તરમા નંબરના મકાનની પાછળ લીમડાના ઝાડની નીચે તે તમને મળશે.

(૪) **[નિ. ૯૩: સામાન્ય લિપિમાંના સંકેતો]** ઇત્યાદિ, જાહેરખબર, દાખલા તરીકે, રાવબહાદુર, વગેરે.

(૫) **[નિ. ૯૪: સંજ્ઞાચિત્રો]** એક બાજુ, હૅાપી રાઇટ, તાળીઓના ગડગડાટ, બંને બાજુ, બીજી બાજુ, શી ખબર?

(૬) **[નિ. ૯૫: નામ અને વિશેષણ માટે સરખી સંજ્ઞાઓ]** ઉદાર-ઉદારતા, ક્રૂર-ક્રૂરતા, ગરમ-ગરમી, ઠંડું-ઠંડી-ઠંડક, મીઠું-મીઠાશ, રાષ્ટ્ર-રાષ્ટ્રીય, વિવિધ-વિવિધતા, સેતાન-સેતાનિયત.

ઉદાહરણોનું લઘુલેખન



(સંપૂર્ણ)

આપણી નજરે

● હિંદના મશહૂર નૃત્યકાર શ્રી ઉદયશંકર અમેરિકાની મુલાકાત લીધા પછી પોતાના પ્રવાસો બંધ કરી હિંદ ખાતે બનારસમાં કાયમી મુકામ રાખી, ત્યાં એક કલાધામ સ્થાપવાના છે.

● મુંબાઇમાં ભારતીય સાહિત્યપરિષદની શાખા સ્થપાઇ છે ને તેના પ્રમુખ તરીકે શ્રી કનૈયાલાલ મુનશીની પસંદગી થઈ છે.

● બ્રિટને સોનાનું ધોરણ છોડયું ત્યારથી તે તા. ૧૦મી એપ્રિલ સુધીમાં મુંબાઇથી પરદેશ રવાના થએલા સોનાની કુલ કીમત રૂા. ૨,૯૫,૬૬,૭૩,૫૯૫ પર પહોંચી છે.

● હિંદ અને ચીન વચ્ચે સંસ્કૃતિભરી મિત્રતા પેદા કરવા અને સંસ્કૃતિના ઇતિહાસમાં નવું પાનું ઉઘાડવાના ઉદ્દેશથી શાંતિનિકેતનમાં રૂા.૩૫૦૦૦ના ખર્ચે તૈયાર થએલો વિશ્વભારતી ચાઇનીઝ હૅાલ પ્રો. તાન યુન-શાનના હાથે ખુલ્લો મૂકાયો છે.

● ત્રણ હિંદી સાહસિક સાઇકલીસ્ટો શ્રી ઍરાસ, ગાંધી અને શ્રોફ જે ૧૯૩૩ના એપ્રિલની ૩૦મીએ મુંબાઇથી દુનિયાની મુસાફરીએ નીકળ્યા હતા તે ૩૪૦૦૦ માઇલનો પ્રવાસ પૂરો કરી દક્ષિણ આફ્રિકામાં કેપટાઉન મુકામે પહોંચ્યા છે.

આ મહિનો (મે) . . . અને એની પ્રતિભા

તા. ૧ મજૂરોનો મહાપર્વ 'મે દિવસ'.

તા. ૩ બાબુ અરવિંદ ઘોષ પર અલીપુર બૉંબ કેસ મંડાયો—ઇ. ૧૯૦૮.

તા. ૪ શ્રીરંગપટ્ટણની લડાઇમાં ટીપુ સુલતાનનું મરણ—ઇ. ૧૭૯૯.

તા. ૫ મહાન નેપોલિયનનું સેંટ હેલીના ખાતે અવસાન-ઇ. ૧૮૨૬.

તા. ૭ સ્ટીમર લુસિટાનિયા ડૂબી—ઇ. ૧૯૧૫ * * દક્ષિણ ધ્રુવ પર કૅપ્ટન સ્કૉટે પહેલાં પગલાં પાડ્યાં—ઇ. ૧૯૧૨.

તા. ૮ રસાયણશાસ્ત્રના પિતા સમા મહાન ફ્રેંચ વિજ્ઞાની લાવાઝીએનો ફ્રાંસના ક્રાન્તિમંચ પર વધ—ઇ. ૧૭૯૪ * * કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને મોતીલાલ નેહરુનો જન્મ—ઇ. ૧૮૬૧.

તા. ૯ હિંદના પ્રખર મુસ્લીમ નેતા ને નામીચા હકીમ ડૉ. મુખ્તાર અહમદ અનસારીનું અવસાન-ઇ. ૧૯૩૬ * * શ્રીગોપાલકૃષ્ણ ગોખલેનો જન્મ—ઈ. ૧૮૬૬ * * પાર્લામેન્ટે હિંદના ગવર્નરની સત્તામાં વધારો કરતો કાયદો પસાર કર્યો—ઈ ૧૮૬૫.

તા. ૧૦ બાદશાહ બાબરે આગ્રાનો કબજો લીધો—ઇ. ૧૫૨૬.

તા. ૧૧ ૧૮૫૭ના હિંદી સ્વાતંત્ર્ય યુદ્ધમાં બળવાખોર ગણાએલાઓએ દિલ્હીનો કબજો લીધો ને બીજે દિવસે મુગલ સમ્રાટ્ બહાદુરશાહ ઝફરને હિંદનો શહેનશાહ જાહેર કર્યો.

તા. ૧૫ રશિયાના ઝાર નિકૉલસ બીજાએ ગાદી છોડી—ઈ. ૧૯૧૭.

તા. ૧૬ કનોજ આગળ શેરખાન સૂરે હુમાયૂંને હરાવ્યો—ઈ. ૧૫૪૦.

તા. ૨૨ બ્રાહ્મોસમાજના સ્થાપક રાજા રામમોહન રૉયનો જન્મ—ઈ. ૧૭૭૨.

તા. ૨૩ પહેલું બંગાળી વર્તમાનપત્ર 'સમાચારદર્પણ' શરૂ થયું—ઇ. ૧૮૧૮.

તા. ૨૪ મહારાણી વિક્ટોરિયાની જન્મતિથિ—ઇ. ૧૮૧૯.

તા. ૨૫ ગુલામી પ્રથા વિરુદ્ધ વિલ્બરફોર્સે ઉઠાવેલી ઝુંબેશથી બ્રિટિશ સલ્તનતમાં ગુલામોનો વેપાર બંધ થયો—ઇ ૧૮૦૭.

તા. ૨૯ જર્મની સામેના મહાયુદ્ધમાં મિત્રરાજ્યોએ પોતાના સૈન્યની મુખત્યારી માર્શલ ફૉશને સોંપી—ઇ. ૧૯૧૮

તા. ૩૦ ગુજરાતના આદ્યસુધારક રા. બ. મહીપતરામ રૂપરામ નીલકંઠનું અવસાન—ઇ. ૧૮૯૧

તા. ૩૧ કરોડોના જાનમાલની ખુવારી કરતો કવેટાનો ભૂકંપ—ઈ. ૧૯૩૫.



આ માસની વિભૂતિ
રાજા રામમોહન રૉય

ઈ. ૧૭૭૨ અઢારમી સદીના કંપની સરકારના કારભાર વખતે, મે માસની ૨૨ મીએ બંગાળાના બરદ્વાન જિલ્લાના રાધાનગર ગામમાં તેમનો જન્મ થયો. એમના પિતાનું નામ રમાકાન્ત, માતાનું નામ કુલઠકુરાણી. એમનું કુટુંબ શુદ્ધ સનાતની હતું.

ઇ. ૧૭૮૬ સંસ્કૃત વિદ્યાનું જ્ઞાન મેળવવા એમને બનારસ મોકલવામાં આવ્યા. ત્યારે ફારસી રાજભાષા હતી એટલે રામમોહને બનારસ જતા પહેલાં ફારસી અને અરબીનું જ્ઞાન મેળવી લીધું હતું. એ જ્ઞાનત્રિવેણીનો તેમણે સંગમ સાધ્યો ને ધર્મનો સાચો મર્મ પામ્યા. કુટુંબની સ્થિતિચુસ્તતા અને અંધશ્રદ્ધા એમનામાંથી ઊડી ગઇ. મૂર્તિપૂજા અને બીજી બદીઓથી હિંદુ ધર્મની થએલી દુર્દશા એમનું જિગર ચીરવા માંડી. ધર્મપ્રાણ પિતાએ એમાં અધાર્મિકપણું જોયું. રામમોહને કુમાર વયે જ ઘરમાંથી રૂખસદ લઇ લીધી અને જુદાજુદા ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કરવામાં એ તકનો ઉપયોગ કર્યો

ઇ. ૧૭૯૬ ઈસ્ટ ઇંડિયા કંપનીમાં કારકૂનની નોકરી સ્વીકારી અને અંગ્રેજીનો અભ્યાસ ચાલુ કર્યો.

ઇ. ૧૮૦૩ પિતાનું અવસાન.

ઇ. ૧૮૦૫ રામગઢના કલેક્ટર જૉન ડગ્બીના શિરસ્તેદાર તરીકે રહ્યા.

ઇ. ૧૮૧૪ સરકારી નોકરી છોડી અને એ જ સાલમાં ધર્મ ઉપર સ્વતંત્ર વિવેચન ચલાવવા કલકત્તામાં 'આત્મીય સભા' સ્થાપી. તથા 'બ્રાહ્મનિકલ મૅગૅઝીન' માસિક શરૂ કર્યું.

ઇ. ૧૮૨૮ હિંદુઓનાં જ્ઞાતિબંધારણો તોડી તેમનામાં સંપ, શાન્તિ, સત્તા, શૌર્ય અને શક્તિ લાવનારો ધર્મ સ્થાપવાના ઉદ્દેશથી 'બ્રાહ્મો સમાજ'ની સ્થાપના કરી

ઈ. ૧૮૩૦ દિલ્હીના બાદશાહે પોતાના હક્કો રક્ષવા તેમને રાજાનો ઈલકાબ આપી, પાર્લામેન્ટમાં લડત ચલાવવા ઇંગ્લંડ મોકલ્યા જ્યાં એમનું બહુમાન થયું.

ઇ. ૧૮૩૩ બ્રિસ્ટલ મુકામે સપ્ટેંબરની ૨૭મીએ એમનું અવસાન થયું.

મુડદાલ હિંદુ ધર્મમાં ચેતન ફૂંકવામાં, રામમોહનરાય ત્યારના એકાકી લડવૈયા હતા. સતી થવાનો ચાલ નાબૂદ કરાવી, બંગાળી ગદ્યને જન્મ આપી તથા માનવહત્યા જેવા ગોઝારા અનેક રિવાજોને હિંદુધર્મમાંથી રૂખસદ અપાવી એમણે હિંદની પુનર્જાગૃતિમાં ચિરકાળનું સ્થાન મેળવ્યું છે.

મહાદેવગર



આખા શરીરે ભસ્મ ને માથે નાનકડી જટા, શરીરે ભગવી કફની અને ઉપર આડા-અવળા કાળી દોરીના પટ્ટાઓ, બગલમાં ઝોળી ને કેડે લટકતા ઘુઘરા, એક હાથમાં ચીપીઓ ને બીજા હાથમાં ખપ્પર લઇ 'અહાલેક' કરતો એક ભૈરવ હમેશાં અમારી શેરીમાં આવતો. એનું નામ મહાદેવગર. મહાદેવગર દરરોજ સાંજે 'ભેરવઝોળી' લઇ લોટ ઉઘરાવવા આવતો. એ ભૈરવનાથનો પૂજારી હતો.

મહાદેવગર જાતનો અતીત બાવો હતો. એમની પુરી, ગિરિ, નાથ વગેરે નાતમાંથી ગિરિની જાતનો એ હતો, પણ લોકો ગિરિને બદલે ગર કહેતા. અતીત એટલે શંકરના ગણ, એટલે શંકરની એ પહેલી પૂજા કરે. શંકરને ધરેલું શિવનિર્માલ્ય કહેવાય અને તપોધન કે અતીત વગર એ કોઇ ખાય નહિ. મહાદેવગર વહેલો ઊઠીને શંકરની પૂજા કરી આવે, બપોરે મહાપૂજા કરી આવે ને છેક સાંજે આરતી કરી શંકરને પારે આવેલું બધું ઉપાડી લાવે. ને એમ એનો નિર્વાહ ચાલે. બીજી કંઇ ઉપાધિ નહિ ને રળવા કમાવાની ચિંતા નહિ. દિવસ આખો બેઠો બેઠો ચલમ ફૂંકે ને મજા કરે. મહાદેવગરને એમાં સંતોષ હતો.

સાદાં કપડાં ને ગળામાં રૂદ્રાક્ષની માળા પહેરે. જનોઇ તો એ પહેરે જ નહિ, પણ ગળામાં કંઇ નહિ તો રૂદ્રાક્ષનો એક પારો ને માથે ભગવી પાઘડી તો પહેરે જ. એ એનું આભૂષણ હતું.

મહાદેવગર કુતરાંનો ભારે શૉખીન. કુતરાં પાળે ને ઊછેરે. સાંજ પડે એટલે ભૈરવઝોળી ફેરવી આવે. એ ભૈરવઝોળી ફેરવે ત્યાં સુધી સ્થિર ઊભો ન રહે. જો ઊભા રહેવાનું આવે તો એક પગ ડોલતો ચાલ્યા કરે. ઘુઘરા ને ચીપીઆના ખખડાટે તાલબદ્ધ પગલાં પાડે. ઘેર આવી વેશ ને ભસ્મ કાઢી નાખે ને લોટ આવ્યો હોય તેમાંથી રોટલા કરી કુતરાંને ખવડાવે. એનો પરંપરાનો મઠ સાચવે ને સાંજસવાર ત્યાં દીવો, આરતી, પૂજા ને ધૂપદીપ કરે. મહાદેવગર મઠાધીશ હતો.

મઠને અંગે થોડીઘણી જમીન હતી. તેમાં સાથી રાખીને એ ખેડ કરાવે ને ખાધા જેટલું અનાજ આવે તે ઘરમાં નાખે, એથી એનાં છોકરાંઓનું ગુજરાન નભે જાય. સવારસાંજ ભાવિકો ભેટ ધરે તે પરચુરણ ખર્ચમાં ચાલે ને છતાંય ખળા ટાણીએ માણા માપનો લાગો તો ઉઘરાવે જ. એ વધારાનું અનાજ વેચી નાખી મૂડી ભેગી કરે. એમ મહાદેવગર પૈસેટકે પણ સુખી હતો.

મહાશિવરાત્રી આવે એટલે મહાદેવગર સવારથી ભાંગ ઘૂંટવા બેસે ને આખો દિવસ ભાંગનો અખાડો ચલાવે. સાંજ પડે એટલે દીપમાળ પૂરે ને ભારે ઠાઠથી શિવની આરતી કરે. બ્રાહ્મણોને રૂદ્રીપાઠ કરવા બેસાડે ને લઘુરૂદ્ર કરાવે મધરાત્રે કમળનાં ફૂલોથી મહાપૂજા કરે ને આરતીની આસ્કા સહુને આપે. શંકરના બાણ ઉપર ભાંગની ગળતી ચઢાવે ને આખી રાત્રીનો ઉજાગરો કરી ચારે પહોરની પૂજા કરી, વહેલી સવારે પૂર્ણાહુતી કરે ને 'બમ્ ભોળા!' કહી ભાંગનો લોટો ગટગટાવી જાય. શંકરનો જાણે એ પોઠીઓ હતો.

ગાંજાનો એ ભારે શૉખીન. બપોર થાય ને એનો અખાડો જામે. ગાંજાની કળીઓ લઇને પલાળતો જાય ને ધોતો જાય. એમ કેટલાં યે પાણીએ ધૂએ ને પછી મજાની ગોળી બનાવી મોટી ચલમમાં તે ગોળી ગોઠવે. ઉપર સૂકો-તમાકુ ભરે ને પછી કોલસો ગોઠવે. નીચે પલાળેલી સાફી રાખીને 'બમ્ ગિરનારી!'ની ત્રાડ નાખી

દમ મારે ને ધૂમાડાના ગોટેગોટા કાઢે. એ પીતો જાય ને એની આંખ લાલઘૂમ થતી જાય. ગાંજાની વાસ પણ એટલી તીવ્ર અને મીઠી આવે કે પાસે બેઠેલા બધા ગંજેરીના મોંમાં પાણી છૂટે ને ચલમ સામે તાકી રહે. મહાદેવગર મોટો દમ લગાવી ધૂમાડો ઘૂંટે ને પછી ચલમ બીજાને આપી, નીરાંતે બેઠો બેઠો ધૂમાડાના ગોટા કાઢે. મહાદેવગર બડો ગંજેરી હતો.

ભૈરવનાથનો એ ઉપાસક હતો. સાંજે ભૈરવનાથના મંદિરે જઇ આવે ને આરતી કરી આવે. ભૈરવનાથ તો જાગતી જ્યોત કહેવાતા એટલે લોકો એના પૂજારીનું ભારે માન જાળવે.

કોઇને તાવ આવે કે માથું દુઃખે તો મહાદેવગર

ગોળુડો ઘાટ

હાં રે મને વ્હાલો છે
ઊગતા એ સૂરજનો સોનેરી ગોળુડો ઘાટ,
હાં રે બીજો પ્યારો છે
પૂનમના ચન્દ્રમાનો રૂપેરી ગોળુડો ઘાટ.

હાં રે મને વ્હાલો
મહાદેવના મંદિરના ઘુમ્મટનો ગોળુડો ઘાટ,
હાં રે બીજો પ્યારો
આકાશતણા ઘુમ્મટનો વાદળી ગોળુડો ઘાટ.

હાં રે મને વ્હાલો
પણિયારીતણી રાતુડી ગાગરનો ગોળુડો ઘાટ,
હાં રે બીજો પ્યારો
ભરવાડકેરી કાંસાની તાંસળીનો ગોળુડો ઘાટ.

હાં રે મને વ્હાલો
ડોશીમાના ફરતા એ રેંટિયાનો ગોળુડો ઘાટ,
હાં રે બીજો પ્યારો
ભતવારીતણા લીલુડા સુંડલાનો ગોળુડો ઘાટ.

હાં રે મને વ્હાલો
આ વ્હાલો બ્રહ્માંડતણાં છોરાંનો ગોળુડો ઘાટ,
હાં રે એક વ્હાલો ના
કાળમુખી તોપ તણા મોઢાનો ગોળુડો ઘાટ.

'સુન્દરમ્'

તેમને દોરો કરી આપે. દોરાધાગાની તો હમેશાં લંગર ચાલતી જ હોય. ગમે તે થયું હોય તો લોકો દોરો કરાવવા દોડ્યા આવે. મહાદેવગર કાળા હીરના દોરાને સાત ગાંઠો વાળી આપે, સવા રૂપીઓ ને શ્રીફળ લે ને શંકરને પારે મૂકે. શ્રીફળ વધેરે નહિ ને વધેરે તો કોઇ તેની શેષ પણ ખાય નહિ. એ તો શિવનિર્માલ્ય. અતીત કે તપોધન વગર એ ખાય કોણ? મહાદેવગર મંત્રતંત્ર જાણે ને લોકોમાં એવી વાયકા પણ ખરી, કે મહાદેવગરને ભૈરવનાથ પ્રસન્ન છે. શ્રદ્ધા ફળતી ને લોકો કહેતા કે મહાદેવગર મોટો ગારૂડી હતો.

એની નાતના બીજા અતીત બાવાઓ ગામોગામ જમાત લઇને ફરે, ઠેઠ હીંગળાજની જાત્રાઓ કરે ને તેનો કંઠો બંધાવી આવે. ગામોગામ પડાવ કરી દુકાને દુકાને ભીખ ઉઘરાવે. ભીખ ન આપે તો ત્રાગું યે કરે ને લોહી પણ છાંટે, પણ ભીખ લીધે જ છુટકો કરે એવા હઠીલા. એ જમાત આવે ત્યારે મહાદેવગરના મઠમાં પડાવ નાખે. મહાદેવગર એમને એક ટંક ખવડાવે પણ કપાએલા શરીરવાળાથી શંકરને લોટો ન ચડાવાય એટલે મહાદેવગર એમને મહાદેવની પૂજા કરવા ન દે. એમ તો મહાદેવગર ભારે ધર્મચુસ્ત હતો.

મહાશિવરાત્રી ઉપર કોઇકોઇ વરસે એ ગિરનારની જાત્રાએ જાય, મેળામાં મહિનો માહનો પડાવ નાખીને પડે ને ભવનાથનાં દર્શન કરી પાવન થાય. એવો એ આસ્થાળુ હતો.

આખરે મહાદેવગર માંદો પડ્યો: પણ પોતાના દોરાધાગા એણે ન કર્યા. મહાદેવની સ્તુતિ કરે ને ખાટલામાં પડ્યો પડ્યો રૂદ્રાક્ષનો બેરખો ફેરવ્યા કરે. મહાદેવ એને પ્રસન્ન થયા ને એણે માનવદેહ છોડી દીધો.

એ મરી ગયો એટલે એના મઠની પછવાડે એના વડીલોની દેરીઓને પડખે સમાત ખોદાને એને અંદર દફનાવ્યો. ઉપર ધૂળનો ઓટલો કર્યો ને ઈંટોની નાનકડી દેરી બનાવી. સવાર સાંજે એના છોકરા ત્યાં ઘીનો દીવો કરી પગે લાગતા. છોકરાઓએ એની પાછળ ભંડારો કર્યો ને મહાદેવગરની મૂડી વાપરી નાખી.

અમે કોઇકોઈવાર મઠમાં જઇએ છીએ ત્યારે બધી દેરીઓ વચ્ચે મહાદેવગરની સમાત (સમાધિ) ઓળખી કાઢીએ છીએ. એના છોકરા હવે ભૈરવઝોળી નથી ફેરવતા, પણ એની દેરી પાસે આવીએ ત્યારે 'ભૈરવ નાથ' તો યાદ આવે જ છે.

મનુભાઇ જોધાણી



માધુકરી

ભલે ભવરણે મને અગણ આપદાઓ મળો
કદી નવ કરૂં મહાન પુરુષાર્થને પાંગળો.
ફળો અગર ના ફળો: અફળતા ગણું લેશ ના
અતૃપ્ત ઉર છો બળો અખિલ વિશ્વની વેદના,
પરંતુ પળ એક ના અબળ દીનતા આદરૂં
મરૂં કદિક માર્ગ તો મરણ ધન્ય થાશે. ખરૂં ?

—પ્રેમશંકર ભટ્ટ

કાર્લ ફૉન ઓસિટ્સ્કી

'લડાઇ નજરોનજર જોયા પછી હું એવો મક્કમ અભિપ્રાય ધરાવતો થયો છું કે માણસજાત માટે એ અત્યંત ભયંકર અને નિરાશાજનક તથા કેવળ હીણપતભરી છે. વીરત્વ જેવું કોઇ તત્ત્વ એમાં નથી.'

આ શબ્દો અત્યારે નાઝી કેદખાનામાં સબડતા પ્રખ્યાત યુદ્ધવિરોધી જર્મન પત્રકાર કાર્લ ફૉન ઓસિટ્સ્કીના છે. એનું જીવનભરનું ધ્યેય જ જગતમાં શાંતિ સ્થાપવાનું છે. ને લડાઈનો એનો વિરોધ પણ ફૅશનેબલ ભીરૂતા જેવો નથી: મહાયુદ્ધમાં લશ્કરી અફસર તરીકે એ લડી ચૂક્યો હોઇ, એ વિરોધ તો પ્રત્યક્ષ પ્રમાણો પરથી બંધાએલી નક્કર શ્રદ્ધા સમો છે.

અને એવો શાંતિવાદી હોવા માટે તો જર્મન સરકારે એને કેદમાં પૂર્યો છે. વર્ષોથી એ પોતાના વેલ્ટ બ્યૂન (world stage)–'જગતની રંગભૂમિ'–પત્રના તંત્રીપદેથી યુદ્ધ વિરુદ્ધ પ્રચાર કાર્ય કરી રહ્યો હતો. ૧૯૩૧માં જર્મનીના વધતા સૈનિક દળના વિરોધી લેખ લખી એમાં એણે જણાવ્યું કે 'સૈનિકો ખૂનીઓ છે.' આથી આંતરરાષ્ટ્રીય રાજકારણમાં જર્મનીની શાખ હલકી પાડવાના આરોપસર તેને કેદમાં પૂરી દેવામાં આવ્યો. આમ એ જગતની નજરે પહેલવહેલો ચડયો.

પાછળથી પ્રેસિડન્ટ હિંડનબુર્ગના હુકમથી બધા રાજદ્વારી કેદીઓને છોડવામાં આવ્યા ત્યારે એનો પણ છુટકારો થયો. એણે તો તરત પાછું પોતાનું યુદ્ધવિરોધી પ્રચારકાર્ય ચાલુ કરી દીધું. એવામાં હિટલરની સરકાર સત્તા પર આવી. આવું પ્રચારકાર્ય એ કોઇ રીતે સાંખી લે એમ નહોતું. કહેવાય છે કે એ અમલની શરૂઆતના વર્ષમાં તો ઓસિટ્સ્કીને ગોળીથી ઠાર મારવાની યોજના પણ થએલી. ઓસિટ્સ્કીના મિત્રોએ તેને જર્મની છોડી જવા ઘણુંઘણું સમજાવ્યો, પણ એણે ચોખ્ખો નકાર ભણ્યો. એણે જવાબ આપ્યો: 'યુદ્ધની બાબતમાં જનતાની અંદર અપ્રીતિ ફેલાવવી એ તો મારો જીવનહેતુ છે; એને હું કેમ કરીને છોડું ?'

એણે ભલે જર્મની ન છોડયું: નાઝી સરકારે તો એના પ્રચારકાર્યનું ખાત્મું કરવાનો દૃઢ નિશ્ચય કરી જ લીધો હતો.



૧૯૩૩ની સાલ આવી જર્મન પાર્લામેન્ટને (હજુ સુધી અજ્ઞાત રહેલા કોઇ કારણસર) આગ લાગી ને તેના આરોપ નીચે જે અનેક નિર્દોષોને પકડવામાં આવ્યા તેમાં સૌ પહેલી ધરપકડ કાર્લ ફૉન ઓસિટ્સ્કીની થઇ.

ત્યારથી તે આજ સુધી, જર્મનીના જૂના સરદારવંશમાં જન્મેલો, યુદ્ધનિષેધનો ધગધગતો એ પ્રચારક નાઝી કેદખાનાનો મહેમાન રહ્યો છે. હવે તો એના કેદી જીવને એના પર ક્ષયનો પંજો પસારેલો હોઇ, બર્લિનની વેસ્ટ એન્ડ હૉસ્પીટલમાં એ જિંદગીના છેલ્લા દિવસો ગણી રહ્યો છે.

આ ઓસિટ્સ્કીને આ સાલનો નોબેલ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો છે. જગતે પણ એને વધાવી લીધો છે, પણ નાઝી સરકારને એ નથી રુચ્યું. હિટલરે તો તાજેતરમાં જ ફરમાન બહાર પાડયું છે કે હવેથી કોઇ પણ જર્મને એ ઇનામ લઇ "પોતાની જાતને કલંકિત ન બનાવવી." ઓસિટ્સ્કી પર પણ એ ઇનામ લેવા માટે ખૂબ વીતી હતી એમ કહેવાય છે; પણ છાપાંના પ્રતિનિધિઓએ એની મુલાકાત લીધેલી ત્યારે એણે એટલું જ જણાવેલું કે, 'મારી અત્યારની સ્થિતિ તમે જાણતા હોઇ, એ વિષે કશું વધારે હું કહી શકતો નથી.' (લિટરરી ડાઇજેસ્ટ)

ક્રિકેટકીર્તિની ભસ્મ

* * * ઇંગ્લંડ અને ઑસ્ટ્રેલિયાની ટેસ્ટ મૅચમાં ઑસ્ટ્રેલિયાએ આ વખતે વિજેતા થઈ, વિજયચિહ્ન રૂપ મનાતા 'એશીઝ'નો કબજો મેળવ્યો છે. આજે એ 'એશીઝ'ને ક્રિકેટ આલમમાં સર્વોપરિતાની સિદ્ધિ ગણવામાં આવે છે, પણ એનો જન્મ ઇંગ્લંડના કલંકમાંથી થયો છે એ તમે જાણો છો ?

આજકાલ કરતાં છેલ્લાં ૫૫ વર્ષથી ક્રિકેટઆલમમાં અગ્રસ્થાન ભોગવતા બે દેશો ઇંગ્લંડને ઑસ્ટ્રેલીયા વચ્ચે ક્રિકેટનો મહાજંગ ખેલાય છે અને એ જંગમાં વિજેતા બનનાર પોતાના વિજય ચિહ્ન તરીકે 'એશીઝ'નો કબજો લે છે. આ વર્ષના રસાકસીભર્યા જંગને અંતે એ 'એશીઝ' ભસ્મનું ઉત્પાદક ઑસ્ટ્રેલિયા વિજેતા તરીકે જાહેર થયું છે અને ઇંગ્લંડને પરાજીત કર્યાની સ્મૃતિના ચિહ્ન તરીકે એ 'એશીઝ'નું માલિક બન્યું છે.

જે 'એશીઝ' પ્રતિવર્ષ સમગ્ર દુનિયાની દૃષ્ટિનું કેન્દ્ર બને છે એની ઉત્પત્તિનો ઇતિહાસ જોતાં, એના મૂળમાં ક્રિકેટની રમતમાં પોતાને સર્વોપરિ મનાવતા ઇંગ્લંડના નામોશીભર્યા પરાજયની કથા લખાએલી માલમ પડે છે; એટલે વસ્તુતઃ તો એ ઇંગ્લંડની કીર્તિની ભસ્મ જ છે.

સને ૧૮૮૨માં મર્ડોકની સરદારી નીચે ઑસ્ટ્રેલિયાથી આવેલી ટીમ અને ઇંગ્લંડના ચુનંદા ખેલાડીઓ વચ્ચે ઓવલના મેદાન ઉપર ઑગસ્ટ માસની ૨૮ અને ૨૯મી તારીખે એક ટેસ્ટ મેચ રમાઇ. તેમાં ઑસ્ટ્રેલિયનોનો પહેલો દાવ ફક્ત ૬૩ રનમાં ખતમ થઇ ગયો, જ્યારે ઇંગ્લંડ પહેલા દાવમાં ૧૦૧ રન કરી ગયું.

ઑસ્ટ્રેલિયાનો બીજા દાવનો જુમલો પણ ભારે કહી શકાય તેવો ન હતો અને તેનો પરાજય થશે એમ ચોક્કસ લાગતું હતું, કારણ કે બીજા દાવમાં તેના ફક્ત ૧૨૨ રન જ થયા હતા. પોતાને વિજેતા તરીકે જાહેર કરવા માટે ઇંગ્લંડને ૮૫ રનનો નજીવો જુમલો એકઠો કરવાનો હતો અને તેની સ્થિતિ સંગીન હતી. બે વિકેટને ભોગે તેણે ૫૫ રન કરી લીધા હતા અને બાકીના ૩૫ રન તો જોતજોતામાં થઇ જશે એમ લાગતું હતું.

પણ એકાએક બાજીનો રંગ બદલાઈ ગયો. ઑસ્ટ્રેલિયાના 'દાનવી' બૉલર સ્પોફોર્થે હાહાકાર વર્તાવી દીધો. તેણે ઇંગ્લંડની વિકેટો ઉપરાઉપરી ખેરવી નાખી અને વિજયની આશાથી ઉત્સાહી બનેલું ઇંગ્લંડ ફક્ત ૭૭ રન કરી શક્યું. સ્પોફોર્થે બંને દાવમાં સાત સાત વિકેટો ખેરવી ને ઑસ્ટ્રેલિયાને ઇંગ્લંડના મેદાનમાં પ્રથમ વિજય અપાવ્યો. ઇંગ્લંડની ક્રિકેટકીર્તિ ઉપર એ દિવસે શ્યામ આવરણ છવાયું અને એની યાદમાં લંડનના 'સ્પોર્ટીંગ ટાઇમ્સ' નામના અખબારે કાળા અક્ષરે મૃત્યુલેખ લખ્યો:

'૧૮૮૨ના ઑગસ્ટની ૨૯મી તારીખે ઓવલના મેદાન ઉપર ભસ્મીભૂત થએલી ઇંગ્લંડની ક્રિકેટકીર્તિની દર્દભરી સ્મૃતિમાં મિત્રવર્ગ અને સ્નેહીઓની ઊંડી હમદર્દી સાથે એના મૃત દેહનું દહન કરવામાં આવશે અને એની ભસ્મ ઑસ્ટ્રેલિયા લઇ જવામાં આવશે.'

આ રીતે ઇંગ્લંડની ક્રિકેટકીર્તિની કાલ્પનિક ભસ્મનું અસ્તિત્વ શરૂ થયું.

બીજે વર્ષે ઇંગ્લંડની ટીમ ઑસ્ટ્રેલિયા ગઇ અને ત્યાં બંને પક્ષે બબ્બે મેચો જીતી. પ્રવાસ દરમિયાન મેલ્બોર્નની સ્ત્રીઓએ ઇંગ્લીશ કૅપ્ટનને આ 'ભસ્મ' રાખવા માટે એક પાત્ર ભેટ આપ્યું. એ વાસણની ભેટ ધરનાર ફ્લોરેન્સ મર્ફી ઇંગ્લીશ કૅપ્ટનનાં પ્રેમમાં પડી અને તેને પરણી. આ છે 'ભસ્મ'ની કથા. (પ્રતાપ)

છ જ્યૉર્જો

રાણી ઍનના મૃત્યુ પછી જર્મન લોહીના હૅનોવેરિયન રાજાઓ ઇંગ્લંડની ગાદીએ આવ્યા. ઈ. ૧૭૦૧માં થએલા ઍક્ટ ઑવ સેટલમેન્ટથી જેમ્સ પહેલાની પુત્રી એલીઝાબેથની સૌથી નાની પુત્રી સોફિયાનો પુત્ર જ્યૉર્જ પહેલો ગાદીએ બેઠો.

વિલિયમ ત્રીજાના વખતમાં યુરોપખંડમાં તેણે ઘણાં યુદ્ધોમાં ભાગ લીધો હતો. પણ એના રાજ્યારોહણે અંગ્રેજ પ્રજામાં ભળતાં તેને અટકાવ્યો, કારણ તે અંગ્રેજી જાણતો ન હતો ને પ્રજા જર્મન જાણતી ન હતી. પ્રધાનો ને તેની વચ્ચેનો વ્યવહાર ક્લિષ્ટ લાટીનમાં જ ઘણોખરો ચાલતો.

આ કારણે રાજકારણમાં એક જબરો પલટો આણ્યો. તે

સમય સુધીમાં રાજા જાતે કૅબિનેટની સભામાં હાજરી આપતો, પણ એમાંનો એકે શબ્દ પોતે ન સમજી શકતાં આ જ્યૉર્જે એમાં ભાગ લેવો છોડી દીધો. તે દહાડાથી આજની ઘડી સુધી કો ઇ બ્રિટિશ સમ્રાટે એ સભાનું પ્રમુખપદ નથી લીધું.

પ્રજાને સારે નસીબે, રાજાની ગેરહાજરીમાં એ વખતે ૨૧ વર્ષ સુધી સત્તા ભોગવનાર સર રૉબર્ટ વૉલ્પોલ જેવી વ્યક્તિ પ્રજાને મળી હતી. ઇંગ્લંડના પ્રાઇમ મિનિસ્ટર(વડા પ્રધાન)નું બિરુદ મેળવનાર એ પહેલો જ રાજદ્વારી હતો.

જ્યૉર્જ પહેલો હિંમતવાન ને નિખાલસ હતો. જર્મનીની મુસાફરીએ જતાં પોતાની ગાડીમાં જ એ ઓચિંતો અવસાન પામ્યો.

તેના પછી ઈ. ૧૭૨૭માં જ્યૉર્જ બીજો ગાદીએ આવ્યો. એ અંગ્રેજી જાણતો હતો, પણ રાજકારણમાં તે ઝાઝું સમજતો નહોતો એટલે પ્રધાન વૉલ્પોલ અને પોતાની હોશિયાર પત્ની કૅરોલીન આન્સપૅકની સલાહ મુજબ જ તે વર્તતો.



ડાબી બાજુને મથાળેથી અનુક્રમે જ્યૉર્જ પહેલાથી તે જ્યૉર્જ છઠ્ઠા સુધી

એના રાજકાળમાં સ્ટૂઅર્ટોનો ઝંડો ફરી (અને છેલ્લી) વાર જ ઉંચકાયો. ડયૂક ઑવ કંબરલૅંડે જૅકોબાઇટ સૈન્ય કચડી નાખ્યું અને 'બૉની પ્રિન્સ ચાર્લી'એ પોતાના પૂર્વજોની રાજગાદીની આશા તદ્દન મૂકી દીધી.

એના જ રાજકાળમાં ફ્રેંચો પાસેથી કૅનૅડા ઝૂંટવાયું અને હિંદી સામ્રાજ્યનો પાયો નખાયો. ફ્રેંચો સાથે કિબેરોન જેવી મહાન લડાઇઓમાં વિજય મળ્યો. જ્યૉર્જ બીજો જાતે લશ્કર દોરતો. લશ્કરને દોરનાર ઇંગ્લંડનો એ છેલ્લો જ રાજા હતો. ડેટિંગ્ટન યુદ્ધમાં તેનો ઘોડો તેને પછાડીને નાઠો ત્યારે તે બોલ્યો: 'હવે મેં જાણ્યું કે હું નાસી નહિ જઇ શકું.'

તે પછીનો ત્રીજો જ્યૉર્જ, પ્રિન્સ ઑવ વેલ્સ ફ્રેડરિકનો સૌથી મોટો પુત્ર હતો ને હૅનોવેરિયન વંશનો ઇંગ્લંડમાં જન્મેલો એ પહેલો જ રાજા હતો. રાજાપણાની તેને ખૂબ ખુમારી હતી ને તેમાં ઘણી વખતે તે અવળચંડાઇથી વર્તતો. તેની માતા આગસ્તા તેને કહ્યા કરતી, 'Gorge be a King'.

પિટને પદભ્રષ્ટ કરી પહેલાં તો એ પ્રજામાં અણમાનીતો થયો, પણ પછી તેની સાદાઈ, ભોળાપણું ને પ્રજાહિતમાં તેણે લેવા માંડેલા રસથી તે પ્રજાપ્રિય બન્યો ને 'ખેડૂત જ્યૉર્જ'ના લાડકા નામથી પ્રજાએ તેને નવાજ્યો.

એના રાજાપણાના ખ્યાલમાં તેના માનીતા પ્રધાન નૉર્થે ઘણી સહાય કરી. કામ ગમે તેટલું હોય પણ તેથી તે મુદ્દલ ન કંટાળતો ને જવાબદારી ઉઠાવવામાં તેને એક જાતનો આનંદ આવતો. એના શાસનકાળમાં અમેરિકા સ્વતંત્ર થયું.

ઇ. ૧૮૨૦માં ગાદીએ આવેલા જ્યૉર્જ ચોથાએ નવ વર્ષથી રીજંટ તરીકે કામ કરેલું હોઇ રાજપદનાં બધાં કાર્યો એ બજાવતો. એ ખૂબ દેખાવડો હતો ને તેનાં હાસ્ય અને રીતભાતે પ્રજાનું દિલ જીત્યું હતું. તેના વખતમાં નેપોલિયનનો સૂર્ય અસ્તાચળે ગયો. તેના વખતમાં વિક્ટોરિયા જન્મી. એ ગવૈયો ને ભાષાશાસ્ત્રી પણ હતો. અને સંસ્કારી રીતભાતને કારણે તે યુરોપનો પહેલો સદ્ગૃહસ્થ ગણાતો. કલા અને સાહિત્યનો તે ખૂબ શોખીન. તેની આસપાસ કવિઓ, ચિત્રકારો ને ગવૈયા ઘેરાએલા જ રહેતા. પોતાના શોખ પ્રમાણે તેણે મહાન સ્થપતિ નૅશ પાસે લંડનના પ્રખ્યાત મહોલ્લા રીજંટ સ્ટ્રીટનું નિર્માણ કરાવ્યું. વેસ્ટ મિન્સ્ટરમાં રાજ્યારોહણ કરનાર એ છેલ્લો રાજા હતો. એના પછી વિલિયમ ચોથો ગાદીએ આવ્યો, પણ એ પોતાની પત્ની કૅરોલીનથી ઝગડેલો હતો એટલે એ વેસ્ટમિન્સ્ટર આવી તો યે તેને પાછી કાઢી હતી.

આ ચાર પછી પાંચમા જ્યૉર્જના ગાદીએ આવ્યા વચ્ચે તો ૮૦ વર્ષ વીતી ગયાં. જ્યૉર્જ પાંચમા એમના પિતા એડવર્ડ આઠમાના મરણ પછી ૧૯૧૦ના મે માસમાં ગાદીએ બેઠા. ગાદીએ તો એમના મોટા ભાઇ ડયૂક ઑવ ક્લૅરેન્સ આવવાના હતા, પણ એમના અકાળ અવસાનથી ગાદી એમને મળી. નૌકા કાફલામાં એમણે ખાસ શિક્ષણ મેળવ્યું હતું અને એમના પોતાના કહેવા પ્રમાણે તો એ કાફલામાં ગાળેલા સમય જેવો સુખી ગાળો એમણે જીવનમાં કદી નહોતો અનુભવ્યો.

પચીસ વર્ષના શાસનકાળમાં એ ખૂબ લોકપ્રિય થયા. પોતાની બધી શક્તિઓ રાજ્ય પાછળ ખર્ચવા તે તૈયાર હતા. આયર્લૅંડ અને ઉમરાવપદ વિષેની એમના કાળમાં ઊઠેલા કટો-

કટીઓમાં એમણે આપેલા તોડે બંધારણીય રાજા શું કરી શકે તેની પ્રતીતિ આપી. વાયરલેસથી પ્રજાને સંબોધનાર એ પહેલા રાજા હતા. તેમની પ્રજા તેમને મિત્ર અને સલાહકાર ગણતી.

અને હવે આઠમા એડવર્ડના રાજત્યાગથી છઠ્ઠા જ્યૉર્જ ગાદીએ આવ્યા છે. તે ડયૂક ઑવ યૉર્ક તરીકે ખૂબ પ્રજાપ્રિય હતા. ને કોઈ પરદેશી કરતાં પોતાની જ ભૂમિની પત્ની એલિઝાબેથ પસંદ કરીને વધુ પ્રજાપ્રિય થયા છે. એમણે યે નૌકાસૈન્યનું શિક્ષણ લીધું છે અને જગતના મહાયુદ્ધમાં પણ ભાગ લીધેલો. ઉપરાંત એ કેળવાએલા વિમાની ને બ્રિટિશ મહારાજ્યના જબરા સફરી છે. (સંકલિત)

હિંદમાં રેલવેનું પગરણ

હિંદુસ્તાનમાં રેલવે બાંધવાની પહેલ વહેલી દરખાસ્ત આર. એમ. સ્ટીવન્સન નામના ઇજનેરે ઇંગ્લંડની ઇસ્ટ ઇંડીઆ કંપનીને ઇ. સ ૧૮૪૪ માં કરી. પહેલવહેલી રેલવે લાઈન મુંબાઇથી થાણા સુધી ૨૦ માઇલના અંતરમાં નાખવામાં આવી. ઇ. સ. ૧૮૪૨ માં જી. આઇ. પી. રેલવે કંપનીને ઇસ્ટ ઇંડીઆ કંપનીએ મુંબાઇથી કલ્યાણ સુધીની રેલવે બાંધવાનો કૉન્ટ્રાકટ આપ્યો. વળી આવી જ રીતે કલકત્તાથી લગભગ મીરઝાપુર સુધીની સો માઇલની રેલવે બાંધવાનો કૉન્ટ્રાકટ પણ એ જ સાલમાં અપાયો. મુંબાઇનો કૉન્ટ્રાકટ ૫ લાખ પૌંડનો અને બંગાળાનો ૧૦ લાખ પૌંડનો હતો.

ઈ. સ. ૧૮૫૩ માં જ્યારે લૉર્ડ ડેલહાઉસી હિંદુસ્તાનનો વાઇસરૉય હતો ત્યારે અમુક કંપનીઓને રેલવે બાંધવાનો કૉન્ટ્રાકટ આપવાનું નક્કી થયું, અને ઉત્તર હિંદુસ્તાનમાં શાખા લાઇનો માટે હિંદુસ્તાન રેલવે કંપનીને ૧૮૬૨ માં કૉન્ટ્રાકટ આપવામાં આવ્યો. મદ્રાસમાં હિંદુસ્તાન ટ્રામવે કંપનીને પણ આવો કૉન્ટ્રાકટ આપવામાં આવ્યો હતો.

આવી રીતે ઇંગ્લંડમાં થતું હતું તેમ, ખાનગી કંપનીઓને રેલવેના કૉન્ટ્રાકટ આપવાનું ચાલુ રાખી હિંદમાં પણ અખતરા થવા માંડયા. પણ ૧૮૬૯માં ગવર્નમેંન્ટ ઑવ ઇન્ડીઆએ સરકારી માલિકીની રેલવેઓ બાંધવાનું નક્કી કર્યું, અને ૧૮૭૮ માં સ્ટેટ રેલવે ડીરેકટરની એક બોર્ડ સ્થપાઇ. આ રેલવે બોર્ડની શરૂઆત.

આવી રીતે બોર્ડ અને ખાનગી કંપનીઓના સહકારથી ધીમે ધીમે રેલવેએ ઘણી પ્રગતિ કરી. આવી રીતે સરકારી તથા ખાનગી રેલવે મળી ઈ. સ. ૧૯૧૨માં ૩૧,૯૬૮ માઇલની રેલવે લાઇન નખાઈ ગઇ.

વળી પાછું સરકારે સર વીલીઅમ એકવર્થ નામના એક નિષ્ણાત પુરુષના પ્રમુખપણા નીચે કમિટી સ્થાપી અને તે કમિટીના મંતવ્ય મુજબ એમ નક્કી કરવામાં આવ્યું કે એક જબર વ્યવહાર ખાતું (Department of Communications) સ્થાપવું, જે રેલવે, બંદર, વહાણવટું, તાર, ટપાલ વગેરે વ્યવહારોનું જવાબદાર રહે. આ કમિટીની ભલામણ હજુ સુધી પણ ધ્યાનપૂર્વક લક્ષમાં લેવાય છે અને સરકારને જેમ જેમ નાણાંની સગવડ આવતી જાય છે તેમ તેમ એક પછી એક ખાનગી કંપનીઓ પાસેથી તેમની કૉન્ટ્રાકટની મુદ્દત પૂરી થયે રેલવેઓ ખરીદી લે છે.

(શ્રીગોડ પ્રકાશ) કાન્તિલાલ વ. પંડયા.

જગતની જંગી ત્રાંબાની ખાણ કેમ શોધાઈ?

શોધખોળને માટે નીકળેલો કોલિયર નામનો એક મુસાફર ૧૯૦૫ની સાલમાં એક સાંજે તંબૂ ઊભો કરવાની તૈયારી કરતો હતો એવામાં એક હરણ તેણે જોયું અને ભૂખ લાગી હતી એટલે તેને ગોળીથી ઠાર કર્યું. હરણ મોતનાં તરફડિયાં મારતું હતું તેને લીધે ખૂબ ધૂળ ઊડી અને થોડી જમીન ખોદાઇ ગઇ. આથી હાલમાં રોઆન ઍન્ટીલપ માઇન નામે ઓળખાતો ત્રાંબાનો જથ્થો દુનિયાની દૃષ્ટિએ પહેલી વાર પડયો.

હરણનાં તરફડિયાંથી જે જમીન ખોદાઇ તે ત્રાંબાની ખાણનો એક છેડો છે અને બીજો છેડો ૧૦ માઇલ દૂર છે. ખાણની ઊંડાઇ ૩૦૦૦ ફૂટ છે.

ગણતરી કરતાં એમ જણાયું છે કે ઉત્તર રોડેશિયાની ત્રાંબાની આ માટી ૫૦ કરોડ ટન વજનની છે અને તેમાં સરેરાશ ૪ ટકા ત્રાંબુ હોઇને કુલ ત્રાંબુ બે કરોડ ટન જેટલું છે.

આજની દુનિયાનો ત્રાંબાનો કુલ જથ્થો પાંચ કરોડ વીસ લાખ ટન જેટલો છે, એટલે દુનિયાના ત્રાંબાનો બે પંચમાંશ ભાગ તો હરણના શિકારને જ આભારી છે! અમેરિકાની ખાણના માલિકો કહે છે કે મિ. કોલિયરે હરણને બદલે એકાદ સસલું માર્યું હોત તો કેવું સારું થાત! આજે તેમની સામે હરીફાઇ કરનાર તો કોઇ ન હોત! (અંગ્રેજી ઉપરથી)

વર્તમાનપત્ર પહેલું ક્યારે નીકળ્યું

આખી દુનિયામાં સૌ પહેલું દૈનિક વર્તમાનપત્ર બે હજાર વર્ષ પહેલાં રોમના પ્રજાસત્તાકમાંથી નીકળતું હતું, તેનું નામ 'રોજના ખબર' જેવું હતું. સરકારી હુકમો, મૃત્યુ તથા લગ્નની નોંધો, કરારો, ઈજારાની હકીકત વગેરે તેમાં છપાતાં. ઇ. પૂ. ૫૯ વર્ષ ઉપરની જુલિયસ સીઝરના અમલકાળની સેનેટનો વૃત્તાંત તેમાં છપાએલો મળ્યો છે.

અંકોડી

કલકત્તામાં ભરાએલા સ્વદેશી પ્રદર્શનમાં ઘોષ ઍન્ડ સન્સની દુકાન ધ્યાન ખેંચે તેવી હતી. Adora (પેટંટ કરાવેલું નામ) નામની એક સાડાત્રણ રૂપિયાની અંકોડી વેચાતી હતી. આ અંકોડીથી નાનું છોકરું પણ ઝપાટાબંધ ધારેલી ડીઝાઇન ગૂંથી શકે છે. સાદી અંકોડીથી જે કામ મહિને થઇ શકે તે કામ આ અંકોડીથી એક કલાકમાં થઇ શકે છે. પેન્સિલના જેવો જ તેનો આકાર હોય છે, અને તેમાંથી નીકળતી સોયમાં દોરો પરોવી દીધા પછી જેમ કાગળ પર પેન્સિલથી લખીએ છીએ તેમ આ અંકોડીથી કપડાં ઉપર

લખવાનું કે ચીતરવાનું હોય છે. લખવામાં જેટલી વાર લાગે છે તેટલી જ વારમાં ધારેલા શબ્દો કે ચિત્રો ગૂંથાઇ જાય છે. જે કોઇને આ અંકોડીનો અનુભવ લેવો હોય તેણે ઘોષ ઍન્ડ સન્સ, એમ્બ્રૉઇડરી સ્પેશ્યિાલિસ્ટ, ગિરજાપુર સ્ટ્રીટ, કલકત્તા એ સરનામે પત્રવ્યવહાર કરી એક અંકોડી ખરીદ કરી જોવી. દરેક ઘરમાં તે વસાવવાલાયક છે. (કિશોર)

દિલ્હીમાં ગુજરાતી ધર્મશાળા

* * * રાજકીય, સામાજિક, વ્યાપારિક અને ઐતિહાસિક દૃષ્ટિએ દિલ્હીની અગત્ય દિનપ્રતિદિન વધતી જ જાય છે; તેમજ હરદ્વાર, કલકત્તા, રંગૂન વગેરે સ્થળે જતા આવતા યાત્રીઓને પણ દિલ્હીમાં વિશ્રામસ્થાન કરવું પડે છે. એને અનુલક્ષીને ત્યાં વસતા ગુજરાતી ભાઇઓ 'શ્રી દિલ્હી ગુજરાતી સમાજ' (રજીસ્ટર્ડ) કેટલાંક વર્ષોથી ચલાવે છે. તથા એને અંગે ફ્રી શાળા, પુસ્તકાલય તથા અતિથિગૃહ પણ ચાલે છે. હવે દિલ્હીમાં ગુજરાતી ધર્મશાળા ઊભી કરવાની તેમને અભિલાષા છે ને તે માટે બૃહદ્ ગુજરાત સમક્ષ આ વિજ્ઞપ્તિ તેઓએ રજૂ કરી છે. તેમાં સહકાર આપવા ઇચ્છનારાઓએ, પ્રચારક સમિતિ શ્રી દિલ્હી ગુજરાતી સમાજ નાં. ૧૦ બાગદીવાર દિલ્હી—એ સરનામે સહાય મોકલવી. ગુજરાતનાં દાનવીરો એની ઉપેક્ષા ન કરે.

આ સમાજ દિલ્હીમાં આવનાર ગુર્જર યાત્રાળુઓ, વેપારીઓ, મુસાફરો, તેમજ અન્ય સજ્જનોને સંકુચિત સાધનવાળા અતિથિગૃહ દ્વારા દિલ્હીની જાણીતી ઠગબાજી, મુશ્કેલીઓ, તથા અનેક પ્રકારના પ્રપંચોમાંથી રક્ષણ કરી સેવાવૃત્તિથી સહાય કરવા પ્રવૃત્તિ કરી રહેલ છે.

દર વર્ષે ગુજરાતી સમાજના નાનકડા અતિથિગૃહનો લાભ લગભગ ત્રણ હજારથી વધુ મુસાફરો લે છે. તેઓની સંખ્યા ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જાય છે અને વધતા જતા જનસમુદાયના પ્રવાહને પહોંચી વળવાનું કાર્ય પૂરતી જગ્યાના અભાવે મુશ્કેલ થઇ પડ્યું છે તેથી અનેક ગુર્જર કુટુંબોને ઘણી વખત નિરાશ કરવાં પડે છે; જેથી તેઓને ફરજિયાત અત્રેની હૉટેલો યા બીજે સ્થળે આશ્રય લઈ અનેક પ્રકારની કનડગતો ને કડવા અનુભવો ભોગવવાના પ્રસંગો ઊભા થાય છે.

આ સમાજ દિલ્હીમાં આવનાર સર્વે ગુજરાતી અતિથિઓનું સ્વાગત કરી ભોગવવી પડતી હાડમારીઓમાંથી રક્ષણ કરી સેવા કરવાની મહત્ત્વાકાંક્ષા સેવે છે. દિલ્હીમાં આવતા પ્રતિષ્ઠિત ગૃહસ્થો, વેપારીઓ તથા દેશનેતાઓએ મજકુર સમાજની મુલાકાત લઇ પ્રસ્તુત કાર્યની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. એટલું જ નહિ, આ સેવાકાર્યની અનિવાર્ય આવશ્યકતા સ્વીકારી છે.

ઉપર દર્શાવેલી તમામ મુશ્કેલીઓ દૂર કરવાના હેતુથી શ્રી દિલ્હી ગુજરાતી સમાજે શાળા, પુસ્તકાલય અને અતિથિગૃહનો સમાવેશ થાય, એવું એક વિશાળ મકાન (ધર્મશાળા) બંધાવવા માટે 'ધર્મશાળા ફંડ' ખોલ્યું છે.

બૃહદ્ ગુજરાતના દાનવીરો, રાજવંશીઓ, વેપારીઓ, ધર્માદા ફંડોનાં ટ્રસ્ટી મંડળો, તેમજ અન્ય ઉદાર શ્રીમંતો, ધર્મશાળા ફંડમાં પોતાનું ઉદાર સૌજન્ય દર્શાવી ગુજરાત કાઠીઆવાડની કીર્તિવંત દાનશક્તિનો પરિચય કરાવશે, એવી શ્રી દિલ્હી ગુજરાતી સમાજ મહદ્ અભિલાષા સેવે છે.

ઘરગથુ ખૂનીઓ!

* * * ફક્ત રોગ ફેલાવનારાં જંતુઓથી જ માનવજાત માહિતગાર થઇ, તકેદારી કેળવે તો દુનિયાના અરધા રોગો નાબૂદ થઈ જાય. રોગના ફેલાવામાં તેમનો પગપેસારો અસહ્ય છે, છતાં સરેરાશ મનુષ્ય તો તે પ્રત્યે પૂરતી બેદરકારી કેળવે છે. એ જંતુઓ કેવા ખૂની હોય છે એ આ નીચેનો લેખ તમને કહેશે.

જંતુઓની સૃષ્ટિમાં વધુમાં વધુ ભયંકર તો આપણે સાધારણ ગણી કાઢેલી માખીની ઓલાદ છે. તમે કદાચ સાંભળીને નવાઇ પામશો, પણ ઇસ્પિતાલમાં માંદગીને ખાટલે પડેલામાંથી ઘણોખરો ભાગ આ માખીને આભારી હોય છે. ઢોરોમાં પણ રોગોનો ફેલાવ કરનાર ઘણે ભાગે માખીઓ અને કંઈક અંશે બગાઇઓ હોય છે.

ઉકરડેથી ઊડીને આવતી એક જ માખીનું સૂક્ષ્મદર્શક યંત્ર નીચે નિરીક્ષણ કરશો તો તેના શરીર પર આઠથી દસ ઝેરી રોગોના ઉત્પાદક કીટાણુઓ (બૅકટીરિયા) મળી આવશે. અને છતાંયે એ બિચારી (!) માખીને આપણે ઉદારદિલે આપણા ખોરાકપર, આપણાં ભુલકાંઓનાં મોં પર અને આપણા પર પણ બેસવા-ફરવાની છૂટ આપતા રહીએ છીએ.

એ માખીની વંશવૃદ્ધિથી પણ તમે કદાચ માહિતગાર નહિ હો. દરેક માખી દર વખતે ચોરાશી ઇંડાં મૂકે છે. એક જ મોસમમાં એક માખી અને તેની વંશાવળીએ મૂકેલાં ઈંડાની સંખ્યા ગણત લાખોની ઉપર થઇ જાય. પ્રભુની કેટલી મહેરબાની છે?!

ત્યારપછી બીજે નંબરે માંકણ આવે. તેની કનડગત તો કોઇથી અજાણી પણ નહિ હોય. એક વખત કોઈ ઘરમાં તેનો પગપેસારો થયો તો તેમાંથી મુક્તિ મેળવવાનો કોઈ ઈલાજ જ નથી. વિજ્ઞાન પણ તે હજુ નથી હટાવી શક્યું એમ માંચેસ્ટરના તબીબીખાતાના વડાનું કહેવું છે. માંકણનો દરેક ચટકો લોહીમાં કંઇને કંઇ ચેપ તો મૂકી જ દે છે.

ત્રીજે નંબર ચાંચડનો. ખરી રીતે તો એ માખીથી પણ ભયંકર છે, કારણ કે બ્યૂબૉનિક (ગાંઠીઆ) પ્લેગના જંતુઓ તે ખાસ ફેલાવે છે. એ માટે ઊંદરોને તો આપણે નાહકના બદનામ કરીએ છીએ. ખરૂં જોતાં તો તેમનાં શરીર પર ચોંટેલું આ ચાંચડોનું લશ્કર જ પ્લેગ માટે જવાબદાર છે.

માણસ જાતને મૃત્યુના મોંમાં ઝડપથી ધકકેલનાર તો

આવી નજીવી જીવાત જ છે. સ્લીપિંગ સિકનેસથી માંડી પ્લેગ સુધીનાં તરેહવાર રોગોથી શરીરને ગ્રસ્ત બનાવનાર એજ છે. પાશ્ચાત્ય દેશોમાં તો તે માટે ખાસ ઉપાયો લેવામાં આવે છે. કૅલિફૉર્નિયાનું તબીબીખાતું તો ઘરોઘરની જીવાતો બાબે ચાંપતી તપાસ રાખે છે. પણ આપણે ત્યાં ?

તોતાદરી

મદ્રાસ ઈલાકાના ત્રાવણકોર રાજ્યના રાજધાનીના શહેર ત્રિવેન્દ્રમથી તોતાદરી જવાય છે. આ તોતાદરી લગભગ ચાર પાંચ હજાર માણસની વસ્તીવાળુ નાનું શહેર છે. અહીં રામાનુજ સંપ્રદાયનું મુખ્ય મંદિર છે. રામાનુજાચાર્ય અહીંથી પ્રગટ થએલા અને પોતાનો સંપ્રદાય ચલાવેલો. એ સંપ્રદાયના તોતાદરી ભગવાનનું વિશાળ અને રમણીય મંદિર અહીં છે. આ ભગવાનની મૂર્તિને હમેશાં પુષ્કળ તેલથી સ્નાન કરાવવામાં આવે છે. અને ત્યાર પછી શુદ્ધ જળથી નવરાવી વસ્ત્ર અલંકાર ધારણ કરાવાય છે. આ તેલ અને પાણી મંદિરના ખાળમાંથી એક મોટી પરનાળ વાટે મંદિરથી લગભગ ત્રણસો ફૂટ દૂર આવેલા કુંડમાં પડે છે. આ કુંડ નાના કૂવા જેવો બાંધેલો છે. નીચે ગંધક અથવા રાળ જેવા દ્રવ્યો હોવાથી કુંડના તેલપાણી ખૂબ ગરમ રહે છે. પાણી ગરમીથી બળી જાય છે અને તેલ ખદખદતું કુંડમાં બાકી રહે છે. આ તેલ વાના દરદ ઉપર ઘણો સારો ફાયદો કરે છે; એટલું જ નહિ પણ ખસ, ગુમડાં વગેરે ચામડાના દર્દો પણ આ તેલથી મટે છે એમ ત્યાંના લોકોના કહેવાથી દરેક યાત્રાળુ તેની એકાદ શીશી સાથે ભરી લે છે. અહીંના લોકો લગભગ બધા હિંદુ છે અને મલાયલમ ભાષા બોલે છે. આપણને ભાષાની મુશ્કેલી અહીં ખૂબ નડે છે, તો પણ હિંદી ભાષાથી કામ સહેલાઈથી થઈ શકે છે. લોકોનો મુખ્ય ખોરાક ચોખા અને નાળિયેર છે. પ્રદેશ ખૂબ ફળદ્રુપ પણ છે. જ્યાં જુઓ ત્યાં નાળિયેરી તો હોય જ.—કેશવલાલ જટાશંકર મહેતા

કલકત્તાની ટ્રામ

કલકત્તાની ટ્રામમાં પહેલો અને બીજો વર્ગ હોય છે, તેમાં ખાસ તફાવત એટલો હોય કે આગલો ડબ્બો પહેલો વર્ગ કહેવાય છે અને પાછલો ડબ્બો બીજો વર્ગ કહેવાય છે. ઘણી ટ્રામમાં તો બંને ડબ્બા સરખા જ હોય છે પરંતુ નવી ટ્રામોમાં પહેલો વર્ગ ગાદીતકિયાવાળો અને બીજો વર્ગ સાદો હોય છે. રવિવારે અને તહેવારના દિવસોએ કલકત્તાની ટ્રામવે કંપની છ આનાની એક ટિકિટ વેચે છે જે ટિકિટ આખો દિવસ ચાલી શકે, પછી ભલે તમે હજાર વખત ટ્રામ બદલ્યા કરો. હું અને મારા એક મિત્ર કલાઇવ સ્ટ્રીટમાંથી સીધા ટિકિટનો લાભ લેવા ઊપડ્યા. છ આનાની આવી બે ટિકિટો ખરીદી લીધી અને ટ્રામ આવી તેમાં ચડી બેઠા. ટ્રામ તો કંઇ અજબ જ જગ્યાએ જઇને ઊભી રહી. અમે ખૂબ હસતા હતા, કારણ કે અમે તો છ આનાનો પૂરેપૂરો ઉપયોગ કરવા ધાર્યો હતો. (કિશોર)



મોઢેથી સીગાર પીને વાંસામાંથી ધુમાડો!

ઉપરના ચિત્રમાં બતાવેલ મિ. અર્લ. જે. હૅાલનો જન્મ સેંટ લુઇ (અમેરિકા)માં ઈ ૧૯૦૦ના ડિસેમ્બરની દસમીએ થયો છે. બે વખત ન્યુમોનિયા તથા એક વખત ઇન્ફલ્યુએન્ઝાને લઇ એની જમણી બાજુના ફેફસાની પાસે ગુમડું ઊપડી આવતાં ૭, ૮ અને ૯ નંબરની પાંસળીઓ કાઢી નાખવાની ફરજ પડી ને તેને અંગે વાંસામાં છિદ્ર પાડવું પડયું. બહુ જ ભયંકર શસ્ત્રક્રિયા સિવાય તો છિદ્ર પુરાય તેમ ન હોવાથી ખાસ ફરજ ન પડે તો તે છિદ્ર પુરાવવાની જરૂર ન હોવાનો મોટા મોટા સર્જનનો મત પડયો. અત્યારે તો તે છિદ્રથી તેને જરા પણ દુઃખ થતું નથી. મોઢું બંધ રાખી નાકેથી શ્વાસ લઇ તે છિદ્ર દ્વારા બહાર કાઢે છે એટલું જ નહિ, મોઢેથી સીગારેટ પીને તે છિદ્ર દ્વારા ધુમાડો યે બહાર કાઢે છે ! તેની ધારણા પ્રમાણે તે બીજા જેટલું જ જીવવાની આશા રાખે છે અને વાંસામાં છિદ્ર છે તે વાત ઘણીવાર ભૂલી જાય છે. આ છિદ્રના પ્રદર્શનને અંગે તે પૈસા પણ ઠીક કમાય છે. —છોટાલાલ માનસિંગ કામદાર

સકર પીલાવે જૂઠકી, ઐસે મિત્ર હજાર;
ઝેર પીલાવે સાચકા, સો વીરલા સંસાર.

અંગુઠાની છાપ

રસીદ ઉપર સહીની જગ્યાએ અભણ માણસ પાસેથી તેના અંગુઠાની છાપ લેવાનો કાયદો કયારથી શરૂ થયો તે તમે જાણો છો? સને ૧૮૫૯માં બંગાળાના એક અમલદાર સર વિલિયમ હર્શલે સહી ન કરી શકે તેવા માણસ પાસેથી અંગુઠાની નિશાની લેવાનું શરૂ કર્યું. પછી સને ૧૮૭૭માં હુગલીની અદાલતોમાં સરકાર તરફથી સહીની જગ્યાએ અંગુઠાની છાપને પ્રમાણભૂત જાહેર કરવામાં આવી. જે લોકો અદાલતમાં જૂઠું નામ લખાવી જતા હતા એ લોકોને સજા કરવા માટે તેઓની પાસેથી પણ આ અંગુઠાની નિશાની લેવાનું શરૂ થયું હતું બંગાળના પોલીસ ઇન્સ્પેક્ટર જનરલ સર એડવર્ડ હેન્રીએ પાછળથી અંગુઠાની છાપ લેવાનો આ નિયમ લંડનમાં શરૂ કરાવ્યો અને હવે તો તે દુનિયાભરમાં શરૂ થઇ ગયો છે.

સહેજ ઉઝરડો

'આ તો સહેજ ઉઝરડો પડ્યો છે' કહી, તમે તમારા શરીર પર થએલા કોઇ જખમને ઘણી વખત અવગણી કાઢતા હશો. પણ અનેક વખત એ સહેજ ઉઝરડો પણ જીવલેણ નીવડે છે એ તમે જાણો છો?

ઉઝરડા, કાપ કે જખમ પર થતો જંતુઓનો જમાવ તમે કોઇ રીતે ઓછો કરી શકો નહિ. એ જંતુઓ વહેલામાં વહેલી તકે લોહીમાં ભરાય છે ને ઘણી વખત જખમ પર આવતો સોજો અંગને જ આભારી હોય છે. ઓપરેશનો કરતાં દાક્તરોની આંગળીએ પડેલો સહેજ કાપ દર્દીના જંતુઓનું મુકામ બની તેમનો જીવ લે છે તેના તો અનેક દાખલા મળે છે.

વધુમાં વધુ તમારે ચેતતા રહેવાનું હોય તો તે કાટ ખાધેલા લોખંડના ઉઝરડા કે જખમથી. એ જખમનો એવો સ્વભાવ હોય છે કે ઉપરથી રૂઝ વળતો દેખાય છતાં અંદર સડો વધતો જ હોય છે. એની બેદરકારીથી કેટલાયને પોતાનાં આખાં અંગો પાછળથી જતાં કરવાં પડ્યાં છે.

કોણી કે ઘુંટણ પરના નાનાસરખા યે ઉઝરડા તરફ તમે બેદરકાર ન રહેતા. ડાકિન્સ સોલ્યુશન ન મળે તો ટિંક્ચર ઑવ આયોડાઇન તો હરકોઇ ઘા પર, એ થતાં વેંત જ લગાડવાનું ન ભૂલતા.

દૂધમાંથી ટેલીફોન

આ વીસમી સદીની નવીન શોધોમાં દૂધ કેટલું અગત્યનું સ્થાન ભોગવે છે તેનો ખ્યાલ બહુ જ થોડા માણસોને હશે.

દૂધ વગર ટેલીફોન અને ફાઉન્ટન પેન કદાચ જન્મ્યાં જ ન હોત. વીજળીની ચાંપોમાં પણ એ જ વસ્તુનો ઉપયોગ છે અને આવા સહીસલામત પદાર્થની ચાંપો વગર વીજળીએ આપણા જીવનમાં ભયંકર ત્રાસ ફેલાવ્યો હોત.

આ બધી વસ્તુઓ બેકેલાઈટ નામના પદાર્થમાંથી બને છે. દૂધ અને ફૉર્મેલ્ડીહાઇડના મિશ્રણમાંથી બેકેલાઈટ થાય છે. આ ન બળી શકે તેવો અને જેમાંથી વીજળી પસાર ન થઇ શકે તેવો પદાર્થ દૂધ અને સૂકાઇ ગએલી કીડીઓના મિશ્રણથી તદ્દન નજીવી કીમતમાં થાય છે. (કીડીઓમાંથી ફૉર્મેલ્ડીહાઇડ મળી રહે છે.)

નવી કેડીઓ

આ છૂટાં સૂચનો, વિચારો, વાક્યો અચાનક
કોઈ ખૂણે પ્રકાશ અને સામર્થ્ય અવશ્ય પૂરશે.


વર્તમાનપત્રોમાં આવતા લેખો, ચર્ચાઓ વગેરે વિવિધ સાહિત્યમાંથી કાપલીઓ કાપી જુદાજુદા ગ્રાહકોએ માગેલા વિષયો પરની કાપલીઓ તે તે ગ્રાહકોને પૂરી પાડવાનો ધંધો યુરોપ અમેરિકામાં સારો ચાલે છે. હિંદમાં પણ હવે એ જાતનો ધંધો ચાલુ કરવાનો સમય પાકી ગયો છે.

ગ્રામોફોનની રદ્દ થએલી પ્લેટોનો કોઇ વ્યવહારૂ ઉપયોગ શોધી શકે તો ઠીક લાભ ઉઠાવી શકે.

હિંદુ દૃષ્ટિએ ગંગાના પાણીનું એટલું બધું મહત્ત્વ છે કે હરદ્વાર જેવા તીર્થક્ષેત્રમાંથી કોઇ એ પાણીના ડબા ભરી મોકલવાનું માથે લે તો તેને કીમત આપનારા મળી રહે. ધર્મની દૃષ્ટિ બાદ કરતાં પણ એ પાણીમાં વર્ષો સુધી જીવાત નથી પડતી એ એક બાબત તંદુરસ્તીની દૃષ્ટિએ તેની કીમત વધારી દે છે. અને એ દૃષ્ટિએ તેનો ઉપયોગ કરનારા પણ ઘણા મળી આવશે.

નવી તરકીબો અને નુસખા

તમે આમાંનું બધું ભલે કરો નહિ, પણ સમજણમાં
તો ઉતારજો જ. એ જ્ઞાન કોઇકવાર કામ લાગશે.



મોટરલૉરીમાં માલ ચડાવવા ને ઉતારવા પૂરતાં માણસોની ગદ્દદ ન હોય ત્યારે મુશ્કેલ પડે છે. ઘણી ભાંગફોડો, જાનમાલની નુકસાની અને ઢીલ તેથી ખમવી પડે છે. મ્યૂનિચની સ્ટેટ રેલ્વે સેન્ટ્રલ ઑફિસના સર્વેયર હેર પુલ્કામે એક જ માણસના કાબૂથી ચાલી શકે એવી ક્રેન શોધી છે. લૉરીના છેડા પર આવેલા એક હેન્ડલથી દાંતાળું ચક્કર ફેરવતાં છેડા પરની ક્રેન નીચે દાગીનો ઉંચકવા બહાર વળે છે અને તેને ઉઠાવીને અંદર ગોઠવવાની જગ્યા સુધી ગુલાંટ લઇ શકે છે. આ બનાવટ ગમે તે લૉરીમાં લાગુ કરી શકાય એવી છે. હિંદુસ્તાનના કારીગરો આ ઉપર વિચાર કરી કાંઇ કરે.

❁ બીતી તાહિ બિસાર દે, આગેકી સુધ લે ❁

શિક્ષકે ઘેરથી હિસાબ ગણવા આપેલા તેમાંથી એકનો જવાબ ન આવડવાથી વિદ્યાર્થી ગોપાળકૃષ્ણ ગોખલેએ તે બીજા વિદ્યાર્થીની મદદથી તૈયાર કર્યો. બધા જવાબ સાચા પડ્યા એટલે શિક્ષકે ઇનામ આપવા માંડ્યું, પણ એ ન લેતાં ગોખલે તો રડવા લાગ્યા. કારણ પૂછતાં તેમણે સાચી વાત જણાવી દેતાં કહ્યું, 'હું ઇનામ મેળવવાને નહિ, પણ સજાને પાત્ર છું.' એ સત્યનિષ્ઠાથી શિક્ષક ઊલટા વધુ ખુશ થયા ને એમના હાથમાં ઈનામ મૂકી બોલ્યા, 'હવે આ ઇનામ હું તારી સચ્ચાઇ માટે આપું છું.'

ગણિત ગમ્મત

૧૫૯મા અંકમાં આપેલી ગણિત ગમ્મત પ્રમાણે ૧થી અમુક 'એક્ક' અંક સુધીના સળંગ આંકડાઓનો સરવાળો કરવો હોય તો નીચે પ્રમાણે કરવું પડે છે: દા. ત. ૧થી ૧૧ સુધીના સરવાળા માટે

$$૧૧ \times \frac{૧૧}{૨} + \frac{૧૧}{૨}$$
$$=૬૦\tfrac{૧}{૨} + ૫\tfrac{૧}{૨}$$
$$=૬૬.$$

પણ એમાં અપૂર્ણાંક આવી જાય છે તે દૂર રાખવું હોય તો નીચે પ્રમાણે થઇ શકે: ૧થી૧૧ સુધીના સરવાળા માટે


$$૧૧ \times \frac{૧૦}{૨} + ૧૧$$
$$=૫૫ + ૧૧$$
$$=૬૬.$$

અથવા ૧થી ૧૦૧ સુધીના સરવાળા માટે

$$૧૦૧ \times \frac{૧૦૦}{૨} + ૧૦૧$$
$$=૧૦૧ \times ૫૦ + ૧૦૧$$
$$=૫૦૫૦ + ૧૦૧$$
$$=૫૧૫૧.$$

—અં. રૂ. નાયક

અનેકાર્થી શબ્દ: **ઓર**=અવર, અન્ય, બીજું; નિરાળું કે જુદું; અસાધારણ કે વિચિત્ર; પાણીનું હડી જવું તે, ઓટ; ચડસાચડસી; ગર્ભના રક્ષણ માટે તેના ઉપર રહેતી પાતળી ચામડીની કોથળી; ઘાસ, પરાળ ઇત્યાદિમાં કેરીને પાકવા નાખવી તે.



ઢાલ સિવાય કાચબાના શરીરનાં અંગો બહુ સુંવાળાં હોય છે, એટલે એને એ કુદરતી બક્ષિસ જ મળી છે કે એ ધારે ત્યારે પોતાનાં અંગો ઢાલ નીચે સંતાડી દે.

આયુધનો અર્થ આપણે 'શસ્ત્ર' કરીએ છીએ. પણ ખરી રીતે તો એ નીચે લખેલાં છત્રીસ જાતનાં અસ્ત્ર-શસ્ત્રોનું સમૂહવાચક નામ છે: ચક્ર, ત્રિશૂળ, ધનુષ, વજ્ર, બાણ, કૈવાણ, તુફંગ (બંદૂક), કોક, ફરસી, કટાર, છરો, સેલ (બરછી). ખેટક (ઢાલ), તરવાર, ગદા, સાંગ, તોમર, પાશ, ભુશંડી, બાંટ, ખંજર, જંબૂર, લઠ્ઠ, જંત્ર, અંકુશ, ભાલો, હળ, મૂશળ, ખર્ગ, બરબઠ, જંજાલ, જરહ, ગુપ્તી ગુરંજ, પટા અને પિસ્તોલ.

જામનગર તાબાના ધુતારપુર ગામમાં ૧૨૦ વર્ષની વયનાં ગંગા રોશી છે, જેમની પાંચ પેઢી જીવે છે. તેમને બત્રીસે દાંત નવા ફૂટ્યા છે અને ચણા ચાવી શકે છે.

બાળવાના કોલસા રાખવા માટે હવા ઉજાસવાળું અને ભેજ વગરનું ઠેકાણું ખાસ પસંદ કરજો, કારણ હવાની ગેરહાજરીમાં એમાંનો ગૅસ નીકળતો જતો હોઇ, તે ઓછા તાપે જલદી બળી જાય છે ને પરિણામે ખર્ચાળ નીવડે છે.

ઊંદરોને ચૂનાની વાસ નથી ગમતી. નસાડવા હોય તો અજમાવી જોજો.

સૌ પહેલી મોટર કુગનૉત નામના એક ફ્રેન્ચે ઈ. ૧૭૭૦માં શોધેલી જેની ઝડપ કલાકના સવા બે માઈલની હતી ને તેને ત્રણ પૈડાં હતાં!

૧૮૮૧ની સાલમાં ગોઆની સરકારે એવો કાયદો કાઢ્યો હતો કે સરકારી દફતરમાં પોતાનું નામ નોંધાવી આવનાર ગરીબને દર મહિને એક રતલ મીઠું મફત આપવું.

પાણી જો અશુદ્ધ હોવાની શંકા જાય તો થોડું નાઇટ્રેટ ઑવ સિલ્વર એમાં નાખી જોવું. અશુદ્ધ હશે તો એ દૂધિયું બની જશે.

સીગારેટની ડબી, ફોટોગ્રાફિકસામાન વગેરેમાંથી નીકળતો સિલ્વર પેપર આપણે ફેંકી દઇએ છીએ. પણ રંગકામ કરતાં કરતાં થોડો વખત અટકાવી દેવાનું આવે તો બ્રશને એ સિલ્વર પેપરમાં લપેટી મૂકવાથી તે સુકાઇ નહિ જાય. બેત્રણ દિવસ સુધી પણ રહી શકશે



અમારા ત્રણને માટે ગાડીમાં જગ્યા થશે કે?